અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૯ જુલાઈ ૨૦૨૪, શુક્રવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, અષાઢ સુદ ૧૩ | અંક : ૩૪૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**ટ્રેન દુર્ઘટનામાં ચારના મોત** | આ ઘટનામાં અનેક લોકો ઈજાગ્રસ્ત થયા : મોટાભાગના મુસાફરો કોચમાંથી બહાર આવી ગયા

# ઉત્તર પ્રદેશમાં ટ્રેન દુર્ઘટના, દિબ્રૂગઢ એક્સપ્રેસના ૧૦-૧૨ કોચ ખડી પડ્યાં

| (એજન્સી) ગોંડા, તા.૧૮ |

ઉત્તર પ્રદેશના ગોંડામાં ગુરુવારે એક ટ્રેન પાટા પરથી ખડી પડી છે. ચંદીગઢથી દિબ્રુગઢ જઈ રહેલી દિબ્રુગઢ એક્સપ્રેસના ૧૦થી ૧૨ કોચ પાટા પરથી ઉતરી પડ્યા હતા, જેમાં ચાર લોકોના મોત થયાના અહેવાલ છે. આ ઘટનામાં અનેક લોકો ઈજાગ્રસ્ત પણ થયા છે. દિબ્રુગઢ એક્સપ્રેસના એસી કોચની હાલત ખરાબ છે. ગોંડા નજીક ઝિલાહી રેલવે સ્ટેશન પાસે દિબ્રુગઢ એક્સપ્રેસ પાટા પરથી ઉતરી ગઈ હતી. ટ્રેન પાટા પરથી ઉતરી જતાં મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો. લોકો ભયથી બૂમો પાડવા લાગ્યા હતાં. ટ્રેન ઉભી રહેતાં જ મુસાફરો બહાર આવી ગયા હતા. રેલવે વિભાગે ઘટનાના કારણની તપાસ શરૂ કરી છે. એસડીઆરએફની ૩ ટીમ બચાવ કામગીરી માટે ઘટના સ્થળે



પહોંચી બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી. ચાર લોકો ઘાયલ થવા હોવાના અહેવાલ મળ્યા છે. દિબ્રુગઢ એક્સપ્રેસ ટ્રેન માટે હેલ્પલાઈન નંબર LJN-8957409292 અને GD- 8957400965 જારી કરવામાં આવ્યો છે. મોટાભાગના મુસાફરો કોચમાંથી બહાર આવી ગયા છે. પરંતુ હજી તમામ કોચમાં તપાસ થઈ રહી છે. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ ટ્રેન દુર્ઘટનાની નોંધ લેતાં અધિકારીઓને તુરંત ઘટનાસ્થળે પહોંચી ઝડપથી બચાવ કામગીરી શરૂ કરવા નિર્દેશ કર્યો હતો મુખ્યમંત્રીના નિર્દેશ પર ઘટનાસ્થળના આસપાસના વિસ્તારોમાં સ્થિત હોસ્પિટલો, સીએચસી, પીએચસીને એલર્ટ મોડ પર રાખવામાં આવ્યા છે. ઘટના સ્થળે ૧૫ એમ્બ્યુલન્સ તૈનાત કરવામાં આવી હતી. આ દુર્ઘટનાના કારણે કુલ ૧૩ ટ્રેન ડાયવર્ટ કરવામાં આવી છે. ચાર લોકોના મોત નીપજ્યા હોવાની ખાતરી રેલવે વિભાગ દ્વારા આપવામાં આવી છે. ૨૦ લોકો ઘાયલ થયા હોવાની શક્યતા છે. ચંદીગઢથી દિબ્રુગઢ સુધી ચાલતી ૧૫૯૦૪-દિબ્રુગઢ એક્સપ્રેસ ગુરુવારે ૧૧:૩૯ કલાકે ચંદીગઢથી નીકળી હતી. ગુરુવાર બપોરે, જ્યારે ટ્રેન ગોંડા અને બસ્તીની વચ્ચે ઝિલાહી સ્ટેશન પર પહોંચી ત્યારે અચાનક જોરદાર ધડાકો સંભળાયો હતો. જેનાથી મુસાફરો ચિંતિત થયા હતા. ત્યાં અચાનક ટ્રેન હાલકડોલક થવા લાગી હતી. બાદમાં ટ્રેન પાટા પરથી ઉતરી જતાં મુસાફરોમાં ભયનો માહોલ ફેલાયો હતો. ઝિલાહી સ્ટેશન પાસે અકસ્માત અંગે રેલવે વિભાગને જાણ કરવામાં આવી હતી. પાટા પરથી ઉતર્યા બાદ ટ્રેન પલટી ખાઈ ગઈ હતી. આ દરમિયાન એસી કોચ સંપૂર્ણ પણે ક્ષતિગ્રસ્ત થયો છે. ઘટનાની જાણ તુરંત જ રેલવે પ્રશાસનને કરવામાં આવી હતી. રેલવે વિભાગ દ્વારા રાહત અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ પશ્ચિમ બંગાળના ન્યૂ જલપાઈગુડીમાં એક ટ્રેન અકસ્માતમાં ૧૦થી વધુ લોકોના મોત અને ૫૦થી વધુ ઈજાગ્રસ્ત થયા હતા. ત્યારબાદ ૧૭ જુનના રોજ એક ગુડ્સ ટ્રેને સિયાલદાહ જઈ રહેલી કંચનગંગા એક્સપ્રેસ ટ્રેનને પાછળથી ટક્કર મારી હતી.

## ન્યૂઝ બ્રિફ

### તમામ વિદ્યાર્થીઓના પરિણામ વેબસાઈટ પર અપલોડ કરો

| નવી દિલ્હી, તા.૧૮ |

સુપ્રીમ કોર્ટમાં આજે (૧૮ જુલાઈ) NEET-UG 2024ની પરીક્ષામાં પેપર લીક અને ગેરરિતિ આક્ષેપ કરતી અરજીઓની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં કોર્ટે NTAને NEET-UGના તમામ વિદ્યાર્થીઓના કેન્દ્ર અને શહેર મુજબના પરિણામો ઓનલાઈન અપલોડ કરવા કહ્યું છે. આ ઉપરાંત કોર્ટે કાઉન્સેલિંગ પર પ્રતિબંધ મૂકવાનો પણ ઈનકાર કરી દીધો છે. હવે સુપ્રીમ કોર્ટમાં આગામી સુનાવણી ૨૨મી જુલાઈએ થશે. સુપ્રીમ કોર્ટે NTAને નિર્દેશ આપ્યો છે કે NEET-UGના તમામ વિદ્યાર્થીઓના પરિણામો શહેર અને કેન્દ્ર મુજબ શનિવારે બપોરે ૧૨ વાગ્યા સુધીમાં ઓનલાઇન અપલોડ કરવામાં આવે. કોર્ટે સોમવાર સુધી કાઉન્સેલિંગ પર સ્ટે આપવાનો ઈનકાર કરી દીધો છે. એસજીએ કહ્યું હતું કે 'કાઉન્સેલિંગમાં થોડો સમય લાગશે. તે ૨૪ જુલાઈની આસપાસ શરૂ થશે. CJIએ કહ્યું, 'અમે સોમવારે જ સુનાવણી કરીશું.' NEET-UG પરીક્ષા રદ થશે કે નહીં? આજે સુપ્રીમ કોર્ટમાં લાંબી ચર્ચા બાદ પણ ૨૩ લાખ મેડિકલ વિદ્યાર્થીઓ આ સવાલના જવાબની રાહ જોઈ રહ્યા છે. સુનાવણી દરમિયાન અરજદારોની ન્યૂનતમ સંખ્યા, IIT મદ્રાસનો રિપોર્ટ, પેપરમાં ક્યારે અને કેવી રીતે ગેરરિતિ થઈ, કેટલા સોલ્વર્સ પકડાયા, ફરીથી તપાસની માંગ અને પેપરમાં થયેલી ગેરરિતિઓની સંપૂર્ણ સમયરેખા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

# છત્તીસગઢના બીજાપુરના જંગલમાં નક્સલવાદીઓનો IED બ્લાસ્ટ

**સીઆરપીએફ, કોબ્રા, સીએએફ, ડીઆરજી અને એસટીએફના જવાનો નક્સલ વિરોધી ઓપરેશનમાં હતા, તે દરમિયાન વિસ્ફોટ થયો હતો**

| (એજન્સી) છત્તીસગઢ, તા.૧૮ |

ઘાયલ જવાનોમાં પુરષોત્તમ નાગ, કોમલ યાદવ, સિયારામ સોરી અને સંજય કુમાર છે. સીઆરપીએફ, કોબ્રા, સીએએફ, ડીઆરજી અને એસટીએફના જવાનો નક્સલ વિરોધી ઓપરેશનમાં હતા, તે દરમિયાન વિસ્ફોટ થયો હતો. છત્તીસગઢના બીજાપુરમાં ગઈકાલે રાત્રે નક્સલવાદીઓએ તારેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મંડીમર્કાના જંગલોમાં આઈઈડી બ્લાસ્ટ કર્યો હતો. તેની અસરને કારણે ૨ જવાન શહીદ થયા છે, આ સાથે ૪ જવાનો પણ ઘાયલ થયા છે. ઘાયલ જવાનોની જિલ્લા હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. સારી સારવાર માટે હેલિકોપ્ટર મારફતે



રાયપુર રિફર કરવાની તૈયારી ચાલી રહી છે. મળતી માહિતી મુજબ ઓપરેશનમાંથી પરત ફરતી વખતે પાઈપ બોમ્બ બ્લાસ્ટ થયો હતો. આ વિસ્ફોટમાં STFના હેડ કોન્સ્ટેબલ ભરત લાલ સાહુ અને કોન્સ્ટેબલ સતેર સિંહ શહીદ થયા હતા.ઘાયલ જવાનોમાં પુરુષોત્તમ નાગ, કોમલ યાદવ, સિયારામ સોરી અને સંજય કુમાર છે. સીઆરપીએફ, કોબ્રા, સીએએફ, ડીઆરજી અને એસટીએફના જવાનો નક્સલ વિરોધી ઓપરેશનમાં હતા, તે દરમિયાન વિસ્ફોટ થયો હતો.૧૬ જુલાઈ, ૨૦૨૪ના રોજ, બીજાપુર, દંતેવાડા અને સુકમા વચ્ચેના સરહદી વિસ્તારમાં દરભા ડિવિઝન, પશ્ચિમ બસ્તર ડિવિઝન અને સૈન્ય કંપની નંબર ૨માંથી માઓવાદીઓની હાજરીની માહિતી મળ્યા બાદ, STF, DRG, CoBRA અને CRPFની ટીમો નીકળી હતી. સંયુક્ત ઓપરેશન પર.૧૭ જુલાઈ, ૨૦૨૪ ના રોજ, સર્ચ ઓપરેશન પછી સુરક્ષા દળોની પીછેહઠ દરમિયાન, બીજાપુરના તારેમ વિસ્તારમાં માઓવાદીઓ દ્વારા એક IED બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો.

**NCP શરદ જૂથનો મોટો દાવો**

# 'ભારતીય જનતા પાટીએ અજિત પવારને મહાગઠબંધન છોડવા કહ્યું'

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ |

એક તરફ RSS સાથે સંકળાયેલા મરાઠી સાપ્તાહિકમાં NCP (અજિત જૂથ) પર ઉગ્ર નિશાન સાધવામાં આવ્યું હતું, ત્યારે હવે NCP (શરદચંદ્ર પવાર)એ પણ આ અંગે નિવેદન આપ્યું છે. NCP (શરદ જૂથ) એ દાવો કર્યો છે કે ભારતીય જનતા પાર્ટી (BJP) અજિત પવાર જૂથને મહાગઠબંધન છોડવા માટે કહી રહી છે. NCP (શરદ પવાર) એ RSSના મરાઠી સાપ્તાહિકમાં પ્રકાશિત થયેલા અહેવાલને ટાંકીને કહ્યું, 'ભાજપ ઉપમુખ્યમંત્રી અજિત પવારની આગેવાની હેઠળની NCPને મહારાષ્ટ્રમાં સત્તારૂઢ 'મહાયુતિ' ગઠબંધન છોડવાનો સંદેશ આપી રહી છે.' રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે NCP સાથે બીજેપીના ગઠબંધનના કારણે જ ભગવા પાર્ટીને લોકસભા ચૂંટણીમાં ખરાબ પ્રદર્શનનો સામનો કરવો પડ્યો છે. શરદ જૂથના પ્રવક્તા ક્લાઈડ ક્રેસ્ટોએ કહ્યું કે, 'લોકસભા ચૂંટણીમાં હાર બાદ ભાજપ મહારાષ્ટ્રમાં આગામી વિધાનસભા ચૂંટણી જીતવાનો પ્રયાસ કરી રહી છે. પાર્ટીને સમજાયું છે કે અજિત પવારના નેતૃત્વવાળી



પાર્ટી સાથે ગઠબંધન તેની સંભાવનાઓને નુકસાન પહોંચાડશે. વાસ્તવિકતા એ છે કે મહારાષ્ટ્રના લોકોએ NCP (શરદ પવાર)ની તરફેણમાં મોટા પાયે મતદાન કર્યું છે. ભાજપ પણ આ સમગ્ર મામલે સાવધાનીથી કામ કરી રહ્યું છે, કારણ કે તે ચૂંટણી જીતવા માંગે છે.શરદ જૂથના પ્રવક્તાએ કહ્યું, 'ભાજપ નાયબ મુખ્યમંત્રી અજિત પવારની આગેવાની હેઠળની એનસીપીથી પોતાને દૂર કરવાનો પ્રયાસ કરી રહી છે. કદાચ એક યા બીજી રીતે તેમને (મહાયુતિ) છોડવાનું કહેવામાં આવી રહ્યું છે.

# સેન્સેક્સ પ્રથમ વખત ૮૧૦૦૦ને પાર બંધ થયો

**આજના કારોબારમાં સૌથી વધુ ઉછાળો આઈટી શેરોમાં નિફ્ટીનો આઈટી ઈન્ડેક્સ ૨.૨૨ ટકા વધારા સાથે બંધ**

| (એજન્સી) મુંબઈ, તા.૧૮ |

સવારના વેપારમાં ઉતાર ચઢાવ જોયા પછી આજનું ટ્રેડિંગ સત્ર ભારતીય શેરબજાર માટે ઐતિહાસિક રહ્યું છે. સેન્સેક્સ અને નિફ્ટી ઓલટાઈમ હાઈ પર બંધ થયા છે. સેન્સેક્સ પ્રથમ વખત ૮૧,૦૦૦ના સ્તરને પાર કરવામાં સફળ રહ્યો છે. જ્યારે નિફ્ટીએ પ્રથમ વખત ૨૪,૮૦૦પોઈન્ટને પાર કરવામાં સફળતા મેળવી છે. આઈટી અને એફએમસીજી શેરોમાં ખરીદીને કારણે બજારમાં આ મજબૂત વધારો જોવા મળ્યો છે. આજના કારોબારના અંતે BSE સેન્સેક્સ ૬૨૭ પોઈન્ટના ઉછાળા સાથે ૮૧,૩૪૩ અને



નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૧૮૭ પોઈન્ટના ઉછાળા સાથે ૨૪,૮૦૦ પર બંધ રહ્યો હતો. આજના વેપારમાં સૌથી વધુ ફાયદો TCSમાં થયો હતો જે ૩.૩૩ ટકા સાથે બંધ રહ્યો હતો. આ સિવાય બજાજ ફિનસર્વ ૨.૫૭ ટકા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૨.૩૨ ટકા, ઈન્ફોસિસ ૧.૯૩ ટકા, એચયુએલ ૧.૭૪ ટકા, ટેક મહિન્દ્રા ૧.૬૦ ટકાના વધારા સાથે બંધ થયા છે. ઘટનારાઓમાં એશિયન પેઈન્ટ્સ ૧.૪૮ ટકા, JSW સ્ટીલ ૦.૮૯ ટકા, NTPC ૦.૭૧ ટકા, અદાણી પોર્ટ્સ ૦.૫૨ ટકાના ઘટાડા સાથે બંધ થયા હતા. સેન્સેક્સ નિફ્ટી ઐતિહાસિક ઊંચાઈએ બંધ થયા છે, તેમ છતાં ભારતીય શેરબજારની માર્કેટ મૂડીમાં ઘટાડો જોવા મળ્યો છે. મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં ભારે પ્રોફિટ બુકિંગના કારણે માર્કેટ કેપમાં ઘટાડો થયો છે. BSE પર લિસ્ટેડ શેરોનું માર્કેટ કેપ રૂ. ૪૫૪.૩૬ લાખ કરોડ પર બંધ થયું હતું, જે છેલ્લા સત્રમાં રૂ. ૪૫૫.૨૪ લાખ કરોડ હતું. એટલે કે આજના સત્રમાં રોકાણકારોને રૂ. ૯૦,૦૦૦ કરોડનું નુકસાન થયું છે. આજના કારોબારમાં સૌથી વધુ ઉછાળો આઈટી શેરોમાં જોવા મળ્યો હતો. નિફ્ટીનો આઈટી ઈન્ડેક્સ ૨.૨૨ ટકાના વધારા સાથે બંધ થયો છે. આ સિવાય બેંકિંગ, ઓટો, એફએમસીજી, એનર્જી, હેલ્થકેર અને ઓઈલ એન્ડ ગેસ સેક્ટરના શેરો ઝડપથી બંધ થયા છે. પરંતુ કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, મેટલ્સ અને ફાર્મા શેરોમાં ઘટાડો જોવા મળ્યો છે. આજના સેશનમાં મિડકેપ ઈન્ડેક્સમાં ૧૦૦૦ પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો, પરંતુ બજાર બંધ થયા બાદ તે ૫૨૩ પોઈન્ટના ઘટાડા સાથે બંધ થયો હતો.

**સોમવારે શપથ લીધા હતાં**

# નેપાળના નવા વડાપ્રધાન કેપી શર્મા ઓલી રવિવારે વિશ્વાસ મત માંગશે

| નવી દિલ્હી, તા.૧૮ |

નેપાળના નવનિયુક્ત વડાપ્રધાન કેપી શર્મા ઓલી બંધારણ મુજબ ૨૧ જુલાઈએ સંસદમાં વિશ્વાસ મત માંગશે. તેમની પાર્ટીના ચીફ વ્હીપે બુધવારે આ જાણકારી આપી. ૭૨ વર્ષીય વરિષ્ઠ નેતાએ સોમવારે નેપ ાળના વડાપ્રધાન તરીકે શપ થ લીધા. માય રિપબ્લિક ન્યૂઝ પોર્ટલ કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ નેપાળ-યુનિફાઈડ માર્ક્સિસ્ટ લેનિનિસ્ટ (CPN-UML)ના ચીફ વ્હીપ મહેશ બરતૌલાને ટાંકીને જણાવે છે કે વડાપ્રધાન ઓલીએ રવિવારે વિશ્વાસ મત મેળવવાનો નિર્ણય કર્યો છે. નેપાળના બંધારણ મુજબ, ઓલીએ તેમની નિમણૂકના ૩૦ દિવસની અંદર સંસદમાંથી વિશ્વાસનો મત લેવો પડશે, જે તેઓ સરળતાથી હાંસલ કરશે. કારણ કે ૨૭૫ સભ્યોની હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ (HoR)માં સરકાર બનાવવા માટે ન્યૂનતમ સંખ્યા માત્ર ૧૩૮ છે.

**ઉત્તર પ્રદેશમાં કાવડ યાત્રામાં નેમ પ્લેટ ફરજિયાત**

# જાવેદ અખ્તરે યુપી પોલીસના આ નિર્ણયની તુલના નાઝીઓ સાથે કરી

**જેનું નામ ગુડ્ડુ, મુન્ના, છોટુ કે ફતે છે તેના નામ પરથી શું ખબર પડશે : યુપીના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવ**

| (એજન્સી) લખનૌ, તા.૧૮ |

ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરમાં કાવડ યાત્રા દરમિયાન પોલીસે તમામ હોટલો, દુકાનદારો અને સ્ટ્રીટ વેન્ડર્સને જાહેરમાં માલિકનું નામ લખવાની સૂચના આપી છે. આ અંગે રાજકીય ઘર્ષણ તેજ બન્યું છે. હવે જાવેદ અખ્તરે આ અંગે પોતાની પ્રતિક્રિયા આપી છે. તેમણે યુપી પોલીસના આ નિર્ણયની તુલના નાઝીઓ સાથે કરી છે. જાવેદ અખ્તરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટ શેર કરતાં લખ્યું કે, મુઝફ્ફરનગર પોલીસે સૂચના આપી છે કે, આવનારા દિવસોમાં કોઈપણ ખાસ ધાર્મિક શોભાયાત્રાના રૂટ પર તમામ દુકાનો, રેસ્ટોરન્ટ્સ અને વાહનો પર મુખ્ય અને સ્પષ્ટ રીતે માલિકનું નામ લખેલુ હોવુ જોઈએ. આવું કેમ? નાઝી જર્મનીમાં ચોક્કસ દુકાનો અને ઘરો પર જ નિશાન બનાવતા હતા. મુઝફ્ફરનગર પોલીસે કાવડ યાત્રાને લઈને આદેશ જારી કર્યો છે. પોલીસે કાવડ યાત્રા દરમિયાન રૂટ પર આવતી તમામ હોટલો, દુકાનો અને સ્ટ્રીટ વેન્ડર્સને તેમની દુકાનોની આગળ નામ લખવા જણાવ્યું છે.

**ડોડામાં પણ ઓપરેશન ચાલુ**

# કુપવાડા એન્કાઉન્ટરમાં બે આતંકીવાદીને ઠાર કરાયા

**ગુરુવારે જમ્મુ-કાશ્મીરમાં હવામાન બગડ્યું હતું : આ હવામાન પણ સુરક્ષા દળો માટે એક પડકાર છે**

| (એજન્સી) જમ્મુ, તા.૧૮ |

ગુરુવારે જમ્મુ કાશ્મીરના કુપવાડાના કેરન સેક્ટરમાં સરહદી વિસ્તારમાં ન્ઝ પાસે આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ભારે ગોળીબાર થયો હતો. આર્મીના ૬ રાષ્ટ્રીય રાઈફલ્સ અને પોલીસના જીર જવાનોએ આ ઓપરેશનનો ચાર્જ સંભાળ્યો હતો. અહીં જવાનોએ બે આતંકીઓને ઠાર કર્યા છે. ગુરુવારે જમ્મુ-કાશ્મીરમાં હવામાન બગડ્યું હતું. અનેક વિસ્તારોમાં વરસાદ પડ્યો છે તેમજ વાદળછાયું વાતાવરણ છે. જેના કારણે ડુંગરાળ વિસ્તારો ધુમ્મસથી ઘેરાયેલા છે. આ હવામાન પણ સુરક્ષા દળો માટે એક પડકાર છે. ડોડામાં પણ સોમવારથી આતંકીઓને શોધીને તેનું એક્રાઉન્ટર કરવાનું ઓપરેશન ચાલી રહ્યું છે. પ્રતિકૂળ હવામાન વચ્ચે સમયાંતરે ગોળીબાર પણ થઈ રહ્યો છે. ચાર દિવસમાં ડોડામાં આ ત્રીજું એન્કાઉન્ટર છે, પરંતુ સુરક્ષા દળોને હજુ સુધી સફળતા મળી નથી. ગાઢ જંગલો, ઉંચા પહાડો અને ખરાબ હવામાન સુરક્ષા દળો માટે એક પડકાર છે, પરંતુ સૈનિકો અડગ ઊભા છે. રામબન-ડોડા રેન્જના ડીઆઈજી શ્રીધર પાટીલે જણાવ્યું કે ઓપરેશન હજુ ચાલુ છે.

**પૂરના પાણીમાં ૬૦ ગામડા ગરકાવ**

# ઉત્તર પ્રદેશમાં ભારે વરસાદથી ૨૪ કલાકમાં ૧૦ લોકોના મોત

**હવામાન વિભાગ દ્વારા મધ્ય પ્રદેશ-રાજસ્થાન સહિત ૧૭ રાજ્યમાં ભારે વરસાદનું અલર્ટ આપવામાં આવ્યું છે**

| (એજન્સી) લખનૌ, તા.૧૮ |

ઉત્તર પ્રદેશમાં ભારે વરસાદના કારણે છેલ્લાં ૨૪ કલાકમાં ૧૦ લોકોનાં મોત થયા છે તો ૨૦ જિલ્લામાં પૂરના કારણે ૬૦ જેટલાં ગામડાઓ ડૂબી ગયા છે. તેની વચ્ચે હવામાન વિભાગે મધ્ય પ્રદેશ-રાજસ્થાન સહિત ૧૭ રાજ્યમાં ભારે વરસાદનું અલર્ટ આપ્યું છે. ભારતના વિવિધ રાજ્યોમાં આકાશમાંથી એટલું પાણી વરસ્યું કે જનજીવનને ભારે અસર થઈ છે. કેટલાંક રાજ્યના નીચાણવાળા વિસ્તારોમાં તો લોકોને બે ટંક ખાવાના પણ ફાંફા પડી ગયા છે. અસમના મોરેગાંવ ગામમાં હજુ પણ પૂરના પાણી ઓસર્યા નથી. બ્રહ્મપુત્રા નદીમાં જળસ્તરમાં સામાન્ય ઘટાડો નોંધાયો છે. મોરેગાંવના આકાશી દ્રશ્યો સામે આવ્યા છે. જેમાં જોઈ શકાય છે કે જ્યાં સુધી નજર ત્યાં સુધી પાણી જ પાણી છે. પાણી ન ઉતરતાં મોરેગાંવના લોકોની હાલત કફોડી બની ગઈ છે. કારણ કે પૂરના પાણીમાં ઘરવખરી પલળી ગઈ હતી જેના કારણે બે ટંક ખાવાના પણ ફાંફા છે... ઉત્તર પ્રદેશના સિદ્ધાર્થનગર વિસ્તારમાં નીચાણવાળા વિસ્તારોમાં પૂરના પાણી ફરી વળ્યા છે.

**બીજું ગામ વેચાઈ જવાનો કિસ્સો સામે આવ્યો**

# ગાંધીનગરમાં જૂના પહાડિયાની જેમ કાલીપુરા ગામ પણ બારોબાર વેચાયું

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૮ ।

ગાંધીનગર જિલ્લામાં જૂના પહાડિયા ગામને બારોબાર વેચી નાખવામાં આવ્યું હોવાની વાત ચાલુ જ છે ત્યાં હવે આ જ રીતે બીજું ગામ વેચાઈ જવાનો કિસ્સો સામે આવ્યો છે. દહેગામ તાલુકાના સાપા ગ્રામ પંચાયતના પેટાપરા કાલીપુરા ગામની સાત વીઘા પૈકી ૧.૫ વીઘા જમીનનો વારસદારો દ્વારા વેચાણ દસ્તાવેજ કરી દેવામાં આવ્યો છે. જેના પગલે હવે ગ્રામજનોએ તંત્રને વાંધાજી આપતા આગામી દિવસમાં તેની મુદત રાખવામાં આવી છે.

દહેગામ સબ રજીસ્ટર કચેરીમાં ગત એપ્રિલ મહિનામાં આ દસ્તાવેજ થયો હતો. અમદાવાદના નરોડા વિસ્તારમાં રહેતા ત્રણ જેટલા વ્યક્તિઓ દ્વારા આ જમીન ખરીદવામાં આવી હતી અને દોઢ વીઘા જગ્યા પેટે ૪.૯૦ લાખ રૂપિયા ચેક મારફતે વારસદારોને ચૂકવવામાં આવ્યા હતા. જોકે કાચી નોંધ પડ્યા બાદ ગ્રામજનોને આ ઘટનાની ખબર પડી હતી.

બીજી બાજુ અન્ય વારસદારો દ્વારા તેમની જાણ બહાર આ વેચાણ દસ્તાવેજ કરવામાં આવ્યો હોવાથી તકરારી દાખલ કરાવવામાં આવી છે અને તેના આધારે આગામી દિવસમાં તેની મુદત પણ રાખવામાં આવી છે. દહેગામ તાલુકાના ગામોમાં આ પ્રકારે બારોબાર ગામોની જગ્યાનો વેચાણ દસ્તાવેજ થઈ જવાની ઘટનાને પગલે હવે વહીવટી તંત્ર દ્વારા પણ આ મામલાઓને ગંભીરતાથી લઈને ગામોના રેકોર્ડ ચકાસવા પડશે. દહેગામ તાલુકાના જુના પહાડિયા ગામનો જમીનના વારસદારો દ્વારા બારોબાર વેચાણ દસ્તાવેજ કરી દેવામાં આવ્યો હતો અને તેના કારણે સમગ્ર રાજ્યમાં આ મુદ્દો ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો. જેને લઈ હાલ પોલીસ દ્વારા સાત જેટલા વ્યક્તિઓ સામે ગુનાહિત ષડયંત્ર સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે ત્યારે હવે દહેગામ તાલુકાના જ વધુ એક ગામમાં આ જ પ્રકારનો કિસ્સો બહાર આવવા પામ્યો છે.

## છોકરીને તેનો નંબર પૂછવો એ ખોટું છે પણ જાતીય સતામણી નથી : ગુજરાત હાઈકોર્ટ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

ગુજરાત હાઈકોર્ટે કહ્યું કે છોકરીનું નામ અને નંબર પૂછવું ખોટું છે પરંતુ તેને જાતીય સતામણી ગણી શકાય નહીં. ખરેખર, પોલીસે ગાંધીનગરના સમીર રોય સામે ગુનો નોંધ્યો છે. મહિલાનું નામ, નંબર અને સરનામું પૂછવા બદલ સમીર વિરુદ્ધ જાતીય સતામણીનો કેસ નોંધવામાં આવ્યો છે. એક અહેવાલ મુજબ સમીર વિરુદ્ધ ૨૬ એપ્રિલે કેસ નોંધવામાં આવ્યો હતો. સમીરે હાઈકોર્ટને જણાવ્યું કે જ્યારે તેણે પોલીસ પર તેના પર ટોર્ચર કરવાનો આરોપ લગાવ્યો ત્યારે તેની સામે જાતીય સતામણીનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો. સમીરનું કહેવું છે કે પોલીસે ૨૫મી એપ્રિલે તેને ટોર્ચર કર્યો હતો. આ અંગે તેણે પોલીસ સામે ફરિયાદ પણ કરી હતી. તેણે પોલીસ પર ફોન છીનવી લેવાનો અને તેમનો ડેટા ડિલીટ કરવાનો પણ આરોપ લગાવ્યો છે. પોતાની અરજીમાં સમીરે કહ્યું હતું કે તેને આ કેસ (જાતીય સતામણી) વિશે ૯ મેના રોજ ખબર પડી હતી. પોલીસની આ કાર્યવાહી પર ગુજરાત હાઈકોર્ટે સવાલો ઉઠાવ્યા છે. જસ્ટિસ નિર્જર દેસાઈએ કહ્યું, 'જો કોઈ કહે કે તમારો નંબર શું છે, તો તે ખોટું છે, પરંતુ આ FIR નોંધવાનો કેસ નથી. શું આમાં કોઈ ખોટો ઈરાદો છે?

**પ્રવાસના શોખીનો માટે આનંદના સમાચાર**

# અમદાવાદથી થાઈલેન્ડ-સાઉદી અરબની સીધી ફ્લાઈટ શરૂ થશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

દક્ષિણપૂર્વ એશિયા અને મધ્યપૂર્વ એશિયાનો પ્રવાસ ખેડવા માંગતા ગુજરાતીઓ માટે આનંદના સમાચાર છે. અમદાવાદથી થાઈલેન્ડ અને સાઉદી અરેબિયા માટે સીધી ફ્લાઈટ શરૂ થશે. જેમાં ૨૦ જુલાઈથી અકાસા એરલાઈન્સ દ્વારા અમદાવાદથી જેદ્દાહ કનેક્ટિવિટી શરૂ કરાશે. સપ્તાહમાં બે વખત બુધવારે અને શનિવારે અકાસા એરલાઈન્સની ફ્લાઈટ ઉડાન ભરશે. જ્યારે ૧૫ ઓગસ્ટથી સપ્તાહમાં ચાર વખત થાઈ લાયન એરલાઈન્સ દ્વારા પ્રથમ વખત ગુજરાતના અમદાવાદથી બેંગકોકની સીધી ફ્લાઈટ શરૂ કરવામાં આવી રહી છે. મંગળ, ગુરુ, શનિ અને રવિવારે રાત્રે ૧૧:૪૦ કલાકે અમદાવાદથી ઉડાન ભરીને ચાર કલાક વીસ મિનિટ બાદ બેંગકોક પહોંચાડશે. ગુજરાતીઓ માટે ઈન્ટરનેશનલ ટ્રિપ માટે થાઈલેન્ડ, મલેશિયા જેવાં સ્થળ ખૂબ જ પ્રચલિત બન્યાં છે. ઉલ્લેખનીય છે કે અમદાવાદથી ઈન્ટરનેશનલ ફ્લાઈટમાં દુબઈ, શારજાહ, અબુધાબી,



લંડન, થાઈલેન્ડનાં વિવિધ શહેર, મલેશિયા વગેરે દેશમાં અમદાવાદ એરપોર્ટથી સીધી કનેક્ટિવિટી છે. ત્યારે તેમાં ઉમેરો કરવા માટે થાઈ લાયન એરલાઈન્સ દ્વારા પ્રથમ વખત ગુજરાતના અમદાવાદથી બેંગકોકની સીધી ફ્લાઈટ શરૂ કરવામાં આવી રહી છે. આગામી ૧૫ ઓગસ્ટના દિવસથી સપ્તાહમાં ચાર વખત આ ફ્લાઈટ અમદાવાદથી બેંગકોક અને બેંગકોકથી અમદાવાદ માટે ઉડાન ભરશે. આ ફ્લાઈટ મંગળ, ગુરુ, શનિ અને રવિવારે રાત્રે ૧૧:૪૦ કલાકે અમદાવાદમાં સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટથી ઉડાન ભરીને ચાર કલાક વીસ મિનિટ બાદ બેંગકોક પહોંચાડશે.

**૨૧૫ કરોડના ખર્ચે તૈયાર થશે એરપોર્ટ**

## સુરતના ઇન્ટરનેશનલ એરપોર્ટના વિસ્તરણ માટે લીલીઝંડી મળી



। (એજન્સી) સુરત, તા.૧૮ ।

સુરતના ઈન્ટરનેશનલ એરપોર્ટના વિસ્તરણ માટે લીલીઝંડી મળી છે. ઈન્ટરનેશનલ એરપોર્ટના વિકાસ માટે લાંબા સમયથી પડતર સમસ્યાઓને લઈને અનેક વખત રજૂઆત કરવામાં આવી હતી. હવે આ માંગો પૂર્ણ કરવામાં આવી છે. રાજ્ય સરકારે એરપોર્ટના નવીનીકરણ માટે લીલી ઝંડી આપી દીધી છે. સરકારની મંજૂરી બાદ હવે ૨૧૫ કરોડના ખર્ચે ઈન્ટરનેશનલ એરપોર્ટ તૈયાર થશે. હાલમાં સુરતનું ઈન્ટરનેશનલ એરપોર્ટ દરિયાની નજીક છે. જેના કારણે ખાસ ચોમાસાની સિઝનમાં ફ્લાઈટ ટેક ઓફ અને લેન્ડિંગ કરવા દરમ્યાન મુશ્કેલી થતી હતી. અનેક વખત ચોમાસાની સિઝન ઉપરાંત શિયાળામાં પણ હવામાનમાં બદલાવ થતા ફ્લાઈટને ઉડાન ભરવામાં મુશ્કેલી થતી હતી. આ બાબતોને ધ્યાનમાં રાખતા ઈન્ટરનેશનલ એરપોર્ટમાં નવી તકનીક પ્રમાણે કામ થશે. અર્થાત એરપોર્ટ પર કેટ-૧ લાઈટ ફિટ કરાવાશે જેના કારણે ધુમ્મસ, વરસાદ કે ઓછી વિઝિબલિટીમાં પણ ફ્લાઈટ ઉડાન અને લેન્ડીંગ સરળતાથી કરી શકશે.ઈન્ટરનેશન એરપોર્ટના વિસ્તરણને લઈને રાજ્ય સરકાર દ્વારા એરપોર્ટ માટે ખાનગી જમીનો સંપાદનની ૫ રવાનગી પણ મળી ગઈ.

**નવા નીર આવ્યાના દૃશ્યથી ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો**

## અરવલ્લીની વાત્રક નદીમાં નવા નીર આવ્યા, જળાશયમાં નોંધપાત્ર આવક થઈ

। (એજન્સી) અરવલ્લી, તા.૧૮ ।

વાત્રક નદીમાં નવા નીર આવ્યાના દૃશ્યથી ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો છે. ખેડૂતો અને સ્થાનિકો વાત્રક અને માઝમ સહિત મેશ્વો અને હાથમતી જળાશય ઝડપથી ભરાઈ જવા પામે એ માટે પ્રાર્થના કરી રહ્યા છે. આ દરમિયાન વાત્રક નદીમાં વધુ એકવાર પાણીની આવક નોંધાતા આનંદ છવાયો હતો. ઉપરવાસ વિસ્તારમાં સારા વરસાદને પગલે સ્થાનિક વાત્રક નદીમાં નવા નીર આવ્યાના દૃશ્યથી ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો છે. ખેડૂતો અને સ્થાનિકો વાત્રક અને માઝમ સહિત મેશ્વો અને હાથમતી જળાશય ઝડપથી ભરાઈ જવા પામે એ માટે પ્રાર્થના કરી રહ્યા છે. આ દરમિયાન વાત્રક નદીમાં વધુ એકવાર પાણીની આવક નોંધાતા આનંદ છવાયો હતો. વાત્રક નદી મેઘરજ નજીક બે કાંઠી વહેતી જોવા મળી હતી. કાંઠા વિસ્તારના ખેડૂતોમાં પણ નદીને બે કાંઠે વહેતી જોવાને લઈ આનંદ છવાયો છે. વાત્રક ડેમમાં બુધવારે બપોરે ૧૨ વાગ્યના અરસા દરમિયાન નવી આવક નોંધાવવાની શરુ થઈ હતી. જેમાં શરુઆતમાં ૭૧૬ ક્યુસેક નોંધાઈ હતી. જ્યારે એક વાગ્યાના અરસા દરમિયાન આવકમાં વધારો થતા ૨૧૪૮ ક્યુસેક નોંધાઈ હતી જે આવક ત્રણ કલાક સુધી જળવાઈ રહી હતી.

**ગ્રીન અમદાવાદ અપડેટ**



અ.મ્યુ.કો ના મિશન "ટી.એમ.ટ્રીઝ" અંતર્ગત આજ રોજ રોડ પ્રોજેક્ટ ટીમ દ્વારા વાહીટ એલિગન્સ થી ૧૦૮ રોડ સાઈડ પાસે ૧૭૮ છોડોનું વૃક્ષારોપણ કર્યું.

# હવે ટ્રાફિક ભંગનો દંડ ફાસ્ટેગમાંથી કાપશે સરકાર

**સમગ્ર ગુજરાતમાં ઈ-ચલણને ફાસ્ટેગ સાથે લિંક કરવામાં આવશે આ સાથે, દંડની રકમ તે લોકોના ફાસ્ટેગમાંથી કાપવામાં આવશે**

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

જે લોકો ટ્રાફિકના નિયમોનો ભંગ કરે છે, જરૂરી દસ્તાવેજો સાથે રાખતા નથી અને દંડ ભરતા નથી તેઓએ સાવચેત રહેવાની જરૂર છે. આવા લોકો પાસેથી પૈસા પડાવવા માટે સરકારે એક નવો રસ્તો કાઢ્યો છે. હવેથી સમગ્ર ગુજરાતમાં ઈ-ચલણને ફાસ્ટેગ સાથે લિંક કરવામાં આવશે.

આ સાથે, દંડની રકમ તે લોકોના ફાસ્ટેગમાંથી કાપવામાં આવશે જેમના નામ પર ઈ-ચલણ જારી કરવામાં આવ્યું છે અને દંડ ચૂકવવામાં આવ્યો નથી. જે વ્યક્તિના નામે દંડ લખવામાં આવ્યો છે તે વ્યક્તિ ટોલ ગેટ પરથી પસાર થતાંની સાથે જ તેની પાસેથી દંડ વસૂલવામાં આવશે. સૌ પ્રથમ, આ સિસ્ટમ હેઠળ કોમર્શિયલ વાહનોનો સમાવેશ કરવામાં આવશે અને બાકી દંડની રકમ વસૂલવામાં આવશે. ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ માટે આ ખૂબ જ ચિંતાજનક પરિવર્તન છે કારણ કે તેમને ભારે દંડ ચૂકવવો પડી શકે છે. PUC પ્રમાણપત્ર, વીમો અથવા ટેક્સ ચુકવણીની રસીદ ન ધરાવતા



ભારે વાહનો પર દંડ લાદવા માટે ટૂંક સમયમાં એક પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવશે. બીજા તબક્કામાં કાર અને હળવા વાહનોનો પણ સમાવેશ થશે. ગુજરાત સરકાર ઈ-ડિટેક્શન નામનો એક પ્રોજેક્ટ શરૂ કરવા જઈ રહી છે, જે PUC પ્રમાણપત્ર, વીમા કાગળો અથવા ટેક્સ રસીદ જેવા જરૂરી દસ્તાવેજો ઉપલબ્ધ ન હોય તો ફાસ્ટેગમાંથી આપોઆપ પૈસા કપાઈ જશે. શરૂઆતમાં, પરિવહન વાહનોને સ્વચાલિત નંબર પ્લેટ ઓળખનો ઉપયોગ કરીને લક્ષ્યાંકિત કરવામાં આવશે, ત્યારબાદ ખાનગી વાહનોને. રાજ્યના પરિવહન વિભાગના અધિકારીઓ કહે છે કે અમે જુલાઈના અંતમાં ચાર ટોલ ટેક્સ પોસ્ટ પર આ પ્રોજેક્ટ શરૂ કરવા જઈ રહ્યા છીએ. જેમાં પીળી નંબર પ્લેટવાળા વાહનો જેવા કે કેબ ટેક્સી, માલસામાન વાહનો, બસો અને અન્ય વાહનોનો સમાવેશ થશે. પછી કારને પણ તેમાં આવરી લેવામાં આવશે. ગુજરાતમાં એવા લાખો લોકો છે જેમના વાહનોનું ઈ-ચલણ કરવામાં આવ્યું છે, પરંતુ ચલણ ચૂકવવામાં આવ્યું નથી. આ દરમિયાન લોકો ખુલ્લેઆમ ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરે છે. કાયદો કહે છે કે ખાનગી વાહન હોય કે પરિવહન વાહન દરેક વ્યક્તિ પાસે જરૂરી દસ્તાવેજો હોવા જોઈએ. કયા વાહન પર કેટલું ચલણ બાકી છે તેનો સંપૂર્ણ ડેટા એકત્રિત કરવામાં આવશે. આ પ્રોજેક્ટમાં દેશભરના ટોલ કલેક્શન કેન્દ્રો અને રાજ્ય ધોરીમાર્ગોનો સમાવેશ કરવામાં આવશે. આ માટે, એક સોફ્ટવેરનો ઉપયોગ કરવામાં આવશે, જેના દ્વારા કેટલો દંડ વસૂલવાનો છે તેની તમામ માહિતી કોમ્પ્યુટર પર ઉપલબ્ધ થશે અને ત્યારબાદ દંડ એકત્રિત કરવામાં આવશે અને મોબાઈલ ફોન પર સૂચના મોકલવામાં આવશે.

## કડીમાં ત્રણ ગોડાઉનમાં ભરેલ શંકાસ્પદ અનાજનો જથ્થો ઝડપાયો

। (એજન્સી) મહેસાણા, તા.૧૮ ।

કડી જીઆઈડીસીમાં શંકાસ્પદ અનાજનો જથ્થો ગોડાઉનમાં ભરવામાં આવેલો હોવાને લઈ સ્થાનિક પોલીસના અધિકારીઓ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. મોટા પ્રમાણમાં ઘઉં અને ચોખાનો જથ્થો હોવાનું સામે આવ્યું છે. આ જથ્થાને મિક્સ કરીને અલગ પેકિંગ તૈયાર કરવામાં આવતા હોવાની આશંકા ને લઈ તપાસ શરુ કરવામાં આવી છે. મહેસાણા જિલ્લામાંથી શંકાસ્દ અનાજનો જથ્થો ઝડપાયો છે. પોલીસ દ્વારા બાતમી આધારે દરોડો પાડવામાં આવ્યો હતો અને તેને જપ્ત કરવામાં આવ્યો છે. કડી જીઆઈડીસીમાં શંકાસ્પદ અનાજનો જથ્થો ગોડાઉનમાં ભરવામાં આવેલો હોવાને લઈ સ્થાનિક પોલીસના અધિકારીઓ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. મોટા પ્રમાણમાં ઘઉં અને ચોખાનો જથ્થો હોવાનું સામે આવ્યું છે.

## હોસ્પિટલની બેદરકારી, ડોક્ટરે ડાબા પગના બદલે જમણા પગનું ઓપરેશન કર્યું

। (એજન્સી) રાજકોટ, તા.૧૮ ।

રાજકોટની યુનિકેર હોસ્પિટલની બેદરકારીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. યુવતીનો આરોપ છે કે ડાબા પગને બદલે જમણા પગનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. ઘોર બેદરકારીની આ ઘટના અંગે યુવતીએ યુનિકેર હોસ્પિટલ વિરુદ્ધ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે, જાણો શું છે સમગ્ર મામલો. મળતી માહિતી અનુસાર, જૂનાગઢની યુવતીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. નોંધનીય છે કે જૂનાગઢની આ યુવતીને પગમાં દુખાવાને કારણે જૂનાગઢના ડોક્ટરને બતાવવામાં આવ્યું હતું, ત્યારબાદ ઓપરેશનની સલાહ આપવામાં આવી હતી, ત્યારબાદ ૧૯ એપ્રિલે આ યુવતી ઓપરેશન માટે આવી હતી અને યુવતીના પગનું ઓપરેશન કરવામાં આવ્યું હતું.

# "GROW MORE FRUIT CROP" ઝુંબેશ હેઠળ ફળપાક વાવેતરની વિવધ સહાય યોજનાઓ માટે i-khedut પોર્ટલ ખુલ્લું મુકાયું







। ગાંધીનગર ।

ખેડૂતોએ વિવિધ સહાય યોજનાઓનો લાભ લેવા પોર્ટલ મારફતે તા.૧૫ ઓગસ્ટ સુધી અરજી કરવી બાગાયતી ખેતી કરતા ખેડૂતો માટે તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા બાગાયત ખાતાની "GROW MORE FRUIT CROP" ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશ અંતર્ગત રાજ્યના બાગાયતદારો માટે ફળપાક વાવેતરની વિવિધ યોજનાઓમાં સહાયનો લાભ મેળવવા માટે i-KHEDUT પોર્ટલ તા.૧૫/૦૮/૨૦૨૪ સુધી ઓનલાઈન અરજીઓ કરવા માટે ખુલ્લું મુકવામાં આવ્યું છે. બાગાયત ખાતાની ફળપાક વાવેતરને લગતી વિવિધ કાર્યરત યોજનાઓ પૈકી પપૈયાનાં વાવેતરમાં, નાળિયેરી વાવેતર વિસ્તાર, ટીસ્યુકલ્ચર ખારેકની ખેતી, ફળપાકો જેવાકે દ્રાક્ષ, કીવી, પેશન ફ્રુટનાં વાવેતર, ફળપાક પ્લાનટીગ મટીરીયલસમાં, ઘનિષ્ટ ખેતીથી વાવેલ ફળપાક વાવેતર માટે, વધુ ખેતી ખર્ચ સિવાયના ફળપાક વાવેતર, કમલમ ફળ (ડ્રેગન ફ્રુટ)નાં વાવતેર, સરગવાની ખેતીમાં, આંબા તથા જામફળ ફળપાક ઉત્પાદકતા વધારવામાં, કેળ ટીસ્યુ વાવેતર, ફળપાક પ્લાન્ટિંગ મટીરીયલસમાં (વનબંધુ), કોમ્પ્રીહેન્સીવ હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ કાર્યક્રમ જેવી યોજનાઓ અંતર્ગત સહાય મળવાપાત્ર છે. આ તમામ યોજનાઓમાં સહાય લાભ લેવા માટે https://ikhedut.gujarat.gov.in વેબસાઈટ પર પોતાના ગામના ઈ-ગ્રામ સેન્ટર કે કોઈ ખાનગી ઈન્ટરનેટ ઉપરથી અથવા નાયબ બાગાયત નિયામક, વલસાડ કચેરી ખાતે સવારના ૧૧.૦૦ કલાકથી સાંજના ૫.૦૦ કલાક દરમ્યાન ૭/૧૨, ૮-અ ની નકલ, આધાર કાર્ડની નકલ, જાતિનો દાખલો, બેંક ખાતાની વિગતો સાથે લઈ સંબંધિત ઘટકમાં અરજી કરવાની રહેશે. અરજી કર્યા બાદ અરજીની પ્રિન્ટ જરૂરી સાધનિક કાગળો સાથે દિન (૧૦) માં નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, શ્રમજીવી વિદ્યામંડળ સંકુલ,પહેલો માળ, એચ.ડી.એફ.સી. બેંક સામેની ગલીમાં, તિથલ રોડ, વલસાડ-૩૯૬૦૦૧ ખાતે અચૂક જમા કરાવવાના રહેશે એમ નાયબ બાગાયત નિયામક વલસાડ દ્વારા અખબાર યાદીમાં જણાવાયું છે.

## ન્યુઝ બોક્ષ

### બિહારમાં ધડાધડ બ્રિજ ધસવાની ઘટના બાદ હવે મકાન પડ્યું



। (એજન્સી) પટણા, તા.૧૮ ।

બિહારમાં ધડાધડ બ્રિજ ધસવાની ઘટના બાદ હવે એક મકાન ધરાશાયી થઈ ગયું છે. પૂર્વ ચંપારણના ઢાકા પોલીસ સ્ટેશન વિસ્તારના લહાન ઢાકામાં આજે એક ભીષણ દુર્ઘટનામાં ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત થઈ ગયા છે. એક નિર્માણાધીન એક ઈમારતનું શટર ખોલતી વખતે અચાનક ધસી પડેલા કાટમાળ નીચે આ તમામ લોકો દટાઈ ગયા હતા. જ્યારે તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા ત્યારે તેમને તાત્કાલિક તબીબી સહાય મળી ન હતી અને ત્યાં તેમને મૃત જાહેર કરવાની માત્ર ઔપચારિકતા જ થઈ હતી. આ ઘટના અને ત્યારબાદ હોસ્પિટલમાં સારવારના અભાવે લોકોમાં હોબાળો મચી ગયો છે. આ ઘટનાથી રોષે ભરાયેલા લોકોએ ઢાકા-મોતિહારી રોડ જામ કરી દીધો છે અને ખૂબ હંગામો મચાવ્યો છે. લોકોનું કહેવું છે કે, ઢાકા સબ-ડિવિઝનલ હોસ્પિટલમાં એક પણ ડોક્ટર હાજર નથી. અમે ઘાયલ મજૂરોને લઈને હોસ્પિટલ પહોંચ્યા પરંતુ અહીં ડોક્ટર હાજર ન હોવાના કારણે તેમની સમયસર સારવાર ન થઈ શકી. આ કારણે મજૂરોના મોત થઈ ગયા. લોકોએ કહ્યું કહ્યું કે, બિહાર સરકાર આ મામલાને ગંભીરતાથી લે અને તાત્કાલિક તેનું સમાધાન કરે.

### વિરાટ કોહલી પુત્ર અકાય સાથે દુકાનમાં ફૂલ ખરીદતો દેખાયો



। (એજન્સી) લંડન, તા.૧૮ ।

ભારતીય ટીમે ગત મહિને જ T20 વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો હતો. ટીમ ઈન્ડિયાએ રોમાંચક ફાઈનલ મેચમાં સાઉથ આફ્રિકાને ૭ રનથી હરાવ્યું હતું. ફાઈનલ મુકાબલામાં વિરાટ કોહલીએ શાનદાર ૭૫ રનની ઈનિંગ રમી હતી. જોકે, વર્લ્ડ કપ બાદ વિરાટ કોહલીએ T20 ઈન્ટરનેશનલમાંથી સંન્યાસનું એલાન કરી દીધુ હતું. T20 વર્લ્ડ કપ ખતમ થયા બાદ વિરાટ કોહલી લંડનમાં છે. બીજી તરફ અનુષ્કા પણ બંને બાળકો વામિકા અને અકાય કોહલી સાથે પહેલાથી જ લંડનમાં છે. વિરાટ કોહલી લંડનના રસ્તા પર એક સામાન્ય માણસની જેમ ફરી રહ્યો છે અને મોટી વાત એ છે કે તેનો પુત્ર અકાય અને પત્ની અનુષ્કા પણ તેની સાથે છે. હવે તાજેતરમાં વિરાટનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

### મહિલા પોલીસને ઓન ડ્યુટી પર વીડિયો બનાવવો ભારે પડ્યો



। (એજન્સી) દેહરાદુન, તા.૧૮ ।

ઉત્તરાખંડના ઉધમ સિંહ નગરમાં તૈનાત એક પીઆરડી મહિલા પોલીસે યુનિફોર્મમાં ફરજ પર હોય ત્યારે વીડિયો બનાવતી હતી. મામલો ભાર આવ્યા બાદ ઉત્તરાખંડ પોલીસ મહાનિર્દેશક અભિનવ કુમારની સૂચના બાદ પોલીસ વિભાગ દ્વારા ઈન્ટરનેટ મીડિયા પોલિસી તૈયાર કરવામાં આવી છે. જેના અનુસાર વિભાગના તમામ કર્મચારીઓ માટે સોશિયલ મીડિયા પર મર્યાદા નક્કી કરવામાં આવી છે. આ પોલિસી હેઠળ ૪૧ પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. હવે પોલીસ વિભાગના કર્મચારીઓ યુનિફોર્મમાં ઓફિસમાં કે સરકારી વાહનો સાથે પોતાના ફોટા અને રીલ બનાવી શકશે નહી. ઉત્તરાખંડના ઉધમ સિંહ નગર જિલ્લાના કિચ્છા કોતવાલી ખાતે પોસ્ટ કરાયેલ પીઆરડી મહિલા પોલીસે ઘણા સરકારી આદેશોનો ભંગ કરી રહી છે અને ડ્યુટી પર હોય ત્યારે યુનિફોર્મમાં ફોટા અને વીડિયો પોસ્ટ કરીને અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કરીને ઘણા ફોલોઅર્સ મેળવી રહી છે. તે તેને મળવા આવતા ચાહકોને ગીફ્ટ પણ વહેંચે છે.

### ન્યૂ યોર્ક, ઓહાયોમાં હાઉસિંગ કટોકટી ઉભી થઈ । આફ્રિકાના દેશોમાંથી અને એશિયાથી પણ ઈમિગ્રન્ટનો પ્રવાહ જારી

# અમેરિકામાં આવેલો ઈલિગલ ઈમિગ્રન્ટમાં ભારે ઉછાળો

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૮ ।

અમેરિકામાં લગભગ દરેક મહત્ત્વના સ્ટેટમાં ઈલિગલ ઈમિગ્રન્ટ્સની સંખ્યા વધતી જાય છે અને તેની સીધી અસર હાઉસિંગ પર પડી છે. જ્યાં જ્યાં બહારથી આવેલા ગેરકાયદે લોકો વધી રહ્યા છે ત્યાં મકાનોની ડિમાન્ડ વધી છે અને રહેવા માટે મકાનો મળતા નથી. તેથી મકાનોની એક શોર્ટેજ પેદા થઈ છે. તેમાંથી એક સ્ટેટ ઓહાયો છે. ઓહાયો સિટીના મેનેજર બ્રાયન હેકે આ અંગે તાત્કાલિક ફેડરલ ગવર્નમેન્ટની મદદ માગી છે. ન્યૂયોર્ક સિટીમાં પણ માઈગ્રન્ટની સંખ્યા વધવાના કારણે હાઉસિંગ ક્રાઈસિસની સ્થિતિ છે. ઓહાયો સિટીનું વહીવટીતંત્ર માને છે કે હાયર લેવલ પરથી સપોર્ટ આપવામાં નહીં આવે તો આ સમસ્યા વકરવાની છે. બ્રાયન હેક ફેબ્રુઆરી ૨૦૧૯થી સિટી મેનેજર છે. હવે



તેમણે સેનેટરોને પત્ર લખીને કહ્યું છે કે ઓહાયો સ્ટેટમાં ભયંકર હાઉસિંગ કટોકટી પેદા થઈ છે. ઈમિગ્રેશનના કારણે આ શહેરની વસતી વધી ગઈ છે જેના કારણે પૂરતા પ્રમાણમાં હાઉસિંગની સુવિધા થઈ શકે તેમ નથી.

ઉદાહરણ તરીકે છેલ્લા ચાર વર્ષમાં અહીં સ્પ્રિંગફિલ્ડમાં હાઈતીથી આવેલા ઈમિગ્રન્ટની વસતી વધીને ૧૫થી ૨૦ હજાર જેટલી થઈ ગઈ છે. આ વિસ્તારની અસલ વસતી માત્ર ૬૦ હજારની હતી અને તેમાં ૧૫થી ૨૦ હજાર નવા ઈમિગ્રન્ટ આવી ગયા છે તેના કારણે કેવી સ્થિતિ પેદા થાય તેનો વિચાર કરી જુઓ. ઓહાયો સિટી કહે છે કે આગામી ત્રણથી પાંચ વર્ષમાં બે હજાર નવા મકાનો બનવાના છે. છતાં તે પૂરતા ન કહી શકાય કારણ કે મકાનોની ડિમાન્ડ ઘણી વધારે રહેવાની છે. ફેડરલ લેવલ પર પૂરતો સપોર્ટ નહીં મળે તો સ્પ્રિંગફિલ્ડ જેવી કોમ્યુનિટીમાં હાઉસિંગની જરૂરિયાત પૂરી નહીં કરી શકાય. અમેરિકામાં લીગલ કે ઈલિગલ ઈમિગ્રેશનને લઈને નવા નવા સવાલો થઈ રહ્યા છે. અત્યાર સુધી ઈકોનોમિસ્ટો એવું કહેતા હતા કે બહારથી લોકો આવે તે યુએસની ઈકોનોમી માટે સારી વાત છે કારણ કે તેનાથી સસ્તા લેબર મળી રહેશે.

#### અમેરિકાને પોતાની જોબ ભરવા માટે ઈમિગ્રન્ટ્સની જરૂર છે

ઓહાયો સિટીના લોકોનું કહેવું છે કે અહીં માત્ર હાઉસિંગની અછત છે એવું નથી. અમને હોસ્પિટલો અને સ્કૂલોની પણ જરૂર છે અને વધતી વસતીની સામે સુવિધાઓ બહુ ઓછી છે. હવે એવી ફરિયાદ કરવામાં આવે છે કે અમેરિકાને પોતાની જોબ ભરવા માટે ઈમિગ્રન્ટ્સની જરૂર છે પરંતુ તેમને સમાવી શકે તેમ નથી. ન્યૂયોર્ક સિટીમાં આ વાત ૧૦૦ ટકા સાચી સાબિત થાય છે. ન્યૂયોર્ક સિટીમાં લગભગ પોણા બે લાખ માઈગ્રન્ટ આવી ગયા છે અને તેના કારણે આ શહેરની હાઉસિંગની સમસ્યા ખુલ્લી પડી છે. ન્યૂ યોર્ક સિટીના રિપોર્ટ કહે છે કે સાઉથની બોર્ડર પરથી મોટી સંખ્યામાં અઝાઈલમ માગનારા લોકો, શરણ માગતા લોકો અમેરિકામાં આવ્યા છે અને ન્યૂયોર્ક પહોંચ્યા છે. તેમાંથી ઘણા લોકો એવા છે જેમને ન્યૂયોર્ક સાથે કોઈ ફેમિલી કનેક્શન નથી. બીજા હજારો એવા છે જેમની પાસે અમેરિકામાં કોઈ પણ જગ્યાએ રહેવાની સગવડ નથી. અમેરિકન સુપ્રીમ કોર્ટે લોકોને ૧૯૮૧માં રાઈટ ટુ શેલ્ટર આપ્યો હતો. તેના કારણે ન્યૂયોર્કમાં લગભગ ૬૫ હજાર માઈગ્રન્ટ ૨૦૦ ઈમરજન્સી શેલ્ટરમાં રહે છે. બીજા ઘણા એવા છે જેમણે તંબૂમાં રહેવું પડે છે, કેટલાક લોકોને હોટેલમાં રાખવા પડ્યા છે અને કેટલાક જેલમાં પણ રહે છે. આના કારણે સ્થિતિ એવી થઈ છે કે મકાનોના ભાવ આસમાનને આંબી રહ્યા છે. હોમ વેકેન્સીનો દર કેટલાક દાયકામાં સૌથી નીચો છે. તેના કારણે ન્યૂયોર્કમાં હોમ લેસ લોકોની સમસ્યા એટલી મોટી થઈ છે કે યુએસની મહામંદી પછી આટલી મોટી સંખ્યામાં હોમલેસ લોકો જોવા મળે છે.

### RJD અને JDU પર ભડક્યા પ્રશાંત કિશોર

# રૂપૌલી બેઠક પરના ચોંકાવનારા પરિણામો પર પ્રશાંત કિશોરે કર્યો કટાક્ષ

**ભલે લોકો અમને ભાજપની બી-ટીમ કહેતા હોય, પરંતુ સૌથી વધુ લોકો તો રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી) છોડીને જઈ રહ્યા છે**

। (એજન્સી) પટણા, તા.૧૮ ।

ચૂંટણી રણનીતિકાર અને જન સુરાજ પાર્ટી સંસ્થાપક પ્રશાંત કિશોરે ફરી રાષ્ટ્રીય જનતા દળ (RJD) પર નિશાન સાધ્યું છે. તેમણે આરજેડી છોડીને જનારાઓનો ઉલ્લેખ કરી પાર્ટી પર કટાક્ષ કર્યો છે. તેમણે પ્રેસ કોન્ફરન્સ કરી કહ્યું કે, 'ભલે લોકો અમને ભાજપની બી-ટીમ કહેતા હોય, પરંતુ સૌથી વધુ લોકો તો આરજેડી છોડીને જઈ રહ્યા છે. લાલટેન (આરજેડીનું ચૂંટણી ચિન્હ)નું તેલ નીકળી રહ્યું છે.'

તેમણે કહ્યું કે, 'બિહારના રૂપૌલીમાં ૧૫ હજાર જેટલા યાદવ સમાજના લોકો અને ૪૫ હજાર મુસ્લિમો રહે છે. રૂપૌલીની પેટા ચૂંટણીમાં આરજેડીના ઉમેદવાર અને પાંચ વખતના ધારાસભ્ય બીમા ભારતીને માત્ર ૩૦,૦૦૦ મતો મળ્યા છે. આવી સ્થિતિમાં સ્પષ્ટ દેખાઈ





રહ્યું છે કે, અહીં એમ-વાય સમીકરણ કામ કરી રહ્યું નથી.' તેમણે આરજેડી પર કટાક્ષ કરતા કહ્યું કે, 'આ બેઠક પરના ચૂંટણી પરિણામો બાદ સૌથી વધુ તે પાર્ટી ગભરાઈ ગઈ છે, જેના લાલટેનમાં તેલ ઓછું છે. તેમના જ લાલટેનમાંથી સૌથી વધુ માટીનું તેલ નિકળી રહ્યું છે. તે લોકો જેટલીવાર અમને ભાજપની બી-ટીમ કહી રહ્યા છે, તેટલીવાર લોકો આરજેડી છોડીને જઈ રહ્યા છે.' કિશોરે બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર પર પણ આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે, 'લોકો કહે છે કે, તમામ પછાત વર્ગ નીતીશ કુમાર અને ભાજપની સાથે છે, જો આવુ હોય તો ક્યાં ગયા કલાધર મંડલ... તેમને તો માત્ર ૪૦ હજાર મત મળ્યા છે, જ્યારે આ બેઠક પર ગંગોટા સમાજના ૮૦ હજાર મતદારો છે.'

ઉલ્લેખનીય છે કે, બિહારમાં તાજેતરમાં જ પેટા-ચૂંટણીઓ યોજાઈ હતી, જેમાં રૂપૌલી બેઠક પર પપ્પૂ યાદવનું સમર્થન મળવા છતાં આરજેડીના ઉમેદવાર બીમા ભારતની હાર થઈ હતી. એટલું જ નહીં જેડીયુના ઉમેદવાર કલાધર પ્રસાદ મંડલનો પણ પરાજય થયો હતો. જ્યારે અપક્ષ ઉમેદવાર શંકર સિંહનો વિજય થયો હતો અને તેમણે ૬૮ હજારથી વધુ મતો મેળવ્યા હતા.

# ઓમાનમાં જહાજ ડૂબી ગયું, આઠ ભારતીયો સહિત નવને બચાવાયા

### એમટી ફાલ્કન પ્રેસ્ટિજના નવ ક્રૂ સભ્યા આઠ ભારતીય અને એક શ્રીલંકન - સર્ચ ઓપરેશન દરમિયાન બચાવી લેવામાં આવ્યા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

એમટી ફાલ્કન પ્રેસ્ટિજના નવ ક્રૂ સભ્યો - આઠ ભારતીય અને એક શ્રીલંકન - સર્ચ ઓપરેશન દરમિયાન બચાવી લેવામાં આવ્યા હતા, સૂત્રોએ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે બાકીના ક્રૂ સભ્યોને શોધવા માટે આ વિસ્તારમાં શોધ અને બચાવ કામગીરી ચાલુ રહેશે. સૂત્રોએ જણાવ્યું કે ઓમાનમાં ભારતીય દૂતાવાસ ગલ્ફ દેશના સંબંધિત અધિકારીઓના સંપર્કમાં છે. ત્રણ દિવસ પહેલા ઓમાનના કિનારે પલટી ગયેલા કોમોરોસ ધ્વજવાળા કાર્ગો જહાજમાં સવાર ૧૩ ભારતીયોમાંથી આઠને બચાવી લેવામાં આવ્યા છે. આ સિવાય શ્રીલંકાના એક નાવિકને પણ બચાવી લેવામાં આવ્યો છે. ભારતીય નૌકાદળના યુદ્ધ જહાજેં દ્રજી તેગે કોમોરોસ-ધ્વજવાળા એમટી ફાલ્કન પ્રેસ્ટિજ પર સવાર આઠ ભારતીયો અને એક શ્રીલંકાના સહિત નવ ખલાસીઓને બચાવ્યા છે, જે ૧૫ જુલાઈએ ઓમાનના દરિયાકાંઠે પલટી ગઈ હતી, એમ સંરક્ષણ અધિકારીએ જણાવ્યું હતું. ભારતીય નૌકાદળની સંપત્તિ અને ઓમાની એજન્સીઓ હજુ પણ આ વિસ્તારમાં



શોધ અને બચાવ કામગીરી કરી રહી છે. પીટીઆઈના જણાવ્યા અનુસાર, સૂત્રોએ જણાવ્યું હતું કે સર્ચ ઓપરેશન દરમિયાન એમટી ફાલ્કન પ્રેસ્ટિજના નવ ક્રૂ સભ્યો - આઠ ભારતીય અને એક શ્રીલંકાના - બચાવી લેવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે બાકીના ક્રૂ સભ્યોને શોધવા માટે આ વિસ્તારમાં શોધ અને બચાવ કામગીરી ચાલુ રહેશે. સૂત્રોએ જણાવ્યું કે ઓમાનમાં ભારતીય દૂતાવાસ ગલ્ફ દેશના સંબંધિત અધિકારીઓના સંપર્કમાં છે. એક સૂત્રએ અગાઉ જણાવ્યું હતું કે એમટી ફાલ્કન પ્રેસ્ટિજ નામના જહાજએ ૧૪મી જુલાઈના રોજ લગભગ ૨૨૦૦ કલાકે ઓમાનના દરિયાકાંઠે એક ડિસ્ટ્રેસ કોલ મોકલ્યો હતો.



ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને 'વિંગ્સ ટુ અવર હોપ્સ' નામના ચાર પુસ્તકોની પ્રથમ નકલો મળી; રાષ્ટ્રપતિ ભવન ખાતે કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ તરફથી 'રાષ્ટ્રપતિ ભવનઃ હેરિટેજ મીટ્સ ધ પ્રેઝન્ટ'. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોમાં માહિતી અને પ્રસારણ અને સંસદીય બાબતોના રાજ્યમંત્રી ડો. એલ. મુરુગન, પ્રકાશન વિભાગના નિયામક અને માહિતી અને પ્રસારણ મંત્રાલયના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# ઇન્ફ્લુએન્સર ૩૦૦ ફૂટ ઊંડી ખાઈમાં પડી જતા મૃત્યુ થયું

। (એજન્સી) મુંબઈ, તા.૧૮ ।

આજના યુવાનોમાં સોશિયલ મીડિયા પર રીલ બનાવવાનો ક્રેઝ એટલો બધો છે કે તેઓ જોખમ ઉઠાવવામાં જરા પણ અચકાતા નથી. રીલ કે વીડિયો બનાવતી વખતે ઘણી વખત અકસ્માતો થાય છે. આવી જ એક ઘટના મુંબઈમાં પ્રકાશમાં આવી છે, જેમાં ૨૭ વર્ષીય ઈન્સ્ટાગ્રામ ઈન્ફ્લુઅન્સરે પોતાનો જીવ ગુમાવ્યો છે. અકસ્માત થયો ત્યારે યુવતી રીલ બનાવી રહી હતી. મળતી માહિતી મુજબ આ ઘટના માનગાંવ તાલુકાના કુંભે વોટરફોલ પર બની હતી. અહીં અન્વી કામદાર નામની યુવતી તેના મિત્રો સાથે મુંબઈથી રીલ બનાવવા માટે આવી હતી. કુંભે વોટરફોલ એક પ્રાકૃતિક સ્થળ છે, જ્યાં મોટી સંખ્યામાં લોકો પિકનિક માટે આવે છે. વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) અને પ્રખ્યાત ઈન્સ્ટાગ્રામ ઈન્ફ્લુઅન્સર અન્વી કામદારના સોશિયલ મીડિયા પર ૩ લાખથી વધુ ફોલોઅર્સ છે. અન્વી કુંભે ધોધ પર પહોંચી અને રીલ બનાવવા લાગી. આ દરમિયાન તેણીએ પોતાનું સંતુલન ગુમાવ્યું અને ૩૦૦ ફૂટ ઊંડી ખાઈમાં પડી ગઈ. જેના કારણે અન્વીનું મૃત્યુ થયું હતું.

### ઉત્તર પ્રદેશમાં બીજેપી નેતાનો વધુ એક ધડાકો

# મને મારવા માટે દુશ્મનોએ એક કરોડની સોપારી આપી

। (એજન્સી) લખનૌ, તા.૧૮ ।

દેશમાં અત્યાર સુધી બિહારમાં જંગલરાજની વાત આપણે સાંભળી છે પરંતુ હવે ઉત્તરપ્રદેશમાં પણ અસામાજિક તત્વોનો આતંક ફરી વધી રહ્યો છે. અવારનવાર બંદૂકની અણીએ હુમલાઓ, જાનથી મારી નાખવાની ધમકીઓ-ખંડણી અને અપહરણ-મર્ડરના કિસ્સાઓ પ્રકાશમાં આવી રહ્યાં છે. લોકસભા ચૂંટણી ૨૦૨૪માં ભાજપને યુપીમાં પડેલા ફટકામાં પણ ગૃહ વિભાગની રાજ્યમાં ઢીલી પકડ જવાબદાર માનવામાં આવી રહી છે અને ખાસ કરીને ભાજપ સંગઠનને જ સરકારનું ગૃહ વિભાગ સહકાર નથી આપી રહ્યું હોવાની ફરિયાદ હાઈકમાન્ડ સુધી પહોંચી છે ત્યારે હવે બીજેપીના એક ધારાસભ્યે હત્યાનો ડર સતાવી રહ્યાંનો ખુલાસો કરતા ચોતરફ અરેરાટી ફેલાઈ છે. ઉત્તર પ્રદેશના ગોરખપુરની કેમ્પિયરગંજ વિધાનસભા બેઠક પરથી ભાજપના સાત વખતના ધારાસભ્ય ફતેહ બહાદુર સિંહે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથને પત્ર લખીને તેમના જીવને જોખમ હોવાનો



ઉલ્લેખ કરીને સુરક્ષાની માંગ કરી છે. ધારાસભ્ય ફતેહ બહાદુર સિંહે કહ્યું કે, મારા વિરોધીઓ દ્વારા હત્યાનું ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે. મારી જાણકારી મુજબ વિરોધીઓએ આ માટે ૧ કરોડ રૂપિયા એકઠા કરીને મારી સોપારી પણ આપી છે. અમિત શાહ અને ઝસ યોગીને મેં અરજ કરી છે પરંતુ સૌથી મોટી ચિંતા એ છે કે પોલીસ પણ આ બધામાં સંડોવાયેલી છે. ફતેહ બહાદુરે કહ્યું કે, મારા પિતાનું ૫૨ વર્ષની વયે અવસાન થયું હતું. હું ૫૪ વર્ષની વયે મૃત્યુ પામીશ. આથી જ મેં બધાના ધ્યાન પર લાવી દીધું છે કે હું જીવતો રહીશ તો જ રાજકારણ કરી શકીશ. અત્રે ઉલ્લેખનીય છે કે ફતેહ બહાદુર સિંહ ભાજપના વર્તમાન ધારાસભ્ય છે અને તેઓ સાત વખત વિધાનસભામાં જન પ્રતિનિધિ તરીકે ચૂંટાઈને પહોંચી ચૂક્યાં છે. તદુપરાંત ફતેહ બહાદુર સિંહ પૂર્વ મુખ્યમંત્રી વીર બહાદુર સિંહના પુત્ર પણ છે. તેઓ માયાવતીની બહુજન સમાજ પાર્ટીની સરકારમાં વન મંત્રી પણ રહી ચૂક્યાં છે. એક અહેવાલમાં ફતેહ બહાદુર સિંહે જણાવ્યુ કે લગભગ ૧૧ દિવસ પહેલા કોઈએ મને મોબાઈલ પર કોલ કર્યો અને કહ્યું કે, તમે જ્યાં છો ત્યાંથી દૂર જતા રહો. તમારો જીવ જોખમમાં છે. મને લાગ્યું કે કોઈ પાગલ હશે પરંતુ આ પછી મને મારી નાખવા માટે કોન્ટ્રાક્ટ આપવા વિરોધીઓએ ફંડ એકત્ર કરવાનું શરૂ કર્યું. મારી માહિતી મુજબ લગભગ ૧ કરોડ રૂપિયા ભેગા થયા છે. 'મેં આ માહિતી રાજ્ય સરકારને આપી હતી પરંતુ ૧૦ દિવસ પછી પણ કોઈ તપાસ નથી થઈ કે કોઈ પોલીસ અધિકારીએ મને માહિતી મેળવવા ફોન પણ નથી કર્યો. આ પછી મેં કેન્દ્રીય નેતૃત્વને આ અંગે જાણ કરી હતી. હત્યાનું કાવતરું ઘડનારાઓનો પર્દાફાશ કરવામાં આવે તેવી મારી માંગ છે. આમ હવે યોગી રાજમાં જનતા જ નહિ પરંતુ તેમની પોતાની પાર્ટીના નેતા જ પોતાને સુરક્ષિત નથી માની રહ્યાં.

### પાકિસ્તાનની સ્થિતિ કંગાળ

# આઈએમએફે પાકિસ્તાનને પૈસા આપવા માટે ત્યાની સરકાર સામે કઠોર શરતો મૂકી

### લોકોને એક રોટલી માટે ૨૫ રૂપિયા ખર્ચવા પડી રહ્યા છે

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૮ ।

દેવામાં ડૂબેલા પાકિસ્તાનની સ્થિતિ કંગાળ થઈ ગઈ છે. લોકોને પોતાની પ્રાથમિક જીવન જરૂરિયાત ચીજવસ્તુઓ મેળવવી મુશ્કેલ બની ગઈ છે. પાકિસ્તાનમાં મોંઘવારી પહેલેથી જ ચરમસીમાએ પહોચી ગઈ છે. પરંતુ હવે રોજબરોજની ચીજવસ્તુઓના ભાવ વધારાને કારણે મોંઘવારીએ ફરી પાકિસ્તાની લોકોના ખિસ્સા ખાલી કર રહી છે. પાકિસ્તાનનું અર્થતંત્ર ચીનના દેવા નીચે દબાય ગયું છે. સરકારે IMF પાસે ભીખ માંગવાની જરૂર પડી છે. આઈએમએફે પાકિસ્તાનને પૈસા આપવા માટે ત્યાની સરકાર સામે કઠોર શરતો મૂકી છે. જે સરકાર માટે આફતરૂપ બની છે. દેશમાં લોટની કિંમત ૮૦૦ પાકિસ્તાની રૂપિયા પ્રતિ કિલો અને તેલ ૯૦૦ પાકિસ્તાની રૂપિયા પ્રતિ લિટર થઈ ગયો છે. સ્થિતિ એટલી ખરાબ છે કે લોકોને એક રોટલી માટે ૨૫ રૂપિયા ખર્ચવા પડી રહ્યા છે. પાકિસ્તાનમાં જીવન ખર્ચ પણ તેની ચરમસીમાએ પહોચી રહ્યો છે. લોકો જીવનજરૂરી ચીજવસ્તુઓ ખરીદવામાં પણ મુશ્કેલીઓ પડી રહી છે. પાકિસ્તાની રૂપિયાની કિંમત પણ સતત નીચે જઈ રહી છે. ખોરાકની સાથે સાથે આવાસ, શિક્ષણ, અને આરોગ્ય પણ સામાન્ય માણસની પહોંચની બહાર જઈ રહ્યું છે. તો બીજી તરફ આઈએમએફ પાકિસ્તાન સરકારને સબસિડી ખતમ કરવાનું દબાણ કરી રહ્યું છે. આ બધી વિકટ પરીસ્થિતિ હોવા છતાં પાકિસ્તાને સંરક્ષણ બજેટમાં ૧૫ ટકાનો વધારો કર્યો છે. પાકિસ્તાન સેનાને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે ૨,૧૨૨ અબજ રૂપિયા આપવામાં આવ્યા છે. પાકિસ્તાનના નાણામંત્રી મોહમ્મદ ઔરંગઝેબના જણાવ્યા અનુસાર, દેશની જીડીપી ૩.૬ ટકાની ઝડપે આગળ વધશે. જે ગત નાણાકીય વર્ષના ૩.૫ ટકાના આંકડા કરતાં વધુ છે. જોકે નિષ્ણાતોનું માની રહ્યા છે કે પાકિસ્તાન ૨.૩૮ ટકા જીડીપી સુધી જ પહોચી શકશે. પાકિસ્તાનનું કુલ બજેટ ૧૮,૮૭૭ અબજ રૂપિયા છે. આમાં રક્ષા ક્ષેત્રનો હિસ્સો બીજા નંબરે આવે છે. પાકિસ્તાન તેના મિત્ર એવા ચીનના દેવા નીચે દબાઈ ગયું છે. પાકિસ્તાનના કુલ બજેટનો સૌથી વધારે ખર્ચો દેવું ભરપાઈ કરવામાં ચાલ્યો જાય છે.

## તંત્રી લેખ...

# દેવ-દાનવ અને મનુષ્યની આ જ વાતો પુરાણોએ કરી હશે

ધર્મગ્રંથોમાં દેવતા અને દાનવ, બંનેનો ઉલ્લેખ છે. મોટા ભાગના લોકો પોતાના જીવનને ખુશહાલ બનાવવા માટે દેવી-દેવતાઓની પૂજા કરે છે, વ્રત-ઉપવાસ રાખે છે અને યજ્ઞ-અનુષ્ઠાન વગેરે પણ કરતા રહે છે. ક્યારેક ઘણા લોકો ધર્મ ક્ષેત્રના વિશેષજ્ઞો, મહાત્માઓ પાસે એ ઈચ્છા પણ પ્રગટ કરે છે કે શું ભગવાનનાં સાક્ષાત દર્શન કરી શકાય? આ વિશે અલગ-અલગ પ્રકારનાં આશ્વાસન આપવામાં આવે છે. બોધકથાઓ દ્વારા ધર્મગુરુ લોકોને સમજાવે છે અને સંતુષ્ટ કરે છે. જોકે દેવી-દેવતાના સાક્ષાત દર્શન થઈ શકે છે, પરંતુ ભગવાન વિષ્ણુ, મહાદેવ, મહાકાળી જો ખરેખર પૂજા-પાઠ દરમ્યાન આવી જાય તો ઉપાસક ખુદ થરથર કાંપવા લાગશે. ભગવાનના કરેલા કાર્યોને પોતાના જીવનમાં અપનાવીને ખુદ ભગવાનનો દરજ્જો હાંસલ કરવો ધર્મગ્રંથોનો મૂળ ઉદ્દેશ્ય છે. શ્રીરામ કથામાં પ્રસંગ છે કે ભગવાન શ્રીરામ જન્મ લીધા બાદ જેવા જ પોતાના સુદર્શન ચક્રધારી ચતુર્ભુજ રૂપ માતા કૌશલ્યાને દેખાડે છે તો તે ગભરાઈ જાય છે અને તાત્કાલિક તેમને શિશુ રૂપ ધારણ કરવાની પ્રાર્થના કરવા લાગે છે. ભગવાન શ્રીરામ ધર્મગ્રંથોમાં વર્ણિત અનેક રાજાઓની જે જ સામાન્ય રાજા જ રહી જાત, જો તેઓ વનવાસ માટે ન ગયા હોત. વસ્તુતઃ કોઈપણ પોતાના કાર્યોથી ભગવાન બની જાય છે અને દૈત્ય પણ બની જાય છે. ગૌતમ બુદ્ધે માનવતાની સેવા કરવા માટે ઐશ્વર્યપૂર્ણ રાજમહેલ છોડી દીધો. ત્યારબાદ પોતાના આચરણથી ખબર નહીં કેટલાય દૈત્ય પ્રવૃત્તિના લોકોને દેવ શ્રેણીમાં લાવી દીધા. કોઈપણ વ્યક્તિ સડક પર ઘાયલ વ્યક્તિને જ્યારે હોસ્પિટલ પહોંચાડીને તેનું જીવન બચાવે છે ત્યારે એ ક્ષણે તે જીવનદાતાની શ્રેણીમાં તો આવી જ જાય છે. એટલા માટે માનવતાની સેવા કરીને દેવસ્વરૂપ હાંસલ કરવું વધુ સરળ અને સહજ માર્ગ છે. આપણા ધર્મગ્રંથોમાં દેવો અને દાનવોની અનેક વાતો આવે છે. રાક્ષસો માયાવી હતા અને અનેક રૂપ ધારણ કરી શકતા હતા, એમની પાસે જાદુઈ શક્તિઓ હતી અને દેવો પણ એમનાથી ડરી જઈ યોજનાબધ્ધ રીતે તેમનો સંહાર કરતા; આવી અનેક વાતોથી આપણા ધર્મગ્રંથો ભરેલા પડ્યા છે. કંસ અને રાવણ તો મહાભારતના અને રામાયણના મુખ્યપાત્રો છે, અને એમનો નાશ કરવા વિષ્ણુને અવતાર લેવા પડેલા એવી વાતો આ ગ્રંથોમાં આલેખવામાં આવી છે. હકીકતમાં એ સમયના અલગ અલગ પ્રકૃતિના માનવીઓનું આ વર્ગીકરણ છે. આજના સંદર્ભમાં જોઈએ તો કંસ અને રાવણને આંબી જાય એવા પાત્રો ક્યાં નથી? સંપત્તિના બટવારામાં સગીબહેનને કોર્ટમાં ખેંચી જઈ, ખોટા સાક્ષીઓ ઊભા કરી.


# પાકિસ્તાની 'ઘૂસણખોરી'ને ઉત્તેજન આપવામાં રાજકીય પક્ષોનું વલણ જવાબદાર



જમ્મુ-કાશ્મીરના ડોડા જિલ્લામાં સોમવારે રાત્રે આતંકીઓ સાથે અથડામણમાં એક કેપ્ટન સહિત ચાર જવાનોના બલિદાને ફરીથી એ ઉજાગર કર્યું છે કે આતંકવાદ વિરુદ્ધ લડાઈ જેટલી મુશ્કેલ છે એટલી જ જરૂરી છે. છેલ્લા લગભગ ચાલીસ દિવસોમાં ૧૨ જવાન અને ૧૦ નાગરિકો વિભિન્ન આતંકી ઘટનાઓમાં માર્યા ગયા છે. સ્પષ્ટ છે કે ઘાટીમાં સુરક્ષા દળોની સક્રિયતાથી ગિન્નાયેલા આતંકી પોતાના દુસ્સાહસથી હવે રાજ્યનાએ ભાગમાં દહેશત પેદા કરવા માગે છે, જેને હાલના વર્ષોમાં અપેક્ષાકૃત શાંત માનવામાં આવતો હતો. હજુ થોડા દિવસ પહેલાં કઠુઆમાં ફૌજી વાહન પર આતંકી હુમલામાં પાંચ સૈનિકો બલિદાન થયા હતા. જોકે ગાઢ જંગલોનો ફાયદો ઉઠાવીને આતંકી ત્યારે બચી નીકળ્યા હતા. આ વખતે સર્ચ ઓપરેશન ચાલુ છે. સુરક્ષાકર્મીઓની મુશ્કેલી એ છે કે જમ્મુના રહેણાંક વિસ્તારોમાં આબાદી ઘણી ગીચ છે અને જંગલ ક્ષેત્ર એટલું ગાઢ છે કે તેનું હવાઈ નિરીક્ષણ કરવું શક્ય નથી. એવામાં આતંકીઓની ઓળખ કરીને તેમને ઘેરવામાં ઘણી મુશ્કેલી પડે છે. ડોડા ઘટનાની જવાબદારી લેનારા 'કાશ્મીર ટાઈગર્સ' જેવા આતંકી સંગઠનોના તાજા ધૂંધવાટનું એક મોટું કારણ જમ્મુ-કાશ્મીરમાં રાજકીય પ્રક્રિયાની બહાલીને લઈને વધેલી ગરમી છે. એવામાં આતંકીઓની બેચેની સમજી શકાય છે કે જે રીતે લોકસભા ચૂંટણીમાં ઘાટીમાં લોકો મતદાન કેન્દ્રો પર ઉમટી પડ્યા અને દાયકાઓ જૂનો રેકોર્ડ તૂટ્યો, જો વિધાનસભા ચૂંટણીમાં લોકોનો ઉત્સાહ ઓર વધ્યો એટલે જે 'સ્લીપર સેલ'ને કારણે આતંકનો આખો કારોબાર ચલાવે છે, તેઓ પણ મુખ્યધારા પ્રત્યે આકર્ષિત થઈને, તેના વિરુદ્ઘ થઈ શકે છે અને પછી તેના સફાયામાં બહુ સમય નહીં લાગે. એટલે તેમને ઘાટીને બદલે જમ્મુમાં પોતાની સક્રિયતા વધારી છે, જેથી લોકતાંત્રિક પ્રક્રિયાને બાધિત કરી શકાય અને સીમા પારના આકાઓ પાસેથી મદદ મેળવવાનો સિલસિલો ચાલુ રહે. પરંતુ આતંકીઓ વિરુદ્ઘ સુરક્ષા દળોની લડાઈના આ મહત્ત્વના વળાંક પર જમ્મુ-કાશ્મીરનાં પૂર્વ મુખ્યમંત્રી મેહબૂબા મુફતીએ રાજ્ય પોલીસને જે રીતે ઘેરવાની કોશિશ કરી, તે નિંદનીય જ છે. મેહબૂબા શીર્ષ પોલીસ અધિકારી પર જેવા આરોપ લગાવી રહ્યાં છે, તેનાથી પહેલેથી જ વિભાજિત સમાજમાં ધ્રુવીકરણ વધશે, બલ્કે સુરક્ષા દળોના મનોબળ પર પણ તેની ખરાબ અસર પડશે. પોલીસના ઉચ્ચ અધિકારી જો કહી રહ્યા હોય કે ઘાટીના નાગરિક સમાજમાં પાકિસ્તાની 'ઘૂસણખોરી'ને ઉત્તેજન આપવામાં કેટલાક રાજકીય પક્ષોનું વલણ પણ જવાબદાર છે, તે આધારહીન નથી. મુશ્કેલી એ છે કે કોઈપણ રાજ્યને આતંક મુક્ત કરવા માટે રાજકીય વર્ગો અને પ્રશાસનિક તંત્રમાં બહેતર તાલમેલ પહેલી જરૂર છે. જમ્મુ-કાશ્મીરના રાજકીય પક્ષોએ તેને જાણવા માટે બહુ દૂર જોવાની જરૂર નથી. પંજાબમાં આતંકવાદના સફાયામાં સફળતા એટલા માટે મળી શકી, કારણ કે ત્યાંના તમામ રાજકીય પક્ષોએ એક સૂરમાં આતંકીઓનો વિરોધ કર્યો. પરંતુ આ રાજકીય એકજુટતાની ઉણપ જમ્મુ-કાશ્મીરમાં હંમેશાં જોવા મળી છે. એટલે સમયની માંગ છે કે રાજકીય પાર્ટીઓ અને પોલીસ-પ્રશાસન સાથે જોડાયેલા લોકો પહેલાં એકજુટતા દેખાડે, નહિ તો આતંકી તેમના સાર્વજનિક મતભેદોનો લાભ ઉઠાવતા રહેશે.

**સમયને ચક્ર સાથે સરખાવ્યો છે, એટલે સમયચક્રનું દૈનિક આવર્તન પૂરું થયું એમ કહી શકાય, એમાં દેખીતી રીતે કોઈ જ નવીનતા હોતી નથી**

# ઈશ્વરની જેમ જીવનનાં ત્રણ જ આયામ છે સત્યમ શિવમ સુંદરમ..!



સદગુરુ વચનામૃત

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**સત્ય એટલે ઈશ્વર, ગીતના શબ્દો મુજબ જોઈએ તો, વાસ્તવિકતા એ જ સત્ય છે, અને તેનો સ્વીકાર જ જીવનમાં કલ્યાણકારી ભાવના જગાડી શકે, અને તો જ જીવન સુંદર એટલે કે ફરિયાદ વગરનું જીવી શકાય, અથવા તો કલ્યાણની ભાવના જીવનમાં ભળે ત્યારે જ જીવન સુંદર અને જીવવા લાયક બનતું હોય છે, અને એટલે જ કવિ જાગો ઉઠ કર દેખો, એટલે કે આવા અજ્ઞાનને દૂર કરો.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. પ્રકૃતિની રીતે જોઈએ તો અહીં રોજ એની એ જ ઘટના ઘટતી હોય છે, એટલે કે રોજ સવારે પૂર્વમાં સૂર્યોદય થવો, પંખીઓનું ઉડવું, વનસ્પતિઓનું ઓક્સિજન કાઢવું, તેમજ જેમ જેમ દિવસ આગળ વધે તેમ સૂર્યની તીવ્રતા અને ગતિ પણ પશ્ચિમ તરફ આગળ વધે. વળી સાંજ પડે સૂર્યાસ્ત થાય, અને વનસ્પતિઓ ઓક્સિજનની બદલે કાર્બન ડાયોક્સાઈડ બહાર કાઢે, ચંદ્રનું આકાશમાં આગમન થાય, અને રાતનો અંધાર અને શીતળતા! વળી રાત્રિના ચોઘડિયા પૂરા થતાં બીજા દિવસનો સૂર્યોદય. એટલે એની એ જ ઘટમાળ, સમયને ચક્ર સાથે સરખાવ્યો છે, એટલે સમયચક્રનું દૈનિક આવર્તન પૂરું થયું એમ કહી શકાય, અને એમાં દેખીતી રીતે કોઈ જ નવીનતા હોતી નથી. હા ઋતુ પ્રમાણેના બદલાવ આવે, પણ એક ઋતુની રીતે જોઈએ તો, શિયાળામાં ઉનાળામાં અને ચોમાસામાં સરખા જ દિવસો આ રીતે આવર્તન પામતા હોય છે. પરંતુ વ્યક્તિગત રીતે દરેકના જીવનમાં આ આવર્તન દરમિયાન જુદી-જુદી કેટલી એ ઘટના ઘટતી હોય છે કોઈને ત્યાં સારી ઘટના ઘટે, તો કોઈને ત્યાં દુ:ખદ ઘટના પણ ઘટે, અને કોઈને ચિંતા કરાવતી ઘટના પણ ઘટે, જેમ કે મોટાભાઈનું બાયપાસનું ઓપરેશન! ના ના આપ સૌ વિચારો છો એવું બિલકુલ નથી, કારણકે મોટાભાઈ પોતે ઈમાનદારીનું બીજું નામ છે! અને પૂર્ણ પણે અમે બધાં જ સ્વસ્થ અને ઈશ્વર પ્રત્યે સકારાત્મક ઉર્જા ધરાવીએ છીએ,પણ આવાં સંજોગોમાં માનવી તેનો પોતાની બુદ્ધિ પ્રમાણે અર્થ કાઢી તેની સામે ઝઝૂમતો હોય છે. એને કારણે કોઈવાર જીવનની ગતી રોકાતી નથી, છતાં પણ ક્યારેક કોઈ દુઃખદ ઘટના ઘટે તો જીવન થંભી ગયું હોય એવું ચોક્કસ લાગે, ઈશ્વર પરથી ભરોસો ઊઠી જાય, અને કયા કર્મોની સજા કરી રહ્યો છે, વગેરે વગેરે મોઢામાંથી ઉદગારો નીકળે, અને બહુ સ્વાભાવિક રીતે જ આવું આપણા બધા સાથે થતું હોય. દેખીતી રીતે કોઈને પોતાના દોષ દેખાતા નથી, અને કોઈ ગંભીર ફટકો ન પડે, ત્યાં સુધી સૌ પોતાના અહમના અસ્તિત્વના બળે જ અહીં જીવતા હોય છે. સહનશક્તિના અભાવે શ્રદ્ધાની નાવ હાલકડોલક થાય છે, અને પરમ કૃપાળુ પરમાત્મા એ લખેલા આપણા પ્રારબ્ધ પર પણ આપણને પ્રશ્નાર્થ થાય છે. બાકી જીવનના તો ત્રણ જ આયામ છે, સત્યમ શિવમ અને સુંદરમ. તો આજે આપણે તરાને કી તર્જ જીવન કા અર્કમાં આ ગીત પર ચિંતન કરીશું.

**ઈશ્વર હી સત્ય હૈ,**
**સત્ય હી શિવ હૈં,**
**શિવ હી સુંદર હૈ,**
**જાગો ઉઠકર જાગો,**
**જીવન ઉજાગર હૈ.હાઆઆ...**
**સત્યમ શિવમ સુંદરમ, સત્યમ શિવમ સુંદરમ.**

૧૯૭૮માં રાજ કપૂરના નિર્દેશન અને દિગ્દર્શનમાં બનેલી આ ફિલ્ ના મુખ્ય કિરદાર શશી કપૂર ઝીનત અમાન અને પદ્મિની કોલ્હાપુરે દ્વારા અભિનીત હતી.આ ગીતના શબ્દો જયેન્દ્ર જૈને લખ્યા છે. ટ્રેજડીમાં પણ રોમાન્સ એ રાજ કપૂરની ખાસિયત હતી, અને ખૂબ જ ઉત્કૃષ્ટ ફિલ્મ અને ખૂબ સફળ ગીત સંગીત, ફિલ્મ પણ ખૂબ સફળ રહી. પરંતુ આપણે ફિલ્મ નહીં, આ ગીતના શબ્દોને પકડવાના છે, એટલે કે એનો ભાવાર્થ જોઈએ, તો જીવનના આ ત્રણ આયામ છે, જો શરણાગત થઈએ તો ત્રણે ત્રણ આયામ ઈશ્વર નિર્મિત છે, અને એને શ્રદ્ધાપૂર્વક સ્વીકારવા ના હોય તો ઈશ્વર નિર્મિત જ હોય છે, પરંતુ માનવી પોતાની બુદ્ધિનું ચોચલું તેમાં નાખ્યા વગર રહી શકતો નથી, અને એને પરિણામે નથી શરણાગત થઈ શકાતું, કે નથી ખુદ્દાર થઈ શકાતું. જીવન જો આપણા બાહ્યાડંબરના પ્રપંચોથી ઘેરાયેલું ન હોય તો ખરેખર સુંદર છે, અને એ જ સત્ય પણ છે, અને શિવ પણ છે, એટલે કે વાસ્તવિકતાનો સુંદર પહેલું આપણને ક્યારેય દેખાતો નથી, અને એટલે જ આપણે કલ્યાણકારી ભાવ કાયમ રાખી શકતાં નથી. આપણે દરેકે કીડીને જોઈ જ છે, કીડી પોતાની મસ્તીમાં એકધારી સીધી લીટીમાં ચાલતી હોય છે, બહુ ભાગ્યે જ તે આડી અવડી ચાલે. કોઈ વાર એનાથી કોઈ મોટું જંતુ મરી ગયું હોય, માખી કે વાંદો, કંસારી કે પછી અન્ય તો એને કેટલી બધી કીડીઓ તાણીને લઈ જતી હોય છે, એ દ્રશ્ય પણ સૌ કોઈએ જોયું હશે, અને ત્યારે તેની ચાલની સંગતતા તૂટી જાય છે, કારણ કે તેના ખભે ભાર છે. હવે કીડીના ખભે તો અન્ય કોઈ ભાર છે. પરંતુ માનવી તો પોતાના ખભે રહેલા આવા અજ્ઞાનના ભારને કારણે ચાલની સંગતતા ચૂકી જાય છે, અને જીવનનો આનંદ લઈ શકતો નથી, અને મોટેભાગે આવું જ થતું જોવા મળે છે.હા સમય સંજોગનું એક મહત્વ હોય છે, પરંતુ એનો ભાર આપણે ન ઉંચકી શકીએ એવું હોતું નથી, પણ આપણા નિર્બળ મનની તે સ્થિતિ દર્શાવે છે. બાકી તો પગ વગરના કે અપંગ એ પણ એવરેસ્ટ સર કર્યાના દાખલાઓ છે. એટલે હિંમત કે મનોબળ બરકરાર રહે, તો ગમે તેવી કપરી પરિસ્થિતિમાં પણ જીવનની મોજ માણી શકાય, અહીં મોજનો મતલબ ખાવું-પીવું નાચવું ગાવું કે પહેરવું એવો બિલકુલ નથી, એ ખાસ યાદ રાખવું. અહીં મોજનો મતલબ ફરિયાદ વગરનું જીવન જીવી શકાય એ સંદર્ભે છે, બાકી ભોગી જીવ માટેના એ લપસિયા તો હર મુકામે આવે જ છે, અને જે લપસી ગયો એ ક્યારેય ઉપર ઊઠી શકતો નથી. સત્ય એટલે ઈશ્વર, ગીતના શબ્દો મુજબ જોઈએ તો, વાસ્તવિકતા એ જ સત્ય છે, અને તેનો સ્વીકાર જ જીવનમાં કલ્યાણકારી ભાવના જગાડી શકે, અને તો જ જીવન સુંદર એટલે કે ફરિયાદ વગરનું જીવી શકાય, અથવા તો કલ્યાણની ભાવના જીવનમાં ભળે ત્યારે જ જીવન સુંદર અને જીવવા લાયક બનતું હોય છે, અને એટલે જ કવિ જાગો ઉઠ કર દેખો, એટલે કે આવા અજ્ઞાનને દૂર કરો, ફરિયાદોને દૂર કરો, તો જ જીવનનું આ સત્ય સ્વીકારી શકાશે, અનુભવી શકાશે, જીવનને સુંદર બનાવી શકાશે, અથવા તો કલ્યાણની ઉચ્ચત્તમ ભાવનાથી જીવી શકાશે. આમ પણ જીવનમાં જાગ્યા વગર કંઈ જ દેખાતું નથી, સ્થૂળ રીતે જોઈએ તો પણ જો જાગે નહીં, તો સૂર્ય ઉદય કેમ દેખાય! અને વહેલી પ્રભાતને કેમ માણી શકાય! એટલે જીવનમાં જાગૃતિ ના ખૂબ જ બહોળા લાભ છે, અને એકવાર જીવ જો જાગી જાય તો, આ સંસાર કે આ ભોગ તેને ફરી ભોગી ની શ્રેણીમાં લઈ જઈ શકતો નથી. આપણે ચિંતનમાં રોજ જીવન પ્રત્યે હકારાત્મક કે સકારાત્મક અભિગમ કેળવવા માટે જુદી જુદી વાતો કરતા હોઈએ છીએ. પરંતુ હકારાત્મક ત્યારે જ બની શકાય જ્યારે આપણે જીવનમાં જાગૃતિ તરફ દ્રષ્ટિ કરીએ, એટલે કે ખુદના જાગ્યા વગર અહીં કંઈ જ શક્ય નથી. આધ્યાત્મિક ગતિ એ એવી ગતિ છે, જ્યાં પોતાનાથી જ ગતિ શક્ય છે. એટલે કે જવાનું છે પ્લેનમાં પણ એરપોર્ટ સુધી તો આપણા પગે જ આપણે પહોંચવું પડે, એમ અધ્યાત્મની આ સુંદર અનુભૂતિ માટે આચરણરૂપી ચરણને થોડી ગતિ કરાવવી પડે અને જે જાગ્યા વગર શક્ય જ નથી. આપણે આજના ચિંતનની શરૂઆતમાં જોયું કે સમયચક્રના આવર્તન મુજબ રોજ સૂર્યનો ઉદય થાય, અસ્ત થાય, રાત પડે, વળી પાછો સૂર્યોદય થાય, એટલે દેખીતી રીતે આમાં કોઈ નવીનતા નથી, વૈવિધ્ય નથી, પરંતુ સુંદરતા તો આ પ્રકૃતિને નિહાળનારની દ્રષ્ટિમાં સમાયેલી છે. આપણને જે શુષ્ક લાગે, નિરસ લાગે, એ પ્રકૃતિમાંથી પણ ઘણાનું સુંદર સર્જન થતું હોય છે, અને વેસ્ટમાંથી બેસ્ટ એ આજકાલ ઘણાં વિસ્તૃત આયામ પર જોવા મળે છે. પણ પ્રકૃતિની વાત કરીએ તો, રોજ સૂર્યોદય થાય અને સવાર પડે, એટલે છોડ પર નવાં નવાં ફૂલ ખીલે, ભમરાઓ ફુલને જોઈને ગુંજન કરે, પક્ષીઓ ઝાડ પરનાં મીઠા ફળને ખાય, ખિસકોલી જાણે ખૂબ કામ હોય તેમ દોડાદોડ શરૂ કરી દે, પક્ષીઓ મીઠો કલરવ કરે, ગાય પણ પોતાના વાછરડાને દૂધ પીવડાવે, અને અન્ય જીવ-જંતુ પણ પોતાની મસ્તીમાં આવી જાય, અને કવિઓ આ દ્રશ્યને જોઈ સુંદર કવિતા લખે. એટલે પૃથ્વી નામક આ ગ્રહ પર જન્મ લઈને આવ્યાં છીએ,તો આ જીવનની દેન એ જ ઈશ્વર રુપી સત્ય છે, અને એને જ શિવ બનાવવાનું છે,તો શિવ એટલે કે કલ્યાણ, અને કલ્યાણ રુપે શિવથી જ જીવન સુંદર બની શકે. આપણે સૌ આપણા જીવનમાં આવી પડતી આવી કઠીન ઘડીએ ધીરજ ગુમાવ્યા વગર, ઈશ્વર પ્રત્યે ફરિયાદ કે સંશય કર્યા વગર આ સમયે પણ કલ્યાણની ભાવના મનમાંથી જાય નહીં, તેનું ધ્યાન રાખીને જીવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહવંદન અને જય સીયારામ.

**જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો સરસ્વતીના કિનારે રહેવું પડશે, કર્દમ થવું પડશે, કર્દમ થાશો તો બુદ્ધિ દેવહુતિ થશે**

# જગતના કોઈ જીવ પ્રત્યે તમે કુભાવ રાખશો, તો તે જીવ પણ તમારા પ્રત્યે કુભાવ જ રાખશે



વિશેષ

યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**ચાર પુરુષાર્થોમાં પ્રથમ ધર્મ છે અને ચોથો મોક્ષ, વચ્ચે અર્થ અને કામ છે, ધર્મ અને મોક્ષની વચ્ચે અર્થ અને કામને રાખ્યા છે, તે બતાવે છે અર્થ અને કામ, ધર્મ અને મોક્ષને અનુસરીને પ્રાપ્ત કરવાનાં છે, ધર્મ અને મોક્ષ બંને પુરુષાર્થ મુખ્ય છે, બાકીનાં બે, અર્થ અને કામ ગૌણ છે, ધર્મ વિરુદ્ધનો કોઇપણ પુરુષાર્થ સફળ થતો નથી, સૌથી પ્રથમ પુરુષાર્થ ધર્મ છે.**

પરમાત્મા કૃપા કરે ત્યારે જ જીવાત્માના હાથે સત્કર્મ થાય છે. સત્કર્મ કરવાની ઘણાને ઈચ્છા થાય છે, પણ થતું નથી. અહીં સત્સંગ મદદરૂપ થાય છે. સત્સંગની સિફારસ પ્રભુને પહોંચે છેને ભક્ત સર્વ સમર્પણ કરી પોતાને માથેથી ભાર ઉતારી નાંખે છે, ને પ્રભુને એ સહેવો પડે છે. હિમાલયમાં એક સ્થાન છે. ત્યાં ઊભા રહીને આપણે જે બોલીએ એનો ત્રણ વખત પડઘો પડે છે. ત્યાં જઈને તમે બોલોકે,તારું સત્ય નાશ જાય! તમે જેવું બીજાને માટે બોલશો કે વિચારશો તેનો પડઘો તમારા માટે પણ પડશે એટલે સર્વ માં સમભાવ રાખશો તો સામેથી તમને પણ સર્વનો સમભાવ મળશે. ચોર ચોરી કરવા જતાં એવી પ્રાર્થના કરે કે, પ્રભુ, જો મને આજે મોટો માલ મળશે, તો હું તમારી પૂજા કરીશ! ભગવાન શું આવી પૂજા સ્વીકારે? માટે ગમે તેવા પ્રસંગમાં પણ સર્વ પ્રત્યે સદભાવ રાખવો. પાત્ર વગર જ્ઞાન ટકે નહીં. સુપાત્ર વગર જ્ઞાન શોભે નહીં. જ્ઞાન ક્રિયાત્મક ન થાય ત્યાં સુધી તે અજ્ઞાન જેવું છે. બહુ જાણવા કરતાં તે જાણ્યું તેને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરવો. જ્ઞાન ક્રિયાત્મક બને ત્યારે જ એ શાંતિ આપે છે.જ્ઞાનનો અંત આવ્યો નથી અને આવવાનો નથી. પરંતુ જ્ઞાનને શબ્દરૂપ નહીં,ક્રિયારૂપ બનાવો. ગુરુએ આપેલું જ્ઞાન ક્રિયામાં કેવી રીતે ઉતારવું, જ્ઞાન અને ક્રિયાનું મધરુ મિલન કેવી રીતે કરવું એ ત્રીજા સ્કંધમાં બતાવ્યું છે. કપિલ એટલે જિતેન્દ્રિય. જિતેન્દ્રિય જ્ઞાનને પચાવી શકે છે. વિલાસી લોકો જ્ઞાનનો અનુભવ કરી શકે નહીં. વેદાંતનો અધિકાર સર્વને નથી.વેદનો અધિકાર કેવળ વિરક્તને છે.અતિ સાત્ત્વિક જીવન ગાળનાર ઋષિઓ જેનું ચિંતન કરે છે તે ઉપનિષદ્.તે જ વેદાંત. વેદનો અંત વેદાંત. વેદની સમાપ્તિ ઉપ નિષદમાં છે. વૈરાગ્ય અને સંયમ વગર જ્ઞાન પચતું નથી. તે જ્ઞાનને જીવનમાં ઉતારી ભક્તિમય જીવન ગાળનારાં ઓછાં છે. જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો સરસ્વતીના કિનારે રહેવું પડશે, કર્દમ થવું પડશે. કર્દમ થાશો તો બુદ્ધિ દેવહુતિ થશે,એટલેકે જિતેન્દ્રિય થશો, તો બુદ્ધિ નિષ્કામ થશે, જ્ઞાન સિદ્ધ થશે, જ્ઞાન સિદ્ધ થયા પછી પુરુષાર્થ સિદ્ધ થાય છે. ત્રીજા સ્કંધમાં સર્ગ લીલા હતી. આ સ્કંધમાં વિસર્ગ લીલા છે. પુરુષાર્થ ચાર છેઃ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. એટલે ચતુર્થ સ્કંધમાં ચાર પ્રકરણો છેઃ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. ધર્મ પ્રકરણના અધ્યાય સાત છે. સાત પ્રકારની જેની શુદ્ધિ હોય તેને ધર્મ સિદ્ધિ થાય છે. સાત શુદ્ધિઓ ૧.દેશશુદ્ધિ,૨. કાલશુદ્ધિ, ૩. મંત્રશુદ્ધિ, ૪. દેહશુદ્ધિ, ૫. વિચારશુદ્ધિ, ૬. ઈન્દ્રિયશુદ્ધિ અને ૭. દ્રવ્યશુદ્ધિ. અર્થ પ્રકરણના પાંચ અધ્યાય. કારણ અર્થની પ્રાપ્તિ પાંચ સાધનથી થાય છે. પાંચ સાધનોઃ ૧. માતા અને પિતાના આશીર્વાદ, ૨. ગુરુકૃપા, ૩. ઉદ્યમ, ૪. પ્રારબ્ધ અને ૫. પ્રભુકૃપા.કામ પ્રકરણના અગિયાર અધ્યાય. કારણ કામ અગિયાર ઈન્દ્રિયોમાં રહેલો છે. પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય અને અગિયારમું મન.એ અગિયાર ઠેકાણે કામ રહેલો છે. રાવણને દસ મસ્તકો હતાં એટલે રાવણરૂપી કામ દસ ઈન્દ્રિયોમાં રહેલો છે. સર્વને રમાડે તે રામ, સર્વને રડાવે તે રાવણ.કામ જીવ માત્રને રડાવે છે. રામ જેવા નિર્વિ કારી બનો તો રાવણ એટલે કામ મરશે અને કામ મરશે તો રામ મળશે. મોક્ષ પ્રકરણના આઠ અધ્યાય છે. પ્રકૃતિના આઠ પ્રકાર છે. પૃથ્વી, જળ,આકાશ,વાયુ,તેજ,મન,બુદ્ધિ અહંકાર. આ અષ્ટધા પ્રકૃતિ ઉપર વિજય મેળવનાર મુક્ત બને છે. પ્રકૃતિ એટલે સ્વભાવ.અનેક જન્મોના સંસ્કારોને અનુસરી મન દોડે છે. મોટા મોટા ઋષિઓ પણ પ્રકૃતિને એટલેકે સ્વભાવને વશ રાખી શક્યા નથી, તેથી બંધનમાં આવ્યા છે. પ્રકૃતિને વશ થાય છે જીવ અને જેને પ્રકૃતિ વશ થાય છે તે ઈશ્વર. આઠ પ્રકારની ભક્તિ, શ્રવણ, કીર્તન વગેરે જેને સિદ્ધ થાય તે ઈશ્વરનો થાય. આમ એકત્રીસ અધ્યાયોનો આ ચતુર્થ સ્કંધ છે. ચાર પુરુષાર્થોમાં પ્રથમ ધર્મ છે અને ચોથો મોક્ષ. વચ્ચે અર્થ અને કામ છે. ધર્મ અને મોક્ષની વચ્ચે અર્થ અને કામને રાખ્યા છે. તે બતાવે છે અર્થ અને કામ, ધર્મ અને મોક્ષને અનુસરીને પ્રાપ્ત કરવાનાં છે. ધર્મ અને મોક્ષ બંને પુરુષાર્થ મુખ્ય છે. બાકીનાં બે, અર્થ અને કામ ગૌણ છે. ધર્મ વિરુદ્ધનો કોઇપણ પુરુષાર્થ સફળ થતો નથી. સૌથી પ્રથમ પુરુષાર્થ ધર્મ છે. ધર્મને અનુસરીને અર્થ અને કામની પ્રાપ્તિ કરવાની છે. પૈસા મુખ્ય નથી. ધર્મ જ મુખ્ય છે. ધનથી સુખ મળે છે એ ખોટી વાત છે. સુખ મળે છે સંયમથી, સુખ મળે છે સદાચારથી, સુખ મળે છે સારા સંસ્કારોથી, સુખ મળે છે પ્રભુની ભક્તિથી, સુખ મળે છે ત્યાગથી. માનવજીવનમાં ધર્મ જ પ્રધાન છે. ધર્મ કરતાં પૈસો શ્રેષ્ઠ હોઈ શકે નહીં. ધર્મ આલોક અને પરલોકમાં સુખ આપે છે. મર્યા પછી ધન સાથે આવતું નથી, ધર્મ સાથે આવે છે. માટે ધન કરતાં ધર્મ શ્રેષ્ઠ છે. જ્યારથી લોકો અર્થને, પૈસાને મહત્ત્વ આપવા લાગ્યા ત્યારથી જીવન બગડયું છે. શંકર સ્વામીએ એક જગ્યાએ અર્થને અનર્થ કહ્યો. જ્યારે મનુષ્ય ધન કરતાં ધર્મને વિશેષ સમજે છે ત્યારે જ જીવન સુધરે છે.અર્થને ધર્માનુકૂલ રાખો. ધર્માનુકૂલ ન હોય તે તે અર્થ અનર્થ છે. દર્શન સંપત્તિ ની જેટલી જરૂર છે તેના કરતાં સારા સંસ્કારની વિશેષ જરૂર છે. તમારા જીવનમાં ધર્મને પહેલું સ્થાન આપજો અને કામ- અર્થને ગૌણ સ્થાન આપજો. જીવનમાં કામ અને અર્થ ગૌણ બને ત્યારે જીવનમાં દિવ્યતા આવે છે. ધર્મની ગતિ સૂક્ષ્મ છે. ધર્મ પછી કોઈકવાર અધર્મ બને છે. સદભાવના વગર ધર્મ સફળ થતો નથી. સત્ એટલે ઈશ્વર. ઈશ્વરનો ભાવ સર્વમાં સિદ્ધ કરે એનો ધર્મ સફળ થાય. ધર્મક્રિયા સદભાવ વગર સફળ થતી નથી. જગતના કોઈ જીવ પ્રત્યે કુભાવ રાખશો, તો તે જીવ તમારા પ્રત્યે કુભાવ રાખશે.સર્વ ક્ષેત્રમાં ક્ષેત્રજ્ઞ તરીકે પરમાત્મા રહેલા હોવાથી કોઈ જીવ પ્રત્યે કુભાવ રાખવો એ ઈશ્વર પ્રત્યે કુભાવ રાખવા જેવું છે. જીવ સાથે તો શું કોઈ જડ પદાર્થ પ્રત્યે પણ કુભાવ ન રાખવો. સર્વ જીવને સહૃદ નહીં, પણ ભૂતમાત્ર સહૃદ થવું એમ ગીતા કહે છે. સર્વમાં સદભાવ રાખજો. સર્વમાં સદભાવ એટલે જડ પદાર્થ પ્રત્યે પણ સદભાવ. આ વિશે એક દૃષ્ટાંત વિચારવા જેવું છે. એક દેશમાં એક રાજા અને તે નગરના નગરશેઠ વચ્ચે ગાઢ મિત્રતા. વાણિયા નગરશેઠનો વેપાર ચંદનનાં લાકડાં વેચવાનો. શેઠનો ધંધો બરાબર ન ચાલે. પાંચ વર્ષમાં શેઠને ખૂબ ખોટ ગઈ. છેવટે મહેતાજીએ જણાવ્યું કે, જો આ વર્ષમાં પૂરતો માલ નહીં ખપે તો પેઢી ડૂબી જશે. હવે ચંદન જેવું કિંમતી લાકડું મોટા પ્રમાણમાં રાજા સિવાય બીજું કોણ લે! મનુષ્યના હૃદયમાં સ્વાર્થ જાગે ત્યારે વિવેક રહેતો નથી. સ્વાર્થ તો દરેકના હૃદયમાં હોય છે. પણ તેમાં વિવેક રાખવો જોઇએ. નગરશેઠને વિચાર આવ્યો કે, આ રાજા મરી જાય તો તેને બાળવા માટે ચંદનની જરૂર પડે અને મારો સઘળો માલ વેચાઈ જાય! આમ શેઠના મનમાં રાજાના પ્રત્યે કુભાવ આવ્યો તે જ વખતે રાજા ના મનમાં શેઠ પ્રત્યે કુભાવ આવ્યો તે દિવસે જ્યારે શેઠ રાજાને મળવા આવ્યા ત્યારે રાજાને પણ એવો વિચાર આવ્યો કે, આ વાણિયો ઝટ મરી જાય તો સારું. તે નિઃસંતાન છે એટલે તેનું ધન રાજના ખજાનામાં આવે. આમ એકના કુભાવે બીજામાં કુભાવ જગાડયો. બે-ત્રણ દિવસ પછી રાજાના મનમાં વિચાર આવ્યો કે, કોઈ દિવસ નહીં અને હમણાંના આ નગરશેઠના સંબંધમાં આવો ખરાબ વિચાર કેમ આવે છે? રાજાએ તો શેઠની આગળ આ હકીકત જાહેર કરી કહ્યું કે, તમારા માટે ખોટા વિચાર આવે છે, તેનું કારણ કાંઈ સમજાતું નથી! શેઠ રડી પડી કહે,મારો વેપાર-ધંધો ચાલતો નથી. તેથી મને વિચાર આવ્યો તે તમે મરી જાવ તો તમને બાળવામાં મારું ચંદન ખપી જાય! રાજા વિચારમાં પડી ગયો. પછી તે કહે, તારી જરા ભૂલ થઈ. તારે એવો વિચાર કરવો જોઇતો હતો કે, રાજા એના મહેલના દરવાજા ચંદનના બનાવે અને તે માટે ચંદન ખરીદે અથવા રાજા ઠાકોરજી માટે ચંદનનો હિંડોળો બનાવે તેમાં મારું ચંદન ખપી જાય! રાજાનું મન શુદ્ધ થયું. વાણિયાનું મન શુદ્ધ થયું. તે પછી એકબીજા પ્રત્યે સારી ભાવના રાખી. રાજા અને શેઠ સુખી થયા. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાતપરમાત્મા કૃપા કરે ત્યારે જ જીવાત્માના હાથે સત્કર્મ થાય છે. સત્કર્મ કરવાની ઘણાને ઈચ્છા થાય છે.

શાહરૂખનો ૧૪૧૫.૬૪ કરોડની કમાણીનો રેકોર્ડ તોડી નાંખ્યો

# દિપીકા #1: શાહરૂખને પણ કમાણીમાં પાછળ રાખી દીધો


**'કલ્કિ ૨૮૯૮ એડી' તેજ ગતિએ ચાલી રહી છે અને હવે રિલિઝના ચોથા અઠવાડિયાના અંતે આ ફિલ્મ 'જવાન'નો રેકોર્ડ તોડવા જઈ રહી છે**

'કલ્કિ ૨૮૯૮ એડી' તેજ ગતિએ ચાલી રહી છે અને હવે રિલીઝના ચોથા અઠવાડિયાના અંતે આ ફિલ્મ 'જવાન'નો રેકોર્ડ તોડવા જઈ રહી છે. ત્રીજા સોમવારે કલ્કિએ ભારતમાં અત્યાર સુધીની સૌથી ઓછી કમાણી કરી છે. પ્રભાસ અને દીપિકાની આ ફિલ્મે ભારતમાં ૫૮૪.૪૫ કરોડ જેટલી કમાણી કરી લીધી છે, જેમાં સોમવારે સૌથી ઓછી ૪.૩ કરોડની આવક રહી. શાહરૂખની 'જવાન'એ ભારતમાં ૬૪૦.૨૫ કરોડની આવક કરી હતી. નોંધપાત્ર વાત છે કે, માત્ર હિન્દી બેલ્ટમાંથી જ આ ફિલ્મે ૧૯ દિવસમાં ૨૫૭.૧ કરોડની કમાણી કરી છે. જે તેલુગુ ફિલ્મના ૨૬૭.૧ કરોડના બિઝનેસથી બહુ પાછળ નથી. તેથી જવાનને પાછળ છોડવામાં હવે કલ્કિ બહુ દૂર હોય તેમ જણાતું નથી. જો એસએસ રાજામૌલિની 'RRR'ની વાત કરવામાં આવે તો તેણે કુલ ૭૮૨.૨ કરોડની કમાણી નોંધાવી હતી. ત્યાં સુધી પહોંચવું કલ્કિ માટે થોડું અઘરું બની શકે છે. કલ્કિને ઓડિયન્સનો સારો રિસ્પોન્સ મળવાની શક્યતા અન્ય ફિલ્મમેકર્સને દેખાઈ હતી. જેના કારણે ઓગસ્ટ મહિના પહેલાં કોઈ મોટી ફિલ્મ રિલીઝ થવાની નથી. મોટી ટક્કર ન હોવાથી કલ્કિને પડકારનો સામનો કરવાનો નથી. ૨૬ જુલાઈએ 'ડેડપુલ'ની રિલીઝ પછી કલ્કિના કલેક્શનને અસર પહોંચી શકે છે, પણ આ હોલિવૂડ ફિલ્મ છે તે યાદ રાખવું જોઈએ.



કલ્કિ આ રીતે આગળ વધતી રહે તો વર્લ્ડવાઈડ ૧૦૦૦ કરોડની કમાણી આસાનીથી કરી લેશે તેવી ગણતરીઓ માંડવામાં આવી રહી છે. કલ્કિની સફળતા સાથે દીપિકાએ ફિલ્મને સૌથી વધુ આવક કરાવી આપતી હિરોઈન તરીકે સ્થાન મેળવ્યું છે, કોવિડ સમયગાળા બાદ સૌથી વધુ કમાણી કરનારા એક્ટર શાહરૂખને પણ દીપિકાએ પાછળ રાખી દીધો છે. ૨૦૧૮માં 'ઝીરો'ને મળેલી પછડાટ બાદ શાહરૂખે ૨૦૨૩માં ચાર વર્ષના બ્રેક બાદ કમબેક કર્યું હતું. તેની 'પઠાણ'એ ૫૪૩.૨૨ કરોડની આવક કરી હતી જ્યારે 'જવાન' તેનાથી પણ વધુ સારી ચાલી અને ૬૪૦.૪૨ કરોડની કમાણી કરી હતી. વર્ષ ૨૦૨૩ના અંતે તેની 'ડંકી' આવી જે ૨૩૨ કરોડમાં સમેટાઈ હતી. આમ કોવિડ પછી એક જ વર્ષમાં શાહરૂખ એકલો ૧૦૦૦ કરોડની કમાણી કરનારો એક્ટર બની ગયો હતો. જ્યારે કોવિડ પછી દીપિકાની ચાર ફિલ્મો રિલીઝ થઈ છે. જેમાં '૮૩', 'પઠાણ', 'ફાઈટર', 'જવાન'માં કેમિયો અને હવે 'કલ્કિ ૨૮૯૮ એડી'નો સમાવેશ થાય છે. '૮૩' ભલે નિષ્ફળ રહી પરંતુ તેને ૧૦૨ કરોડની આવક થઈ હતી. 'પઠાણ' બ્લોક બસ્ટર હતી, તેને ૫૪૩.૨૨ કરોડની કમાણી કરી હતી. ફાઈટર પણ ખાસ ચાલી નહોતી, પરંતુ તેણે ૨૧૫ કરોડની આવક મેળવી હતી. જ્યારે 'કલ્કિ' ૫૭૨ કરોડ જેટલી કમાણી પછી પણ સફળતાપૂર્વક ચાલી રહી છે. આમ કોવિડ પછીની દીપિકાની ફિલ્મોની કમાણી લગભગ ૧૪૩૨.૧૭ કરોડે પહોંચે છે.





# સિંગલ સ્ક્રિન પર ભૂલભુલૈયા 3, પુષ્પા ૨ અને દેવરાનો મદાર

**આ ફિલ્મમાં જાન્હવી પણ મહત્ત્વના રોલમાં છે, એનટીઆરના ફેન્સ પણ આ ફિલ્મની રાહ જોઈ રહ્યા છે**

૨૦૨૪નું વર્ષ અડધું વિતી ચૂક્યું છે અને ઈન્ડસ્ટ્રીને કલ્કિને બાદ કરતાં કોઈ મોટી સફળ ફિલ્મોનો સ્વાદ ચાખવા મળ્યો નથી. ત્યારે બાકીના દિવસોમાં ઈન્ડસ્ટ્રીને આવનારી મોટી ફિલ્મો બ્લોક બસ્ટર રહે તેવી અપેક્ષાઓ છે. તો જેમ ઈન્ડસ્ટ્રી બ્લોક બસ્ટર ફિલ્મોની તૈયારી કરે છે તેમ તેમ તેના માટે સ્ક્રિન રોકી લેવાની હરિફાઈ પણ વધુ સઘન થતી જાય છે. ફિલ્મોના જાણીતા ડિસ્ટ્રિબ્યુટર અનિલ થડાની આવનારી ત્રણ મોટી - 'દેવરા', 'ભૂલભૂલૈયા' અને 'પુષ્પા ૨' ફિલ્મો માટે સિંગલ સ્ક્રિન થિયેટર રોકવાના શરૂ કરી દીધા છે. થડાનીએ સ્પર્ધકો સામે પોતાનો હાથ ઉપર રહી શકે અને પોતાની ફિલ્મોની સફળતા સુનિશ્ચિત કરી શકાય તે હેતુથી આ વ્યૂહાત્મક પગલાં લીધાં છે. ઈન્ડસ્ટ્રીના અંદરના એક સૂત્રના જણાવ્યા અનુસાર,''અનિલ થડાનીનો વિચાર એવો છે કે અગાઉથી જ સ્ક્રિન રોકી લે તો તેમની ફિલ્મોને સારા શો મળે અને તેમની ફિલ્મો સારી કમાણી કરી શકે. તેમને વિશ્વાસ છે કે, આ ફિલ્મોમાં પૈસા રળી લેવાની તાકાત છે, તેથી ભારતભરમાં સારા શો મેળવવા માટે આ ફિલ્મો હકદાર છે.'' આ પ્રકારના વલણથી સારા સ્ક્રિનમાં સારા શોની તો ખાતરી થઈ જ જાય છે, સાથે ફિલ્મના એક્ઝિબિટર્સ સાથે સંબંધો પણ સુધરે છે, જેથી તેઓ આવનારા વર્ષો સુધી તમારી ફિલ્મોને સાથ આપે છે. 'દેવરા' ૨૭ સપ્ટેમ્બરે રિલીઝ થશે, જેમાં 'આરઆરઆર' પછી જુનિયર એનટીઆર પહેલી વખત મોટા પડદે જોવા મળશે. આ ફિલ્મમાં જાન્હવી પણ મહત્ત્વના રોલમાં છે. એનટીઆરના ફેન્સ પણ આ ફિલ્મની રાહ જોઈ રહ્યા છે. 'ભૂલ ભુલૈયા ૩' દિવાળી પર રિલીઝ થવાની છે. આ ફિલ્મમાં રુહ બાબા કાર્તિક આર્યન આ ફિલ્મની ઓરિજિનલ સ્ટાર વિદ્યા બાલન સાથે જોવા મળશે. આ ફિલ્મમાં માધુરી દિક્ષિત અને તૃપ્તિ ડિમરી પણ છે. ત્રણ અલગ-અલગ પેઢીની એક્ટ્રેસ સાથે કાર્તિકની ફિલ્મ માટે ઓડિયન્સ પણ ઉત્સુક છે. દર્શકોમાં સૌથી વધુ આતુરતા 'પુષ્પા ૨' માટે છે, જે ૬ ડિસેમ્બરે રિલીઝ થશે. અલ્લુ અર્જુનની આ ફિલ્મમાં પણ ભરપૂર એક્શન હશે. આ રીતે અગાઉથી જ સ્ક્રિન રોકી લેવાથી ફિલ્મોને ઘણો ફાયદો થશે. સૂત્રના જણાવ્યા અનુસાર,''આ હંમેશા ઘણા લોકો માટે એક મુદ્દો રહ્યો છે. આવનારા બે વર્ષો સુધી સતત ફિલ્મો રિલીઝ થતી રહેવાની છે, ત્યારે થિયેટરના માલિકો અને તેમનાં સંગઠનો સાથે તમારા સંબંધો મજબૂત હોય તેનો વિશેષ ફાયદો થાય છે.''



# છુટાછેડાની અફવા વચ્ચે દિકરા સાથે જોવા મળી

**આઈપીએલ ૨૦૨૪માં મુંબઈ ઈન્ડિયન્સની કેપ્ટનશીપ કરતી વખતે ટ્રોલર્સનો સામનો કરવો પડ્યો હતો**

નતાશા સ્ટેનકોવિક અને તેનો દિકરો મુંબઈ એરપોર્ટ પર જોવા મળ્યા છે. જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. ત્યારે હવે એવી ચર્ચા થઈ રહી છે કે, હાર્દિક પંડ્યા અને નતાશા વચ્ચે કોઈ અણબનાવ ચાલી રહ્યો છે. આ કારણે નતાશા તેના દેશમાં જઈ રહી છે. નતાશા જેક્ટ, પેન્ટ પહેરેલી જોવા મળી રહી છે. તો તેના દિકરાએ પ્રિંટેડ ટીશર્ટ પહેર્યું છે.નતાશાએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પણ શેર કરી છે. પહેલા ફોટોમાં પોતાના બેગની ઝલક દેખાડી છે, જેમાં કપડાં પેક કરી રહી છે.તેમણે લખ્યું વર્ષનો આજ સમય છે. આ સાથે તેમણે ઘર, ફ્લાઈટ અને દિલવાળી ઈમોજી પણ મૂકી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, નતાશા અને અગસ્ત્ય તેના દેશ સર્બિયા માટે ઉડાન ભરી રહી છે. બીજા ફોટોમાં નતાશાએ પોતાની કાર દેખાડી છે. જેમાં તેનો ડોગ ડ્રાઈવરની સીટ પર બેઠો છે.હાર્દિક પંડ્યાએ ૨૦૨૦માં દુબઈમાં નતાશાને પ્રપોઝ કર્યુ હતુ. ત્યારબાદ લોકડાઉનમાં બંન્ને લગ્ન કર્યા હતા. તેજ વર્ષે આ દંપતિએ એક દિકરાનું સ્વાગત કર્યુ હતુ. ગત્ત વર્ષ ઉદયપુરમાં તેમણે ઈસાઈ રીતિ-રીવાજ અને હિંદુ રીતિ-રીવાજ સાથે બીજી વખત લગ્ન કર્યા હતા.હાર્દિક પંડ્યા આઈપીએલ ૨૦૨૪માં મુંબઈ ઈન્ડિયન્સની કેપ્ટનશીપ કરતી વખતે ટ્રોલર્સનો સામનો કરવો પડ્યો હતો. તે સમયે તેને સૌ કોઈ સપર્ટ કરી રહ્યા હતા પરંતુ આ મુશ્કિલ સમયમાં નતાશા તેની સાથે જોવા મળ્યો ન હતો. અહિથી બંન્ને વચ્ચે અણબનાવ ચાલી રહ્યો હોય તેવી ચર્ચા શરુ થઈ હતી. નતાશા આઈપીએલની એક પણ મેચમાં હાર્દિકને સપોર્ટ કરવા આવી ન હતી. ત્યારબાદ ટી૨૦ વર્લ્ડકપ ૨૦૨૪માં હાર્દિક પંડ્યાએ શાનદાર પ્રદર્શન કર્યુ અને ભારતની જીતમાં તેનું મહત્વનું યોગદાન જોવા મળ્યું હતુ. આટલા શાનદાર પ્રદર્શન બાદ નતાશાએ હાર્દિક માટે કોઈ પોસ્ટ પણ શેર કરી ન હતી. અંબાણી પરિવારના લગ્નમાં પણ હાર્દિક પંડ્યા તમામ ફંક્શનમાં એકલો જોવા મળ્યો હતો. હવે ઈન્સ્ટાગ્રામની સ્ટોરી જોઈ ચાહકો પરેશાન જોવા મળી રહ્યા છે.



સિદ્ધાર્થ આનંદની 'કિંગ'માં અભિષેક બચ્ચન વિલનનો રોલ કરશે

# સુહાનાની ડેબ્યુ ફિલ્મમાં શાહરૂખ ખાનને ટક્કર આપશે અભિષેક

બે સુપર સ્ટાર શાહરૂખ ખાન અને અભિષેક બચ્ચન ઘણા સમય પછી ફરી એક વખત એક સાથે જોવા મળશે. તેઓ સુહાના ખાનની ડેબ્યુ ફિલ્મ 'કિંગ'માં સાથે કામ કરવા જઈ રહ્યાં છે. 'પઠાણ' અને 'જવાન'ની સફળતા બાદ શાહરૂખ ફરી એક મોટા પ્રોજેક્ટ માટે તૈયારી કરી રહ્યા છે. બે સુપર સ્ટાર શાહરૂખ અને અભિષેક ઘણા સમય પછી ફરી એક વખત એક સાથે જોવા મળશે તેને 'કહાની' જેવી ફિલ્મોના જાણીતા ડિરેક્ટર સુજોય ઘોષ દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે તેમજ સિદ્ધાર્થ આનંદ દ્વારા તેને પ્રોડ્યુસ કરવામાં આવશે. આ એક મોટા પડદે જોવાનો અનોખો અનુભવ આપતી એક્શન સીક્વન્સથી ભરપૂર હશે.કેટલાક અહેવાલો અનુસાર, શાહરૂખ ખાનની સામે અભિષેક બચ્ચનને વિલન તરીકે કાસ્ટ કરવામાં આવ્યો છે. જો કે, તેના પાત્ર વિશે કોઈ ખાસ માહિતિ જાહેર કરવામાં આવી નથી. પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર તે એક સોફિસ્ટિકેટેડ છતાં અઘરો વિલન હશે, જે અભિષેકે સામાન્ય રીતે જે પ્રકારના પાત્રો ભજવ્યા છે, તેનાથી ઘણું અલગ હશે. આ બિલકુલ નકારાત્મક વિલનના રોલમાં અભિષેકને જોવામાં દર્શકોને તેના અભિનયના નવાં પાસાં અને તાજગીનો અનુભવ થશે. આ ઉપરાંત આ ફિલ્મથી શાહરૂખની દિકરી સુહાના પણ મોટા પડદે ડેબ્યુ કરશે. તેના પાત્ર વિશે પણ ખાસ માહિતિ જાહેર કરવામાં આવી નથી પરંતુ તે તેના પિતા સાથે એક મહત્વની ભુમિકામાં જોવા મળશે. એવું પહેલી વખત બનશે કે શાહરૂખ અને અભિષેક એકબીજાની વિરુદ્ધના પાત્રોમાં જોવા મળશે. આ પહેલાં તે બંને 'કભી અલવિદા ન કહેના' અને 'હેપ્પી ન્યુ યર'માં સાથે કામ કરી ચૂક્યા છે. જ્યારે અભિષેકે સુજોય ઘોષ સાથે 'બૉબ બિશ્વાસ'માં કામ કર્યું છે. તેની સિદ્ધાર્થ આનંદ સાથે આ પહેલી ફિલ્મ હશે. હાલ આ ફિલ્મના પ્રી પ્રોડક્શનનું કામ ચાલુ છે. લગભગ ઓક્ટોબર કે નવેમ્બર મહિના સુધીમાં તેનું શૂટિંગ શરૂ થશે. આ ફિલ્મ ૨૦૨૫ના અંતમાં કે ૨૦૨૬ની શરૂઆતમાં રિલીઝ થવાની શક્યતા છે. શાહરૂખ ખાનની આગામી ફિલ્મ 'કિંગ' સિદ્ધાર્થ આનંદ દ્વારા નિર્મિત છે અને સુજોય ઘોષ દ્વારા નિર્દેશિત આ વર્ષના અંતમાં ૨૦૨૫માં થિયેટરમાં રિલીઝ થવાની ધારણા સાથે ફ્લોર પર જશે. 'બ્રેથ ઈનટુ ધ શેડોઝ' અને 'રાવણ' પછી અભિષેક તેના અભિનયને શોધવા માટે તૈયાર છે. ફરીથી નકારાત્મક ભૂમિકામાં કુશાગ્ર. ફિલ્મમાં ખાન અને બચ્ચન સાથે જોડાવું એ જીઈદ્ધની પુત્રી સુહાના ખાન બોલીવુડમાં તેની બીજી ફિલ્મ છે. અભિનેતા અભિષેક બચ્ચને છૂટાછેડા વિશેની એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટને લાઈક કર્યા પછી સોશિયલ મીડિયામાં ચર્ચા જગાવી હતી. પોસ્ટ, મૂળરૂપે એક લેખક દ્વારા શેર કરવામાં આવી હતી.






સામંથાએ ડિવોર્સ પછી જીવનમાં આવેલા પરિવર્તનની વાત કરી

# 'અત્યારના સમયમાં સમગ્ર વિશ્વને આધ્યાત્મિકતાની સૌથી વધુ જરૂર'

સામંથા રુથ પ્રભુએ નાગ ચૈતન્યથી અલગ થવાનું નક્કી કર્યુ ત્યારથી તેનો કપરો સમય ચાલી રહ્યો છે. ડિવોર્સ બાદ માનસિક રીતે તો તે વ્યથિત રહે જ છે, સાથે તેને શારીરિક તકલીફોનો પણ સામનો કરવો પડી રહ્યો છે. સામંથાને માયોસિટીસનું નિદાન થયું હતું, જે એક ઓટોઈમ્યુન સ્થિતિ છે. તેના માટે હાલ સામંથાની સારવાર ચાલી રહી છે. બીમારી અને પીડામાંથી બહાર આવવા માટે સમગ્ર વિશ્વને આધ્યાત્મિકતાની જરૂર હોવાનું સામંથા માને છે. સામંથાએ થોડા સમયથી હેલ્થ પોડકાસ્ટની શરૂઆત કરી છે. તેની તબિયતના કારણે સામંથા વધુ આધ્યાત્મિક બની રહી હોવાનું તેણે જણાવ્યું હતું. તાજેતરનાં એક ઈન્ટરવ્યૂમાં સામંથાએ તેનાં જીવનના આ અનુભવો વિશે વાત કરી હતી. ''આપણે બધાં જ ઈચ્છીએ છીએ કે આપણે આપણા જીવનની અમુક બાબતો બદલી શકીએ, ક્યારેક હું એવું વિચારુ છું કે, જીવનમાં હું જે પરિસ્થિતિનો સામનો કરી રહી છું, તે ખરેખર જરૂરી હતું કે નહીં. પરંતુ જો હું જીવનમાં પાછી વળીને જોઉં છું તો લાગે છે કે મારું જીવન આથી અલગ જ હોઈ જ ન શકે.'' આધ્યાત્મિકતા બાબતે સામંથાએ કહ્યું,''હું થોડા વખત પહેલાં મારા મિત્ર સાથે આ અંગે ચર્ચા કરતી હતી અને હું હંમેશા વિચારું છું કે મારા જીવનના ત્રણ વર્ષ મારે જોઈતા નથી. પરંતુ હવે મને લાગે છે કે જીવન તમને જે પણ પડકારો આપે તેનો સામનો તમારે કરવો જ પડે છે. અને તમે જેવા તે સ્થિતિમાંથી બહાર આવો કે તમે જીતી જાઓ છો. હાલ હું મારી જાતને પહેલાં ક્યારેય નહોતી તેટલી મજબૂત અને વિનમ્ર અનુભવું છું. કારણ કે અહીં સુધી પહોંચવા માટે હું જીવનની આગમાં તપી છું. તેને આધ્યાત્મિક જાગૃતિ કહી શકો છો.'' આજના સમયમાં આધ્યાત્મિકતાની જરૂરિયાત વિશે સામંથાએ જણાવ્યું, ''આજના વિશ્વમાં આધ્યાત્મિકતાની સૌથી વધુ જરૂરિયાત છે કારણ કે હાલ બહુ જ પીડા અને બીમારીઓ છે. મને લાગે છે કે આધ્યાત્મિકતા તમારો શ્રેષ્ઠ મિત્ર અને શક્તિનો એક અખૂટ સ્રોત બની શકે છે.'' સામંથાએ વરુણ ધવન સાથે 'સિટેડાલ' કર્યા બાદ એક બ્રેક લઈ લીધો છે. આ સિરીઝનું ભારતનું વર્ઝન 'સિટાડેલ-હની બની' કહેવાય છે. જેમાં સામંથા અને વરુણ હાર્ડકોર એક્શન સીનમાં જોવા મળશે. ઓગસ્ટથી સામંથા ફરી શૂટ અને કામ શરૂ કરશે. તેણે જણાવ્યું,''હું મારાથી થાય એટલાં બધાં જ પ્રયત્નો કરવા ઉત્સુક છું. હું મારા નવા રોલ માટે હાલ ટ્રેઈનિંગ પણ કરી રહી છું. મેં એવા પ્રોજેક્ટ્સ સાઈન કર્યા છે, જે મને કશુંક નવું શીખવા તરફ ધક્કો મારે છે એ મને બહુ ગમે છે.''સામંથાની સિટાડેલ આ વર્ષ દરમિયાન એમેઝોન પ્રાઈમ વિડીયો પર રિલીઝ થશે.





# વિકીનો મોટો ખુલાસો કહ્યું તેના પિતા આત્મહત્યા કરવા માંગતા હતા?

વિકી કૌશલ આ દિવસોમાં તેની ફિલ્મ 'બેડ ન્યૂઝ'ને લઈને ચર્ચામાં છે. તેમની, તૃપ્તિ ડિમરી અને એમી વિર્કની આ ફિલ્મ ૧૯ જુલાઈએ રિલીઝ થઈ રહી છે. જેમ જેમ રિલીઝ ડેટ નજીક આવી રહી છે તેમ તેમ ફિલ્મની સ્ટારકાસ્ટ પ્રમોશનમાં વ્યસ્ત બની ગઈ છે. પ્રમોશનમાં કોઈ કસર છોડવામાં આવી રહી નથી. આ દરમિયાન, ફિલ્મના પ્રમોશન દરમિયાન, વિકી કૌશલે તેના અંગત જીવન વિશે ચોંકાવનારો ખુલાસો કર્યો છે. હવે અભિનેતાએ તેના પિતા વિશે ચોંકાવનારું સત્ય જણાવ્યું છે.વિકી કૌશલે તેના પિતાના સંઘર્ષના દિવસો યાદ કર્યા. પ્રખ્યાત એક્શન ડાયરેક્ટર બનતા પહેલા શામ કૌશલે પોતાના જીવનમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કર્યો છે. વિકીએ ખુલાસો કર્યો હતો કે તેના પિતાએ આત્મહત્યા કરવાનો પણ વિચાર કર્યો હતો. જ્યારે તે પોતાના ગામમાં હતો ત્યારે તેને પોતાનો જીવ લેવાનું વિચાર્યું, ત્યારબાદ અભિનેતાના દાદાએ તેને મુંબઈ મોકલી દીધો. વિકીએ જણાવ્યું કે તેના માતા-પિતા તેની ૯ થી ૫ નોકરીથી ખૂબ ખુશ હતા.ખરેખર, અભિનેતાના દાદાની પંજાબમાં એક નાની કરિયાણાની દુકાન હતી. વિકીના પિતા ૧૯૭૮માં મુંબઈ આવ્યા અને અહીં આવ્યા પછી તેમને અંગ્રેજી સાહિત્યમાં એમએ કર્યું. ભણવા છતાં તે બેરોજગાર હતો. અભિનેતાએ ખુલાસો કર્યો કે મિત્રો સાથે દારૂ પીધા બાદ એક દિવસ તેના પિતા શામ કૌશલે કહ્યું હતું કે તે મરવા માંગે છે. આ સાંભળીને જ તેના પિતા ડરી ગયા અને તંગ આવી ગયા. આ પછી, અભિનેતાના દાદાએ તેના પિતાને એક મિત્ર સાથે મુંબઈ મોકલ્યા.મુંબઈ આવ્યા પછી શામ પણ સફાઈ કામદાર તરીકે કામ કરવા તૈયાર થઈ ગયો. તે જાણતો હતો કે તેના કામ વિશે ગામમાં કોઈને કંઈ ખબર નહીં પડે. જોકે તેના નસીબમાં કંઈક બીજું જ લખાયેલું હતું. શામે ઘણા વર્ષો સુધી સ્ટંટમેન તરીકે કામ કર્યું અને પછી વર્ષ ૧૯૯૦માં તેને બ્રેક મળ્યો અને તે એક્શન ડિરેક્ટર બની ગયો. હવે તે ૪ દાયકાથી ફિલ્મોમાં કામ કરી રહ્યો છે.



## વિકી કૌશલે તેને સૌથી અનોખી રીતે બર્થ ડે વિશ કર્યો હતો

કેટરિના કૈફે મંગળવારે તેનો ૪૧મો બર્થ ડે ઉજવ્યો ત્યારે વિકી કૌશલે તેને સૌથી અનોખી રીતે બર્થ ડે વિશ કર્યો હતો. વિકીએ પોતાના ઇન્સ્ટાગ્રામ પર કેટરિનાની કેટલીક ક્યારેય નહીં જોયેલી તસવીરો શેર કરી હતી. જેમાં કેટલીક તેમના વેકેશન અને કેટલીક તેમના ઘરની તસવીરો હતી.

આ તસવીરો સાથે વિકીએ એક ઇમોશનલ નોટ પણ લખી હતી. વિકીએ પહેલી તસવીરમાં કેટરિનાને ખુબ નજીક પકડી રાખી છે, અને તે સ્માઇલ કરી રહી છે. તે પછી કેટલીક સેલ્ફી છે, તેમજ તેમનાં લગ્નની તસવીરો પણ છે. તેમની બંનેની સાથે પૂજા કરતી તેમજ કેટરિના ઉંઘતી હોય તેવી તસવીરો પણ છે. છેલ્લી તસવીરમાં કેટરિના એક ગાડીમાં ઉંઘી રહી હોય અને તેનું માથું નમી ન જાય તે માટે તેની દાઢી વિકીએ પકડી રાખી છે તેવી એક તસવીર છે.

આ પોસ્ટની કેપ્શનમાં વિકીએ લખ્યું હતું, "તારી સાથે યાદો બનાવવી એ મારો સૌથી ગમતો હિસ્સો છે. હેપ્પી બર્થ ડે માય લવ." ઘણા બોલિવૂડ સેલેબ્રિટીએ પણ આ પોસ્ટ પર કમેન્ટ કરી હતી અને કેટરિનાને બર્થડેની શુભેચ્છાઓ આપી હતી.

અનન્યા પાંડેએ લખ્યું હતું, "બેસ્ટ". તો આયુષ્યમાન ખુરાનાએ લખ્યું હતું, "હેપ્પી બર્થ ડે." જ્યારે સોશિયલ મીડિયા ઇન્ફ્લ્યુએન્સર ડોલી સિંઘે લખ્યું હતું, "તમે બંને સૌથી ક્યુટેસ્ટ છો." છેલ્લે વિકી કૌશલ અને કેટરિના અનંત અને રાધિકાના લગ્નમાં સાથે જોવા મળ્યાં હતાં. ત્યાર પછી કેટરિના લંડન જવા રવાના થઈ ગઈ હતી જ્યારે વિકી હાલ તેની ફિલ્મ 'બેડ ન્યૂઝ'ના શૂટિંગમાં વ્યસ્ત છે.







# ધોલેરા તાલુકાના સ્વસહાય જૂથોની કૃષિ સખીઓ માટે પ્રાકૃતિક કૃષિ તાલીમ યોજાઇ

। (માહિતી) અમદાવાદ, તા.૧૮ ।



અમદાવાદ જિલ્લાના ધોલેરા તાલુકાનાં સ્વસહાય જૂથોની કૃષિ સખીઓ માટે પ્રાકૃતિક કૃષિ તાલીમનું આયોજન કરાયું હતું. ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લી. ગાંધીનગર તથા ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલના સંયુક્ત ઉપક્રમે ૫ દિવસ સુધી યોજાયેલ પ્રાકૃતિક કૃષિની તાલીમનો અનેક મહિલાઓએ લાભ લીધો હતો. ધોલેરા તાલુકા પંચાયત ખાતે યોજાયેલ આ તાલીમમાં કૃષિ સખીઓને પ્રાકૃતિક ખેતી વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી અને તેના ફાયદાઓ વિશે વિગતવાર સમજ આપવામાં આવી હતી. વધુમાં કૃષિમાં વિવિધ પ્રયોગો કરીને સારું ઉત્પાદન મેળવી શકે તે બાબતે પણ જાણકારી આપવામાં આવી હતી. તાલીમના ભાગરૂપે મહિલા તાલીમાર્થીઓને પ્રાકૃતિક ફાર્મની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેમને જીવામૃત, ઘનજીવામૃત બનાવવાની લાઈવ ડેમો સાથેની તાલીમ આપવામાં આવી હતી.

# સાણંદ સ્ટેશન પર ઇન્ટરલોકિંગ કામ ને કારણે કેટલીક ટ્રેનો રદ રહેશે

। અમદાવાદ, તા.૧૮ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન પર અમદાવાદ-વિરમગામ સેક્શનમાં DFCCILના સાણંદ (દક્ષિણ) સ્ટેશનથી સાણંદ સ્ટેશનની કનેક્ટિવિટી ના સંબંધમાં નૉન-ઈન્ટરલોકિંગ કાર્યને કારણે, અમદાવાદ ડિવિઝનમાંથી ચાલતી/પસાર થતી કેટલીક ટ્રેનો રદ રહેશે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે.

**રદ કરાયેલી ટ્રેનો**

૧. ૨૦ જુલાઈ, ૨૦૨૪ની ટ્રેન નંબર ૦૯૪૬૦ વિરમગામ-અમદાવાદ મેમુ રદ રહેશે.

૨. ૨૦ અને ૨૧ જુલાઈ,૨૦૨૪ની ટ્રેન નંબર ૧૯૧૧૯ ગાંધીનગર કેપિટલ-વેરાવળ એક્સપ્રેસ રદ રહેશે.

૩. ૧૯ અને ૨૦ જુલાઈ,૨૦૨૪ની ટ્રેન નંબર ૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ રદ રહેશે.

૪. ૨૦ જુલાઈ, ૨૦૨૪ની ટ્રેન નંબર ૦૯૪૫૬ ભુજ-ગાંધીનગર કેપિટલ સ્પેશિયલ રદ રહેશે.

૫. ૨૦ જુલાઈ, ૨૦૨૪ની ટ્રેન નંબર ૦૯૪૫૫ ગાંધીનગર કેપિટલ-ભુજ સ્પેશિયલ રદ રહેશે.

૬. ૧૯ અને ૨૦ જુલાઈ,૨૦૨૪ની ટ્રેન નંબર ૨૨૯૫૯ વડોદરા-જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ રદ રહેશે.

૭. ૨૦ અને ૨૧ જુલાઈ,૨૦૨૪ની ટ્રેન નંબર ૨૨૯૬૦ જામનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ રદ રહેશે.

૮. ટ્રેનોના સંચાલન, સમય, સ્ટોપેજ અને બંધારણ સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# ધંધુકા તાલુકામાં ૮૦થી વધુ મહિલાઓએ પ્રાકૃતિક ખેતીની તાલીમ મેળવી હતી



। (માહિતી) અમદાવાદ, તા.૧૮ ।

અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકા પંચાયત ખાતે સ્વસહાય જૂથોની કૃષિ સખીઓ માટે ૫ દિવસીય પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરાયું હતું. ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લી. ગાંધીનગર તથા ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ તાલીમમાં ધંધુકા તાલુકાના સ્વસહાય જુથોની અનેક મહિલાઓ જોડાઈ હતી.

આ તાલીમમાં મહિલાઓને પ્રાકૃતિક ખેતી વિશે ઝીણવટભરી માહિતી પૂરી પાડી હતી અને તેની પદ્ધતિ તથા ફાયદા વિશે પણ જણાવાયું હતું. વધુમાં તાલીમાર્થી મહિલાઓને પ્રાકૃતિક ફાર્મની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેમને પ્રાકૃતિક ખેતીના મુખ્ય પાંચ આધારસ્તંભ વિશે જણાવી લાઈવ ડેમો દેખાડવામાં આવ્યો હતો.

વધુમાં તમામ મહિલાઓને બાગાયત વિભાગ દ્વારા ચાલતી યોજનાઓ વિશે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા તથા તેના ફાયદાઓ વિશે પણ જણાવવામાં આવ્યું હતું. આ તાલીમમાં આશરે ૮૦થી વધુ મહિલાઓ જોડાઈ હતી. તાલીમનું સંચાલન તાલુકા લાઈવલીહુડ મેનેજર, આત્મા સંસ્થા અને તાલુકાના પ્રાકૃતિક ખેતીના સફળ ખેડૂત દ્વારા કરાયું હતું.

# દાહોદ જીલ્લા પંચાલ સમાજ મહિલા મંડળ દ્વારા જીલ્લા કક્ષા ની રંગોળી/લગ્નગીત તેમજ હાલરડા સ્પર્ધા યોજવામા આવી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૮ ।



દાહોદ જીલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળ પ્રેરીત દાહોદ જીલ્લા પંચાલ સમાજ મહીલા સંગઠન દ્વારા પંચાલ સમાજ ની મહીલાઓ મા ગીત ગાવા તેમજ સ્ટેજ ઉપર પોતાની કૌશલ્યતા બહાર આવે તે હેતુથી દાહોદ જીલ્લા ના અલગ અલગ ઝોન દીઠ પ્રતિયોગીતા યોજવામા આવી હતી. જેમા ઝોન મા પ્રથમ નંબરે આવ્યા હતા. તેમની જીલ્લા ની પ્રતિયોગીતા રાખવામા આવી હતી.જેમા દાહોદ, ઝાલોદ, લીમડી, લીમખેડા, સુખસર, ફતેપુરા, સંજેલી, ગરબાડા ઝોનમાથી મહિલાઓએ ભાગ લીધો હતો.

ઝાલોદ ઝોનમાંથી હાલરડામાં ૫ ગ્રુપ રંગોળીમાં ૬ ગ્રુપ તેમજ લગ્ન ગીત મા ૪ ગ્રુપ લોકોએ ભાગ લીધો હતો. લીમડી ઝોનમાંથી હાલરડામાં ૭ ગ્રુપ રંગોળીમાં ૭ ગ્રુપ તેમજ લગ્ન ગીત મા ૧૨ ગ્રુપ લોકોએ ભાગ લીધો હતો. સુખસર ઝોનમાંથી હાલરડામાં ૪ ગ્રુપ રંગોળીમાં ૭ ગ્રુપ તેમજ લગ્ન ગીત મા ૪ ગ્રુપ લોકોએ ભાગ લીધો હતો. સંજેલી ઝોનમાંથી હાલરડામાં ૨ ગ્રુપ રંગોળીમાં ૩ ગ્રુપ તેમજ લગ્ન ગીત મા ૨ ગ્રુપ લોકોએ ભાગ લીધો હતો. લીમખેડા ઝોનમાંથી હાલરડામાં ૨ ગ્રુપ રંગોળીમાં ૭ ગ્રુપ તેમજ લગ્ન ગીત મા ૬ ગ્રુપ લોકોએ ભાગ લીધો હતો. દાહોદ ઝોનમાંથી હાલરડામાં ૮ ગ્રુપ, રંગોળીમાં ૧૦ ગ્રુપ, તેમજ લગ્ન ગીત મા ૧૧ ગ્રુપ લોકોએ ભાગ લીધો હતો. ગરબાડા ઝોનમાંથી હાલરડામાં ૫ ગ્રુપ રંગોળીમાં ૧૧ ગ્રુપ તેમજ લગ્ન ગીત મા ૧૩ ગ્રુપ લોકોએ ભાગ લીધો હતો. દાહોદ જીલ્લા માથી હાલરડા મા ૩૩, રંગોળી મા ૫૧,અને લગ્નગીત મા ૫૨ જેટલા ગ્રુપો એ ભાગ લીધો હતો. આ પ્રતિયોગીતા મા ભાગ લેનારામા પ્રથમ આવનાર ને શીલ્ડ તેમજ કાર્યક્રમ મા ભાગ લેનારા સીનિયર સીટીઝનનુ સાલ ઓઢાડી ને સન્માન કરવામા આવ્યુ હતુ. તેમજ ભાગ લેનારા તમામ ને સન્માનિત કરવામા આવ્યા હતા. આખા કાર્યક્રમ મા ખાસ વાત એ રહી કે મોટી ઉંમર ના મહિલાઓ એ પણ લગ્નગીત અને હાલરડા ગાયા હતા.સમગ્ર કાર્યક્રમ મા દાહોદ જીલ્લા પંચાલ સમાજ ના લોકો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા.

# દેવગઢ બારીઆ ફોરેસ્ટ ડિવિઝનમાં બીજા એક કર્મચારીની એસિડ પી આત્મહત્યા

## આત્મહત્યા માટે મજબૂર કરનાર કોણ તેની લોક મુખે ચર્ચા..??

(પ્રતિનિધી)

। દેવગઢ બારીઆ, તા.૧૮ ।



દેવગઢ બારીઆ ફોરેસ્ટ ડિવિઝન માં થોડા દિવસ અગાઉ દાહોદ જીલ્લા નાયબ વન સંરક્ષક આર.એમ.પરમારે પોતા ના માથા ના ભાગે ગોળી મારી આત્મહત્યા કરી હતી હજી આત્મહત્યા ક્યાં કારણો સર કરી તે જાણી નથી શકાયું ને દેવગઢ બારીઆ ફોરેસ્ટ ઓફિસમાં રોજમદાર તરીકે ફરજ બજાવતા મહેશભાઈ ભીમાભાઈ બારીઆ રહે માતરિયા વેજ માં તા.૧૬ ના રોજ ઘરે થી ઓફિસ માં જાઉ છું કહી સંતરોડ આવી ને અગમ્યો કારણોસર જીવન ટૂંકાવવા માટે એસિડ ગટગટાવી ગયા હતા એસિડ ગટગટાવ્યા બાદ પોતે જ પોતા ના મોબાઈલ થી પોતા ના પુત્ર રાકેશ ને ઘટના ની જાણ કરતા તેના પુત્ર સહિત પરિવાર જનો સ્થળ પર આવી પહોંચેલ સારવાર માટે મહેશભાઈને તાત્કાલિક ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા ત્યાં તેમની હાલત વધારે ખરાબ જણાતા તેમને વધુ સારવાર માટે વડોદરા હોસ્પિલ ખાતે ખસેડવા માં આવેલ જયાં વહેલી સવારે તેમનું મૃત્યુ થયેલ એક જ સપ્તાહ માં નાયબ વન સંરક્ષક અને કર્મચારીની આત્મહત્યા થી ફોરેસ્ટ વિભાગ માં ચકચાર મચી જવા પામ્યો છે આ બાબત ની ઉચ્ચ ન્યાયિક તપાસ કરાવી આત્મહત્યાના આરોપીઓને જેલ સળિયા પાછળ મોકલવા માં આવે અને જવાબદાર વ્યક્તિઓ સામે કડક માં કડક કાર્યવાહી થાય.

# ખેલો ઇન્ડિયા રાઇઝિંગ ટેલેન્ટ આઇડેન્ટિફિકેશન (કીર્તિ) કાર્યક્રમને કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવિયા પાસેથી નવું પ્રોત્સાહન મળશે



। નવી દિલ્હી, તા.૧૮ ।

પેરિસ ઓલિમ્પિક નજીક આવી રહ્યા છે, ત્યારે સરકારના મહત્વાકાંક્ષી ખેલો ઈન્ડિયા રાઈઝિંગ ટેલેન્ટ આઈડેન્ટિફિકેશન (કીર્તિ) કાર્યક્રમને કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત અને શ્રમ અને રોજગાર મંત્રી ડો.મનસુખ માંડવિયાના નેતૃત્વમાં નવું પ્રોત્સાહન મળવાનું છે. તેઓ આવતીકાલે નવી દિલ્હીમાં આ પહેલના બીજા તબક્કાનું ઉદઘાટન કરશે. આ પહેલા કીર્તિનો પહેલો તબક્કો આ વર્ષે ૧૨ માર્ચે ચંદીગઢમાં લોન્ચ કરવામાં આવ્યો હતો.

ડો.માંડવિયા તમામ રાજ્યોને ઓનબોર્ડ કરીને અને જિલ્લાને મૂલ્યાંકનના એકમ તરીકે ગણીને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૨૦ લાખ આકારણી હાંસલ કરવાના લક્ષ્યવાળા પ્રોજેક્ટ પર ભાર મૂકશે. આ બાબત માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની સામૂહિક ભાગીદારી મારફતે દેશમાં રમતગમતને દરેક બાળક સુધી પહોંચાડવાના અને આખરે ખેલો ઈન્ડિયાના માળખાગત પિરામીડ કાર્યક્રમો મારફતે ઉત્કૃષ્ટતા હાંસલ કરવાના વિઝનને પણ અનુરૂપ છે.

કીર્તિના પ્રથમ તબક્કામાં, ૭૦ કેન્દ્રો પર ૩,૬૨,૬૮૩ નોંધણીઓમાંથી, ૨૮ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં લગભગ ૫૧,૦૦૦ આકારણી કરવામાં આવી છે. મહારાષ્ટ્ર અને હરિયાણા, બે રાજ્યો કે જેમણે ખેલો ઈન્ડિયા મીટમાં હંમેશાં સારો દેખાવ કર્યો છે, તેમણે અનુક્રમે સૌથી વધુ ૯૧૬૮ અને ૪૮૨૦ મૂલ્યાંકન કર્યું છે. આસામ ૪૭૦૩ મૂલ્યાંકન સાથે ત્રીજા ક્રમે છે.

તીરંદાજી, એથ્લેટિક્સ, બેડમિન્ટન, બોક્સિંગ, ફૂટબોલ, હોકી, કબડ્ડી, ખો-ખો, વોલીબોલ, વેઈટલિફ્ટિંગ અને કુસ્તી જેવી ૧૧ શ્રેણીઓમાં મહત્વાકાંક્ષી એથ્લેટ્સનું મૂલ્યાંકન થયું છે. મહત્તમ મૂલ્યાંકન એથ્લેટિક્સ (૧૩૮૦૪) અને ફૂટબોલ (૧૩૪૮૩)માં થયું છે.

કીર્તિએ સૂચિત પ્રતિભા આકારણી કેન્દ્રો દ્વારા પ્રતિભાને ઓળખવા માટે આખા વર્ષ દરમિયાન દેશભરમાં ૨૦ લાખ આકારણીઓ કરવાનું લક્ષ્ય રાખ્યું છે. આ સ્કેલનો સ્કાઉટિંગ અને એસેસમેન્ટ પ્રોગ્રામ ભારતમાં પ્રથમ છે અને તે એવા સમયે આવ્યો છે જ્યારે રાષ્ટ્ર ૨૦૩૬ સુધીમાં વિશ્વનો ટોચનો ૧૦ સ્પોર્ટ્સ નેશન બનવા માંગે છે અને ૨૦૪૭ સુધીમાં ટોચના પાંચમાં સ્થાન મેળવવા માંગે છે.

કીર્તિનો એથ્લિટ-કેન્દ્રિત કાર્યક્રમ ઈન્ફોર્મેશન ટેકનોલોજી પર આધારિત તેની પારદર્શક પસંદગી પદ્ધતિથી સ્પષ્ટ થાય છે. કૃત્રિમ બુદ્ધિ પર આધારિત ડેટા એનાલિટિક્સનો ઉપયોગ મહત્વાકાંક્ષી રમતવીરની રમતગમતની કુશળતાની આગાહી કરવા માટે કરવામાં આવી રહ્યો છે.

કીર્તિ કાર્યક્રમ વિશેઃ

કીર્તિ (ખેલો ઈન્ડિયા રાઈઝિંગ ટેલેન્ટ આઈડેન્ટિફિકેશન)ની કલ્પના આધુનિક આઈસીટી ટૂલ્સ અને વૈશ્વિક શ્રેષ્ઠ પદ્ધતિઓ પર આધારિત સંકલિત પ્રતિભા ઓળખ માળખું વિકસાવવા માટે કરવામાં આવી છે. તેનો હેતુ એક જ પ્લેટફોર્મ પર તળિયાની પ્રતિભા ઓળખની આખી પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવાનો છે.

કિર્તી પ્રોજેક્ટના મૂળ એથ્લીટ-કેન્દ્રિત અભિગમ પર આધારિત છે, જેમાં દરેક પગલે ટેલેન્ટ આઈડેન્ટિફિકેશનની પ્રક્રિયાને વધુ વ્યાપક અને સુલભ બનાવવામાં આવી છે.

પ્રોજેક્ટ કીર્તિ તેના વિકેન્દ્રિત અને ખિસ્સા-આધારિત પ્રતિભા ઓળખ અભિગમ સાથે ખેલો ઈન્ડિયા યોજનાનાં બે ઉદ્દેશો એટલે કે રમતગમતમાં ઉત્કૃષ્ટતા અને રમતગમતમાં સામૂહિક ભાગીદારી હાંસલ કરવામાં મદદરૂપ થશે.

## પશ્ચિમ રેલવે ટ્રેક પર કચરો ફેંકનારાઓ સામે કડક કાર્યવાહી કરી રહી છે

# ભારતીય રેલવે ટ્રેનોમાં સ્વચ્છતા અને પરિચાલન અનુશાસનના ઉચ્ચતમ ધોરણો જાળવવા માટે પ્રતિબદ્ધ

## પશ્ચિમ રેલવેના ૨૪ સ્ટેશનો પર પેન્ટ્રી કાર દ્વારા કચરો એકત્ર કરવામાં આવ્યો હતો

। અમદાવાદ, તા.૧૮ ।

પશ્ચિમ રેલવે તેના આદરણીય ગ્રાહકોને વધુ સારી સેવા સુનિશ્ચિત કરીને સ્વચ્છ મુસાફરી વાતાવરણ પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે. આ ક્રમમાં ટ્રેનોમાં સ્વચ્છતા જાળવવા માટે ઘણા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ હેતુ માટે સ્વચ્છ ટ્રેન સ્ટેશન અને ઓન-બોર્ડ હાઉસકીપિંગ સેવાઓ જેવી વ્યવસ્થાઓ પૂરી પાડવામાં આવી છે. આ ઉપરાંત લાંબા અંતરની ટ્રેનોમાં મુસાફરી દરમિયાન પેન્ટ્રીકારમાંથી પેદા થતો કચરો એકત્ર કરવા માટે વિવિધ સ્થળોએ ગાર્બેજ કલેક્શન પોઈન્ટ પણ બનાવવામાં આવ્યા છે, જેથી માત્ર ટ્રેનો અને રેલવે પરિસર સ્વચ્છ રહે બલકે રેલવે ટ્રેક ને કિનારે પર પણ સ્વચ્છતા જળવાઈ રહે. આ ઝુંબેશો સ્વચ્છ વાતાવરણ સુનિશ્ચિત કરે છે જે ટ્રેન મુસાફરીના અનુભવને બેહતર બનાવે છે.

પશ્ચિમ રેલવે ના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરવામાં આવેલી પ્રેસ વિજ્ઞપ્તિ મુજબ, લાંબા અંતરની ટ્રેનોની સફાઈ એવા સ્ટેશનો પર કરવામાં આવે છે જ્યાં પ્રાથમિક જાળવણી કરવામાં આવે છે. અમદાવાદ, મુંબઈ સેન્ટ્રલ, રતલામ, ભાવનગર, વડોદરા, વગેરે. આ પહેલ હેઠળ પશ્ચિમ રેલવે માં લગભગ ૬૦૦ ટ્રેનોની સફાઈ કરવામાં આવે છે અને ટ્રેનની સફાઈ દરમિયાન એકઠા થયેલા તમામ કચરાનો નિયમ મુજબ નિકાલ કરવામાં આવે છે. પશ્ચિમ રેલવે ના ૨૪ સ્ટેશનો પર પેન્ટ્રી કાર દ્વારા કચરો એકત્ર કરવામાં આવે છે, જ્યાં ૭૭૬૦૦ કિલોગ્રામ કચરો (સૂકો અને ભીનો કચરો સહિત) પેન્ટ્રી કારથી એકત્રિત કરવામાં આવે છે અને નિયમો અનુસાર અંતિમ નિકાલ માટે સંબંધિત પ્રબંધક દ્વારા રસીદ પર સહી કરવામાં આવે છે. પશ્ચિમ રેલવેની કુલ ૧૭૫ ટ્રેનોમાં ઓન-બોર્ડ હાઉસકીપિંગ સેવાઓ છે.

ભારતીય રેલવે તમામ ટ્રેનોમાં સ્વચ્છતા અને પરિચાલન અનુશાસન ના ઉચ્ચતમ ધોરણો જાળવવા માટે પ્રતિબદ્ધ છે. મુસાફરો અને હિતધારકોને તાત્કાલિક નિવારણ માટે આવી કોઈપણ ઘટનાની જાણ કરવાનું ચાલુ રાખવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે, જે દરેક માટે સ્વચ્છ અને સલામત મુસાફરી વાતાવરણ સુનિશ્ચિત કરવા માટે ભારતીય રેલવેની પ્રતિબદ્ધતા ની પુષ્ટિ કરે છે.

# વૃક્ષયાત્રા બાદ વૃક્ષ પૂજન કરી ૪,૫૦૦ વૃક્ષોના વાવેતર દ્વારા વૃક્ષમંદિર સમાન પ્રતીક્ષા વનના નિર્માણ માટે સમસ્ત ગ્રામજનો સહભાગી બન્યા

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૮ ।

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના ખાનપુર ગામમાં વૃક્ષમંદિર નિર્માણનો એક અનોખો કાર્યક્રમ યોજાયો હતો. હાર્ટ ફાઉન્ડેશન અને રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, સમસ્ત ખાનપુર ગ્રામજનો અને વિચરતા સમુદાય સમર્થન મંચના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી બલરાજસિંહ ચૌહાણ અને જિલ્લા કલેકટર શ્રી મેહુલ દવે ઉપસ્થિત રહી ગ્રામજનોના આ સામૂહિક વનનિર્માણ કાર્યક્રમના પુરુષાર્થને બિરદાવ્યો હતો. જિલ્લા કલેક્ટરશ્રી મેહુલ દવેએ આ પ્રસંગે જણાવ્યું હતું કે વૃક્ષ એ ધરતી પરના દેવતા છે. તેમણે જણાવ્યું હતું કે વૃક્ષ માનવ જાતિના શ્રેષ્ઠ મિત્ર સમાન છે. પર્યાવરણની રક્ષાથી લઈને માનવીની અનેક જરૂરિયાતો વૃક્ષો પૂરી પાડે છે. ગ્લોબલ વૉર્મિંગના મહાસંકટના સામના માટે સૌથી શ્રેષ્ઠ માર્ગ વૃક્ષ ઉછેર છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે આજે ખાનપુર ગામમાં સામૂહિક પુરુષાર્થ દ્વારા ૪૫૦૦ વૃક્ષોના વાવેતરથી વૃક્ષમંદિર એવા પ્રતીક્ષા વનનું નિર્માણ થઈ રહ્યું છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે તમારા અણધાર્યા સ્વભાવને તમારા વૈવાહિક સંબંધ પર અસર કરવા ન દો.આ બાબતને ટાળવાનો પ્રયાસ કરો ન્યથા તમે પછીથી પસ્તાશો. કોઈ ની સલાહ લીધા વગર તમને આજે પૈસા નિવેશ ના કરવા જોઈએ। તમારા સમસ્ત પરિવાર માટે સમૃદ્ધિ લાવે તેવા પ્રૉજેક્ટની તમારે પસંદગી કરવી જોઈએ. આજે તમારૂં પ્રિયપાત્ર તમારા અનિશ્ચિત વર્તન સાથે પનારો પાડવામાં ખૂબ જ મુશ્કેલી અનુભવશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો। તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. ઘરમાં કોઈક સમારકામ અથવા સામાજિક મેળાવડો તમને વ્યસ્ત રાખે એવી શક્યતા છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારા ખભા પર ઘણી બધી જવાબદારી આવી પડી છે અને નિર્ણય લેવા માટે મગજની સ્પષ્ટતા તમારી માટે મહત્વની સાબિત થશે. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે. દિવસને અદભુત બનાવવા માટે પરિવારના સભ્યો તથા નિકટના મિત્રો સાથે ભેગા મળી મેળાવડો યોજો.

**કર્ક (ડ,હ) :**
આજે તમે માનસિક નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. ફૅશન તમારા જીવનમાં ભવ્ય લય છે અને સમર્પણનું મૂલ્ય તથા દિલમાં પ્રેમ અને કૃતજ્ઞતાપૂર્વક સીધા ચાલવાની કળા શીખો.

**સિંહ (મ,ટ) :**
આજનો દિવસ આનંદમય બન્યો રહે તે માટે માનસિક તાણ અને તણાવ ટાળો. આજે તમારા ઓફિસે માં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે તેથી આજે તમારે પોતાના સમાન નું ધ્યાન રાખવું જરૂરી છે. આજે તમને લાભ થશે-કેમ કે પરિવારના સભ્યો તમને હકારાત્મક રીતે પ્રતિસાદ આપશે. તમારો પ્રણય સાથીદાર તમારી ખુશામત કરશે-આ એકલવાયા વિશ્વમાં મને એકલો-એકલી ન મુકતા.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમારી આસપાસનો લોકોનો સહકાર મળવાથઈ તમે ખુશ થશો. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. સૌને તમારી મોટી પાર્ટી માટે બોલાવો-આજે તમારામાં એ વધારાની ઊર્જા હશે જે તમારા ગ્રુપ માટે કાર્યક્રમનું આયોજન કરવા પ્રેરશે. પ્રેમ પ્રકરણમાં તમને ખાટી રીતે લેવામાં આવે એવી સક્યતા છે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે બહાર જવું-પાર્ટીઓ તથા જલસાઘર તમને આજે આનંદિત મિજાજમાં રાખશે. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. પરિવારના સભ્ય તમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્રનો કૉલ આવશે. તમે સીધા જવાબ નહીં આપો તો તમારી સાથે સંકળાયેલા લોકો તમારાથી નારાજ થાય એવી શક્યતા છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ અત્તરની જેવું કામ કરશે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુઃખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે. પ્રેમ પ્રવાસ મધુર પણ ટૂંકી આવરદાનો. કામના સ્થળે આજે બધા જ તમને પ્રેમ કરશે તથા ટેકો આપશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. તમે ધાર્યા ન હોય એવા સ્થળેથી થનારો આર્થિક લાભ તમારા દિવસને ઝળકાવશે. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે. પ્રેમ અમર્યાદિત છે, પ્રેમ બેશુમાર છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજે તમારી ધીરજ ખોતા નહીં ખાસ કરીને મુશ્કેલીના સમયમાં. આજે ધન લાભ થવાની શક્યતા તો છેજ પરંતુ એવું પણ થયી શકે છે કે પોતાના ગુસ્સેલ સ્વભાવ ના લીધે તમે પૈસા કમાવા માં સક્ષમ ના થયી શકો. તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ. આજે પ્રેમનો જાદુ તમને અંધ કરી મુકશે. આ પરમ સુખને માણો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમે પૂરતો આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. આજે તમારા હાથ માં ધન નહિ ટકે, ધન સંચય કરવા માં આજે તમને ઘણી બધી તકલીફો નો સામનો કરવો પડશે। તમારા પરિવારના સભ્યોની જરૂરીયાતો પર ધ્યાન આપવું એ આજના દિવસની પ્રાથિમકતા હોવી જોઈએ.

## ન્યૂઝ બ્રિફ

### પૂણેમાં NCP નેતાના પુત્રની SUVએ ટેમ્પોને ટક્કર મારી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

મહારાષ્ટ્રના પુણેમાં ડ્રિંક એન્ડ ડ્રાઈવનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. એક ઝડપી એસયુવીએ ટેમ્પો ટ્રકને ટક્કર મારી હતી, જેમાં બે લોકો ઘાયલ થયા હતા. આ કાર કથિત રીતે શરદ પવારની પાર્ટીના એક નેતાના પુત્ર દ્વારા ચલાવવામાં આવી રહી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર આ ઘટના મંગળવારે સવારે લગભગ ૫ વાગ્યાની આસપાસ બની હતી. શરદ પવારની પાર્ટીના નેતા બંધુ ગાયકવાડનો પુત્ર સૌરભ ઘટના સમયે નશામાં હતો. આ ઘટનાના વાયરલ થયેલા વિડિયોમાં તે દારૂના નશામાં ડ્રાઈવિંગ કરી રહ્યો હતો, તે જોઈ શકાય છે કે એક ટેમ્પો ટ્રક ખાલી રસ્તા પર જઈ રહ્યો હતો ત્યારે સામેથી આવી રહેલી એક એસયુવીએ તેને ટક્કર મારી હતી.વીડિયોમાં જોઈ શકાય છે કે બે વાહનો વચ્ચે ટક્કર થતાં ટેમ્પોમાંથી મરઘીઓ રોડ પર પડી રહી છે. આ કેસમાં આરોપી સૌરભ ગાયકવાડ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે.તમને જણાવી દઈએ કે આ ઘટના પુણેમાં પોર્શની ઘટનાના લગભગ બે મહિના પછી બની હતી. આ ઘટનામાં એક લક્ઝરી પોર્શ કારે પાછળથી બાઈકને ટક્કર મારી હતી, જેમાં બે લોકોના મોત થયા હતા. આરોપી સગીર હતો જે દારૂના નશામાં હતો. આ સિવાય ૭ જુલાઈના રોજ પણ આવી જ એક ઘટના પ્રકાશમાં આવી હતી, જેમાં 'એની બેસન્ટ રોડ વર્લી' ખાતે એક મ્સ્ઉ કારે સ્કૂટર પર સવાર બે લોકોને ટક્કર મારી હતી. જેમાં મહિલાને સ્કૂટર સાથે ૧.૫ કિલોમીટર સુધી ખેંચવામાં આવી હતી અને આ દરમિયાન તેનું મોત થયું હતું.

### અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેન કોરોના પોઝિટિવ

। (એજન્સી) અમેરિકા, તા.૧૮ ।

અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેનનો કોવિડ-૧૯ ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. આ માહિતી વ્હાઈટ હાઉસ દ્વારા આપવામાં આવી છે. વ્હાઈટ હાઉસ કહે છે કે તેને હળવા લક્ષણો છે. હવે તે ડેલવેર પરત ફરશે, જ્યાં તે પોતાની જાતને અલગ કરી દેશે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેનનો કોવિડ-૧૯ ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. આ માહિતી વ્હાઈટ હાઉસ દ્વારા આપવામાં આવી છે. વ્હાઈટ હાઉસ કહે છે કે તેને હળવા લક્ષણો છે. હવે તે ડેલવેર પરત ફરશે, જ્યાં તે પોતાની જાતને અલગ કરી દેશે.વ્હાઈટ હાઉસના પ્રેસ સચિવ કેરીન જીન-પિયરે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ બિડેન લાસ વેગાસમાં તેમની પ્રથમ ઈવેન્ટ પછી આજે કોવિડ-૧૯ માટે સકારાત્મક પરીક્ષણ કર્યુ છે. તેને રસી આપવામાં આવી છે અને તેને બૂસ્ટર પણ આપવામાં આવ્યું છે. તેને હળવા લક્ષણો છે. તે હવે ડેલવેર પરત ફરશે, જ્યાં તે પોતાની જાતને અલગ રાખશે અને આ સમય દરમિયાન તેની તમામ ફરજો પૂર્ણપણે નિભાવવાનું ચાલુ રાખશે.વ્હાઈટ હાઉસ રાષ્ટ્રપતિની સ્થિતિ અંગે નિયમિત અપડેટ્સ પ્રદાન કરશે કારણ કે તેઓ એકલતામાં હોદ્દાની તમામ ફરજો નિભાવવાનું ચાલુ રાખે છે. લેટિનો નાગરિક અધિકાર સંગઠને કહ્યું કે જો બિડેન સુનિશ્ચિત કાર્યક્રમમાં બોલી શકશે નહીં કારણ કે તે કોરોના પોઝિટિવ છે.

### રાષ્ટ્રપતિ ચૂંટણીમાં જો બિડેનના નિવેદને મચાવ્યો હંગામો

# કમલા હેરિસ બની શકે છે અમેરિકાના રાષ્ટ્રપતિ : જો બિડેન

### જો બિડેને NAACPના વાર્ષિક સંમેલનમાં કહ્યું, 'ઉપપ્રમુખ કમલા હેરિસ અમેરિકાના રાષ્ટ્રપતિ બની શકે છે'

। (એજન્સી) અમેરિકા, તા.૧૮ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બિડેને નેશનલ એસોસિએશન ફોર ધ એડવાન્સમેન્ટ ઓફ કલર્ડ પીપલના વાર્ષિક સંમેલનને સંબોધિત કરતા કહ્યું કે ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ અમેરિકાના રાષ્ટ્રપતિ બની શકે છે. ૫ નવેમ્બરે યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા તેમની તબિયતને કારણે રાષ્ટ્રપતિ પદની રેસમાંથી બહાર નીકળવાની ડેમોક્રેટ્સની વધતી માંગ વચ્ચે બિડેનની ટિપ્પણીઓ આવી છે.

૫૯ વર્ષીય કમલા હેરિસ વિશે બોલતા, બિડેને તેમના સંબોધનમાં કહ્યું કે તે માત્ર એક મહાન ઉપરાષ્ટ્રપતિ નથી, તે યુનાઈટેડ સ્ટેટ્સની રાષ્ટ્રપતિ પણ બની શકે છે. તેણીએ સંકેત આપ્યો છે કે જો તે પ્રમુખપદની રેસમાંથી બહાર નીકળી જશે, તો તે તેની જગ્યાએ લેવા માટે યોગ્ય ઉમેદવાર હશે. જો કે, બિડેને ભીડને કહ્યું કે તેઓ તેમના બીજા કાર્યકાળના પ્રથમ ૧૦૦ દિવસની યોજનાઓ બનાવી ચૂક્યા છે. એનએએસીપીના વાર્ષિક સંમેલનમાં તેમના ભાષણ દરમિયાન, તેમણે લોકોને ખાતરી આપી હતી કે તેમણે તેમના બીજા કાર્યકાળના પ્રથમ ૧૦૦ દિવસ માટે પહેલેથી જ યોજનાઓ બનાવી લીધી છે, જેમાં



મુખ્ય એક મતદાન-અધિકાર કાયદો છે. તેમના ભાષણ દરમિયાન બિડેને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની પણ ટીકા કરી હતી. તેણે કહ્યું કે ડોનાલ્ડ ટ્રમ્પનું પ્રમુખપદ અશ્વેત અમેરિકનો માટે નરક હતું.'' જ્યોર્જ ફ્લોયડની હત્યા બાદ ૨૦૨૦ના રમખાણો અંગે નેશનલ ગાર્ડના પ્રતિભાવનો ઉલ્લેખ કરીને, તેણે પૂછ્યું, ''આ માણસનો કેસ શું છે?''બિડેને બ્લેક જોબ્સ વધારવા પર ટ્રમ્પના ધ્યાનની મજાક ઉડાવી. તેમણે પોતાના સંબોધનમાં કહ્યું કે તેમના બેરોજગારી રેકોર્ડ અંગે તેમના પર લગાવવામાં આવેલા આરોપો ખોટા છે.

બિડેને કહ્યું, ''મને આ શબ્દસમૂહ 'બ્લેક જોબ્સ' ગમે છે, તે વ્યક્તિ અને તેના પાત્ર વિશે ઘણું બધું કહે છે.'' તેણે કહ્યું, ''મિત્રો, હું જાણું છું કે કાળું કામ શું છે.રાષ્ટ્રપતિએ બરાક ઓબામાના જન્મ સ્થળ અંગે સવાલ ઉઠાવવા બદલ ટ્રમ્પની નિંદા કરી હતી અને કહ્યું હતું કે તેઓ અમેરિકામાં જન્મ્યા નથી અને અમેરિકન નાગરિક નથી. બિડેને ચેતવણી આપી હતી કે રિપબ્લિકન ''એનએએસીપી જે કંઈ છે તેનો નાશ કરશે.''તે જ સમયે, પ્રથમ રાષ્ટ્રપતિની ચર્ચામાં બિડેનના નબળા પ્રદર્શને ડેમોક્રેટિક પાર્ટીમાં બીજી ટર્મ માટે તેની ફિટનેસ વિશે ચિંતાઓ ઊભી કરી છે. બિડેનને રાજીનામું આપવાની કોલ્સ વધી રહી છે, ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ તેમને બદલવાની ટોચની પસંદગી તરીકે ઉભરી આવ્યા છે. જો કમલા હેરિસ બિડેનનું સ્થાન લે છે અને પ્રમુખપદની ચૂંટણી જીતે છે, તો તે ઈતિહાસની પ્રથમ અશ્વેત મહિલા હશે જે અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવશે.ભારતીય-અમેરિકન કમલા હેરિસને ડોનાલ્ડ ટ્રમ્પ સામે લડવા માટે કુદરતી પસંદગી તરીકે જોવામાં આવે છે. વાઈસ પ્રેસિડેન્શિયલ ડિબેટમાં તે ટ્રમ્પના રનિંગ મેટ જેડી વેન્સ સાથે પણ ચર્ચા કરવા તૈયાર છે. વ્હાઈટ હાઉસે ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસને ''ડેમોક્રેટિક પાર્ટીનું ભવિષ્ય'' જાહેર કર્યુ છે.

### માતા જાનવર બની, તેના પતિને વીડિયો મોકલ્યો

# માતા તેના પુત્ર પર બેઠી, તેનું ગળું દબાવ્યું, તેનું માથું જમીન પર પછાડ્યું

**હરિદ્વારમાં એક મહિલા તેના ૧૧ વર્ષના બાળક પર બેસી ગઈ અને તેનું માથું જમીન પર પછાડી દીધું**

। (એજન્સી) હરિદ્વાર, તા.૧૮ ।

ઉત્તરાખંડના હરિદ્વારમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં એક મહિલાએ તેના ૧૧ વર્ષના પુત્ર પર બેસીને તેનું ગળું દબાવી દીધું હતું. મહિલાએ બાળકને મુક્કો માર્યો અને તેની છાતીમાં ડંખ માર્યો. આ દરમિયાન બાળક ચીસો પાડતો રહ્યો અને તેની માતાએ ક્રૂરતાની હદ વટાવી દીધી. આ મહિલાએ તેનો વીડિયો પણ બનાવ્યો અને અલગ રહેતા તેના પતિને મોકલ્યો. આ વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. વાયરલ વીડિયોમાં જોઈ શકાય છે કે મહિલા બાળક પર બેઠી છે અને તેને મુઠ્ઠીઓ વડે માર મારી રહી છે. જ્યારે માસૂમ બાળક ચીસો પાડવા લાગે છે તો મહિલા તેને દાંત વડે કરડવા લાગે છે. વીડિયોની વાત કરીએ તો ઘણા યુઝર્સ મહિલાને શ્રાપ આપતા જોવા મળી રહ્યા છે જ્યારે કેટલાક તેની ધરપકડની માંગ કરી રહ્યા છે.ઉત્તરાખંડ પોલીસનું કહેવું છે કે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલો વીડિયો હરિદ્વારના ઝાબરેડાનો છે. પોલીસ અધિકારીઓનું કહેવું છે કે વાયરલ વીડિયો લગભગ બે મહિના પહેલાનો છે. મહિલાએ આ વીડિયો તેના ૧૨ વર્ષના પુત્ર સાથે બનાવ્યો હતો અને તેને રેકોર્ડ કર્યા બાદ તેના પતિને મોકલી આપ્યો હતો. જ્યારે પતિએ વીડિયો જોયો તો તે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયો. આ પછી આ મામલો ચર્ચામાં આવ્યો હતો.પોલીસ અધિકારીઓનું કહેવું છે કે ઝાબરડાની રહેવાસી મહિલાનો તેના પતિ સાથે છેલ્લા ૧૦ વર્ષથી વિવાદ ચાલી રહ્યો છે. મહિલાનો આરોપ છે કે તેનો પતિ દેવબંદ સહારનપુરમાં કપડાની દુકાનમાં કામ કરે છે. તે ઘરનો કોઈ ખર્ચ ચૂકવતો નથી અને ડ્રગ્સ પણ લે છે. સમગ્ર મામલાની સ્પષ્ટતા કરતા મહિલાએ કહ્યું છે કે તે એક દુકાનમાં કામ કરીને પોતાનો ખર્ચ ઉઠાવે છે.

### બેકાબૂ કાર વળાંક સાથે અથડાઈ

# મહિલા કોન્સ્ટેબલ હવામાં કૂદીને ૩૦ ફૂટ દૂર પડી

। (એજન્સી) ચેન્નાઈ, તા.૧૮ ।

ચેન્નાઈમાં ફરજ પરથી ઘરે પરત ફરી રહેલી મહિલા પોલીસકર્મીને સામેથી આવતી કારે ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે મહિલા પોલીસ હવામાં ઉછળીને ૩૦ ફૂટ દૂર પડી ગઈ હતી. જેના કારણે તેણીને ગંભીર ઈજા થઈ હતી. આ ઘટના કેમેરામાં કેદ થઈ ગઈ છે. તમિલનાડુના ચેન્નાઈમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. અહીં એક ઝડપી કારે મહિલા પોલીસકર્મીને જોરદાર ટક્કર મારી હતી, જેના કારણે મહિલા પોલીસકર્મી ગંભીર રીતે ઘાયલ થઈ હતી. ઘાયલ મહિલા પોલીસકર્મીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. આ ઘટના કેમેરામાં કેદ થઈ ગઈ છે.એજન્સી અનુસાર, તિરુમુલ્લાઈવાયલમાં સત્યમૂર્તિ નગર પોલીસ ક્વાર્ટરમાં રહેતી ૨૪ વર્ષીય પવિત્રા પોરૂર ઓલ મહિલા પોલીસ સ્ટેશનમાં તૈનાત હતી. પવિત્રા પોતાની ફરજ પૂરી કરીને ટુ-વ્હીલર પર ઘરે પરત ફરી રહી હતી. જ્યારે તે અયાપક્કમ પાસેથી પસાર થઈ રહી હતી ત્યારે સામેથી એક ઝડપી કાર આવી હતી.વળાંક પર અનિયંત્રિત કારે કાબૂ ગુમાવ્યો હતો અને પવિત્રાને જોરથી ટક્કર મારી હતી. ટક્કર થતાં જ મહિલા પોલીસ હવામાં ઉછળીને દૂર પડી ગઈ હતી. અથડાતી કાર બીજી કાર સાથે અથડાઈ હતી.આ ભયાનક અકસ્માતમાં મહિલા પોલીસકર્મી પવિત્રાના ટુ-વ્હીલરને સંપૂર્ણ નુકસાન થયું હતું.

### કર્ણાટકના સ્થાનિક ક્વોટાને લઈને

# સોશિયલ મીડિયા પર નારા લોકેશ અને પ્રિયંક ખડગેની ટક્કર

**નાસ્કોમે કર્ણાટકમાં ખાનગી નોકરીઓમાં સ્થાનિક લોકો માટેના ક્વોટા બિલ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

આંધ્રપ્રદેશના IT મંત્રી નારા લોકેશે સોફ્ટવેર બોડી Nasscomને વિશાખાપટ્ટનમમાં તેનો બિઝનેસ વિસ્તારવા અથવા ટ્રાન્સફર કરવા ઓફર કરી છે. ટીડીપી નેતાની આ ટિપ્પણી કર્ણાટક સરકારે બુધવારે ખાનગી ક્ષેત્રમાં સ્થાનિક લોકો માટે આરક્ષણના બિલને મંજૂરી આપ્યા બાદ ઘણા ઉદ્યોગોના હોબાળા વચ્ચે આવી છે. હવે, NASSCOM એ બિલની જોગવાઈઓ પર ઊંડી ચિંતા વ્યક્ત કરી છે અને કર્ણાટક સરકારને તેને પાછી ખેંચવા વિનંતી કરી છે. ''બિલની જોગવાઈઓ કંપનીઓને દૂર કરવા અને સ્ટાર્ટઅપ્સને અટકાવવાનું જોખમ ધરાવે છે, ખાસ કરીને વધુ વૈશ્વિક કંપનીઓ (GCC) રાજ્યમાં રોકાણ કરવા માંગે છે,'' નાસકોમની પ્રેસ રિલીઝમાં જણાવાયું છે.સોશિયલ મીડિયા પર નાસકોમના નિવેદનનો જવાબ આપતા લોકેશે લખ્યું, ''અમે તમારા વ્યવસાયને વિશાખાપટ્ટનમમાં અમારા IT, IT સેવાઓ, AI અને ડેટા સેન્ટર ક્લસ્ટરમાં વિસ્તારવા અથવા સ્થાનાંતરિત કરવા માટે તમારું સ્વાગત કરીએ છીએ.''નાસ્કોમના પ્રમુખ દેબજાની ઘોષને ટેગ કરતાં લોકેશે કહ્યું, ''આંધ્ર પ્રદેશ તમારું સ્વાગત કરવા તૈયાર છે, કૃપા કરીને સંપર્ક કરો!'' અત્યાધુનિક સુવિધાઓની ખાતરી આપતાં, આંધ્ર પ્રદેશના મંત્રીએ કંપનીને કોઈપણ સરકારી નિયંત્રણો વિના અવિરત પાવર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સૌથી યોગ્ય કુશળ પ્રતિભા પ્રદાન કરવાનું વચન આપ્યું હતું. આંધ્ર પ્રદેશ સરકારમાં મંત્રી નારા લોકેશની પોસ્ટના જવાબમાં કર્ણાટકના આઈટી મંત્રી પ્રિયંક ખડગેએ પૂછ્યું, ''શું તમે એ પણ સુનિશ્ચિત કરવા નથી ઈચ્છતા કે આંધ્ર પ્રદેશમાં રોકાણ કરતી દરેક કંપની પાસે આંધ્રપ્રદેશના લાયક, પ્રશિક્ષિત અને કુશળ ઉમેદવારો છે? ''લોકોની નિમણૂક કરો?''આપને જણાવી દઈએ કે કર્ણાટકની સિદ્ધારમૈયા સરકાર દ્વારા મંજૂર કરાયેલા બિલમાં ૫૦ ટકા મેનેજમેન્ટ પોસ્ટ્સ અને ૭૫ ટકા નોન-મેનેજમેન્ટ પોસ્ટ્સ પર કન્નડ લોકોની નિમણૂક કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.કર્ણાટક સરકારે બિલને મંજૂરી આપ્યા પછી, નાસકોમે એક પત્રમાં જણાવ્યું હતું કે, ''કંપનીઓએ પ્રતિબંધોને કારણે સ્થળાંતર કરવું પડી શકે છે, કારણ કે સ્થાનિક કુશળ પ્રતિભા દુર્લભ બની જશે.'' NASSCOM એ એમ પણ જણાવ્યું હતું કે ટેક સેક્ટર કર્ણાટકના GDPમાં ૨૫ ટકાનું યોગદાન આપે છે, જેમાં ૧૧,૦૦૦ થી વધુ સ્ટાર્ટ-અપ્સનો સમાવેશ થાય છે અને કુલ GCCમાં તેનો હિસ્સો ૩૦ ટકા છે. નાસકોમની ચિંતાઓનો જવાબ આપતાં, પ્રિયંક ખડગેએ ખાતરી આપી હતી કે સરકાર એવું કંઈ કરશે નહીં જે કાયદાકીય તપાસનો સામનો ન કરી શકે. ખડગેએ તેમની સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું, ''આ તમારી સરકાર છે અને હંમેશની જેમ, અમે ફક્ત એક કૉલ દૂર છીએ.''તેમણે વધુમાં જણાવ્યું હતું કે કર્ણાટક સરકાર સ્થાનિક પ્રતિભાનો ઉપયોગ કરીને વૈશ્વિક કાર્યબળ વિકસાવવા તેમજ વૈશ્વિક રોકાણોને પ્રોત્સાહિત કરવા અને રોજગારીની તકો ઊભી કરવાનો ધ્યેય ધરાવે છે.

# શબપેટીને સંભાળતા પિતા, માતા આંસુ કાબુમાં, બહેન સાંત્વના આપતા...

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

જમ્મુ-કાશ્મીરના ડોડામાં શહીદ થયેલા કેપ્ટન બ્રિજેશ થાપાના દાર્જિલિંગમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે. બ્રિજેશ થાપાના માતા-પિતા તેમના પુત્રને છેલ્લી વિદાય આપતા હોવાનો એક વિડિયો સામે આવ્યો છે, જેમાં પિતા તેમના પુત્રના શબપેટીને છેલ્લી વાર માથું મારી રહ્યા છે અને તેને પોતાની હથેળીઓ વડે સ્પર્શ કરી રહ્યા છે અને તેને પ્રેમ કરી રહ્યા છે. માતા કપડાના ટુકડામાં તેના પ્રેમાળ આંસુ એકઠા કરી રહી છે, જ્યારે બહેન માતા અને પિતાને પ્રોત્સાહન આપી રહી છે. આ વિડિયો જોયા પછી કઠણ હૃદય પણ પીગળી જશે અને લાગણીઓના આંસુ રોકી શકશે નહીં. જે રીતે શહીદના પિતા પોતાના પુત્રના શબને ધ્રૂજતા, હળવા હાથે છેલ્લી વાર સ્પર્શ કરી રહ્યા છે. એવું લાગે છે કે દીકરો સૂઈ રહ્યો છે, જો હું તેને જોરથી સ્પર્શ કરું તો તે કદાચ જાગી જશે. શહીદ બ્રિજેશની માતા રડતી વખતે કોફિન પરના ફોટાને વારંવાર સ્પર્શ કરી રહી છે. દરમિયાન, બહેન તેના માતા-પિતાને સ્નેહ આપી રહી છે અને તેમને પ્રોત્સાહિત કરી રહી છે. પુત્રને અંતિમ શ્રદ્ધાંજલિ આપ્યા બાદ માતા અને પિતા પણ 'ભારત માતા કી જય'ના નારા લગાવી રહ્યા છે. ૨૬ વર્ષીય કેપ્ટન બ્રિજેશ થાપા, નાઈક ડી. રાજેશ, કોન્સ્ટેબલ બિજેન્દ્ર અને અજય શનિવારે રાત્રે ડોડામાં ગાઢ જંગલો વચ્ચે આધુનિક હથિયારોથી સજ્જ આતંકવાદીઓ સાથેની અથડામણમાં શહીદ થયા હતા. બ્રિજેશ થાપા દાર્જિલિંગના બડા ગિંગ બજારનો રહેવાસી હતો. તેમની ત્રણ પેઢીઓ સેનામાં ફરજ બજાવી ચૂકી છે. બ્રિજેશના પિતા પોતે કર્નલના પદથી નિવૃત્ત થયા છે.બ્રિજેશ થાપા ૨૦૧૯માં પોતાની ટ્રેનિંગ પૂરી કર્યા બાદ આર્મીમાં કમિશન્ડ થયા હતા. તેઓ બે વર્ષ સુધી ૧૦ રાષ્ટ્રીય રાઈફલ્સમાં પોસ્ટીંગ હતા. કેપ્ટન બ્રિજેશ થાપાની માતા નિલિમા થાપાએ આજતકને કહ્યું, ''૧૫ જાન્યુઆરી મારા પુત્રનો જન્મદિવસ હતો. ૧૫ જાન્યુઆરી એ આર્મી ડે છે. મારો પુત્ર આર્મી ડ્યુટી કરતી વખતે દેશને સમર્પિત થયો. સેનામાં હોવાને કારણે તેને સેના પર ગર્વ હતો, પરંતુ તેના પિતા તેને સેનામાં જોડાવાનું કહ્યું.પોતાના પુત્ર સાથેની છેલ્લી મુલાકાતને યાદ કરતાં નિલિમા થાપાએ કહ્યું, ''બ્રિજેશ માર્ચમાં ઘરે આવ્યો હતો. તે આ મહિને આવવાનો હતો. તે હંમેશા ખુશ રહેતો હતો. મેં રવિવારે તેની સાથે છેલ્લી વખત વાત કરી હતી. સરકાર હંમેશા આતંકવાદને રોકવાનો પ્રયાસ કરે છે.

## વિશેષ

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે શ્રમિક બસેરા યોજનાની ૧૭ સાઇટોનું ખાતમૂહુર્ત સંપન્ન

# બાંધકામ શ્રમિકો-અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોને આવાસ, આહાર, આરોગ્ય અને આર્થિક આધાર આપી જીવનધોરણમાં ગુણાત્મક બદલાવ લાવવાની નેમ છે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

। (માહિતી) અમદાવાદ, તા.૧૮ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે બાંધકામ શ્રમિકો સહિતના અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો માટે આહાર, આરોગ્ય, આવાસ અને આર્થિક આધાર ઉપલબ્ધ કરાવીને તેમના જીવન ધોરણમાં ગુણાત્મક બદલાવ લાવવાની રાજ્ય સરકારની નેમ વ્યક્ત કરી છે. આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, દેશના વિકાસ અને પ્રગતિ માટે પરિશ્રમનો પરસેવો પાડનારા પાયાના શ્રમિકોનું સર્વગ્રાહી કલ્યાણ એ સરકારોનું દાયિત્વ છે.

મુખ્યમંત્રીશ્રી રાજ્ય સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના ઉપક્રમે રાજ્યમાં અમદાવાદ, ગાંધીનગર, વડોદરા અને રાજકોટ ખાતે નિર્માણ થનારા શ્રમિક બસેરાનું અમદાવાદમાં ભૂમિભૂજન કરતા સંબોધી રહ્યા હતા. આ શ્રમિક બસેરા તૈયાર થતાં અંદાજે ૧૫ હજારથી વધુ બાંધકામ શ્રમિકોને લાભ મળશે.

આગામી ત્રણ વર્ષમાં ૧૫૦૦ કરોડ રૂપિયાના ખર્ચે ૩ લાખ જેટલા બાંધકામ શ્રમિકો માટે સુવિધાયુક્ત હંગામી આવાસ-શ્રમિક બસેરા ઉભા કરવામાં આવશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં જગતપુર ખાતે નિર્માણ થનારા શ્રમિક બસેરાનું ભૂમિપૂજન શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં સંપન્ન કર્યું હતું. તેમણે આ અવસરે જણાવ્યું કે, મોટા બિલ્ડીંગ, ઈમારત, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉદ્યોગો માટે જરૂરી ફેક્ટરીઝ એમ દરેક નિર્માણને પોતાના પરસેવાથી સિંચતા બાંધકામ શ્રમિકોને પોતાનું આશ્રય સ્થાન મળે તેની ચિંતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરી છે.

પંડિત દીન દયાળ ઉપાધ્યાયના 'હર હાથ કો કામ, હર હાથ કા સન્માન'ના મંત્રને સાકાર કરતાં ગુજરાતમાં અસંગઠિત ક્ષેત્રના આવા બાંધકામ શ્રમિકોને મૂળભૂત સુવિધાઓ સાથે કામચલાઉ આવાસ શ્રમિક બસેરાથી મળશે એમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, બાંધકામ શ્રમિકોને આવાસ સાથે આહાર મળે તે માટે વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં શ્રમિક અન્નપૂર્ણા યોજના રાજ્ય સરકારે શરૂ કરી છે.

આવા શ્રમિકોને માત્ર પાંચ રૂપિયાના રાહત દરે રાજ્યભરમાં ૨૯૦ થી વધુ શ્રમિક અન્નપૂર્ણા ભોજન કેન્દ્ર પરથી ગરમ અને પૌષ્ટિક ભોજન અપાય છે. અત્યાર સુધીમાં ૨ કરોડ ૫૪ લાખ ભોજન વિતરણ થયું છે એમ પણ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, શ્રમિક ૬૦ વર્ષની વયે પહોંચે અને વયના કારણે કામકાજ કરવા શક્તિમાન ન રહે તો પણ તેના




નિર્વાહ માટે દર મહિને ૩૦૦૦ રૂપિયા જેટલી પેન્શન રકમ પી.એમ. શ્રમયોગી માન ધન યોજના અન્વયે મળે છે. રાજ્યમાં ત્રણ લાખથી વધુ શ્રમિકોને આ યોજનાઓનું કવચ મળેલું છે.

તેમણે આ અવસરે ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ તથા શ્રમયોગી કલ્યાણ બોર્ડની વિવિધ યોજનાઓના મળીને ૨૮ લાભાર્થીઓને ૬.૮૦ લાખ રૂપિયાની સહાયનું વિતરણ પણ કર્યું હતું. શ્રમિક બસેરા યોજનાના પોર્ટલનું લોન્ચિંગ પણ મુખ્યમંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના દરેક શ્રમિકની ચિંતા કરી છે. જ્યારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર શ્રમિકોની સુવિધાઓમાં સતત વધારો કરી રહી છે. સરકારની આ કાર્યપ્રણાલીને આગળ વધારતા આજે ૧૭ સાઈટ પર હંગામી આવાસના નિર્માણની કામગીરી શરૂ કરવામાં આવી છે.

મંત્રીશ્રીએ જણાવ્યું કે, શ્રમિકોના અન્ન, આરોગ્ય અને આહારની ચિંતા કરતી રાજ્ય સરકારનું આગામી સમયમાં શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ વધુ ૧૦૦ કેન્દ્રો ખોલવાનું આયોજન છે. ઉદ્યોગોની સ્થાપના સાથે ઉદ્યોગોને અનુરૂપ કૌશલ્ય નિર્માણ માટે 'કૌશલ્યા - ધ સ્કિલ યુનિવર્સિટી' પણ કાર્યરત છે. આમ, ઉદ્યોગ માટે સર્વ પ્રકારે અનુરૂપ વાતાવરણથી વિદેશી રોકાણ અને રોજગાર ક્ષેત્રમાં ગુજરાત દેશમાં મોખરે છે, એમ તેમણે ઉમેર્યું હતું.

સ્વાગત પ્રવચન કરતાં શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી અંજુ શર્માએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર બાંધકામ શ્રમિક ભાઈ-બહેનોને ખૂબ જ ઓછા દરે રહેવા માટે ભાડાના આવાસ મળી રહે તે માટે 'શ્રમિક બસેરા યોજના' અમલમાં મૂકવામાં આવી છે.

આ યોજના હેઠળ ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના નોંધાયેલા બાંધકામ શ્રમિકો તથા તેઓના પરિવારને રાહત દરે ભાડેથી રહેવાની સુવિધા પૂરી પાડવામાં આવશે, લાભાર્થી શ્રમિકના ૦૬ વર્ષ કે તેથી ઓછી ઉંમરના બાળકો માટે કોઈ ભાડું લેવામાં આવશે નહીં.

વધુમાં વાત કરતા અધિક મુખ્ય સચિવશ્રીએ જણાવ્યું હતું કે, આગામી ૩ વર્ષમાં ૩ લાખ જેટલા શ્રમિકો માટે આવાસ સુવિધા ઊભી કરવાનો રાજ્ય સરકારનો નિર્ધાર છે. યોજના અંતર્ગત શ્રમિકોને કડિયાનાકાના ૧ કિમી જેટલા વિસ્તારમાં રહેઠાણ પૂરા પાડવામાં આવશે. આવસોમાં પાણી,રસોડું, વીજળી, પંખા, સ્ટ્રીટ લાઈટ, સિક્યોરિટી, મેડિકલ ફેસિલિટી, ઘોડિયાઘર સહિતની સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવાશે, એમ તેમણે ઉમેર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની શ્રમિક બસેરા યોજનાના માધ્યમથી અંદાજે કુલ ૧૫૦૦૦ બાંધકામ શ્રમિકોને યોજનાનો લાભ મળવાનો અંદાજ છે.




શહેર પોલીસ ઝોન-૫ દ્વારા વ્યાજખોર વિરૂદ્ધ ફરિયાદ તથા લોન મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આશરે ૫૦૦ જેટલા લોકો હાજર રહ્યા હતાં.

## અમદાવાદમાં ચાંદીપુરા વાયરસના ૩ શંકાસ્પદ કેસ

। અમદાવાદ, તા.૧૮ ।

સાબરકાંઠામાં ચાંદીપુરા વાયરસના કારણે ૪ બાળકોના મોત થયા બાદ હાલ આ વાયરસના ૩ શંકાસ્પદે કેસ અમદાવાદમાં પ્રકાશમાં આવતા લોકોમાં ભયનો માહોલ છે. અમદાવાદની વાત કરીએ તો હાલ આ કેસનો ૧ દર્દી વેન્ટીલેટર પર છે. જ્યારે અન્ય ૨ દર્દીની તબિયત હાલ સ્થિર છે. આ સિવાય ૬ શંકાસ્પદ દર્દીનાં સેમ્પલને પુનાની લેબમાં પરીક્ષણ અર્થે મોકલવામાં આવ્યા છે. તેનો રિપોર્ટ ૩ દિવસ પછી આવશે. હાલ આ વાયરસની ગંભીરતાને જોતા સિવિલ હોસ્પિટલના દર્દીઓને ખડેપગે રહેવા સુચના આપવામાં આવી છે. ચાલો આજે જાણીએ આ વાયરસ વિશે વિગતે આ બાબતે અસારવા સિવિલનાં ડોક્ટર રાકેશ જોશીએ જણાવ્યું હતું કે છ દર્દીઓનાં સેમ્પલ પુના લેબમાં મોકલવામાં આવ્યા છે. તેમજ અમે રાહ જોઈ રહ્યા છીએ કે તે રિપોર્ટમાં શું આવે છે તેમજ મીડીયાનાં માધ્યમથી એટલી વિનંતી કરીશ કે લોકોએ ગભરાવાની જરૂર નથી. હાલ જે દર્દીઓ નોંધાયેલા છે તે શંકાસ્પદ છે. તેમજ તેઓનો રિપોર્ટ આવ્યા બાદ જ ચોક્કસથી કહી શકશું કે ખરેખર ચાંદીપુરા વાયરસથી સંક્રમિત છે કે અન્ય કોઈ ઈન્ફેક્શન થયા છે. રાજ્યમાં ચાંદીપુરા વાયરસની સ્થિતિને લઈ આરોગ્ય વિભાગ દ્વારા મહત્વની બેઠક મળનાર છે. આરોગ્યમંત્રીનાં અધ્યક્ષ સ્થાને મળનારી બેઠકમાં ચાંદીપુરા વાયરસની સ્થિતિની સમીક્ષા થશે. તેમાં રાજ્યનાં તમામ જીલ્લા, મહાનગરનાં આરોગ્ય અધિકારીઓ વીડિયો કોન્ફરન્સથી જોડાશે. આ બેઠકમાં રાજ્યનાં આરોગ્ય વિભાગનાં અધિકારીઓ પણ હાજર રહેશે. રાજ્યની મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલનાં ડોક્ટરોને પણ વીસીથી જોડવામાં આવશે. ચાંદીપુરા વાયરસની વર્તમાન સ્થિતિ અને તેનાં અટકાયતી પગલાઓ અંગે ચર્ચા થશે. રાજ્યમાં ૨૬ ચાંદીપુરાનાં કેસો નોંધાયા છે. જે પૈકી ૧૪ મૃત્યું પામ્યા છે.

### રોગ અટકાવવા મેલેથીયન પાવડરનો છંટકાવ કરાશે

# ખતરનાક ચાંદીપુરા વાયરસ માટે સરકારમાંથી છૂટ્યા આદેશ

## મુખ્યમંત્રી એ રાજ્યમાં ચાંદીપુરા વાયરસની સ્થિતિ અને રોગચાળા નિયંત્રણ અંગેના પગલાંઓની સમીક્ષા કરી હતી

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૮ ।

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યમાં ચાંદીપુરા વાયરસની સ્થિતિ અને રોગચાળા નિયંત્રણ અંગેના પગલાંઓની સમીક્ષા કરી હતી. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં આયોજિત આ બેઠકમાં મુખ્યમંત્રી એ રાજ્યના મ્યુનિસિપલ કમિશ્નરઓ, જિલ્લા કલેક્ટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓ તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીઓ સાથે વિડિયો કોન્ફરન્સ કરીને તેમના જિલ્લાની કામગીરીની વિગતો મેળવી હતી. રાજ્યમાં ચાંદીપુરા વાયરસની સ્થિતિને લઈને મુખ્યમંત્રી નિવાસ સ્થાને મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં મુખ્યમંત્રી, આરોગ્યમંત્રી અને આરોગ્ય વિભાગના અધિકારીઓ અને ડોકટરો જોડાયા હતા. રાજ્યમાં ચાંદીપુરા વાયરસની સ્થિતિ અંગે આ બેઠકમાં સમીક્ષા થઈ હતી. રાજ્યના તમામ જિલ્લા,મહાનગરના આરોગ્ય અધિકારીને વીડિયો કોન્ફરસન્સથી જોડવામાં આવ્યા હતા. રાજ્યની મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલ તંત્રના ડોક્ટરોને પણ વીસીથી કનેક્ટ કરાયા હતા. ચાંદીપુરા વાયરસની વર્તમાન સ્થિતિ અને તેના અટકાયતી પગલાઓ અંગે ચર્ચા કરાઈ અને મહત્વના નિર્ણયો લેવાયા. મુખ્યમંત્રીએ જિલ્લાઓમાં રોગ અટકાયત માટે મેલેથીયન પાવડર દ્વારા ડસ્ટિંગ માટેની ડ્રાઈવ હાથ ધરવા તેમજ કોઈ પણ તાવના કિસ્સામાં તાત્કાલિક સઘન સારવાર અપાય તે બાબત સુનિશ્ચિત કરવા બેઠકમાં માર્ગદર્શન આપ્યું હતું. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આ રોગચાળા સામે રક્ષણ આપતા ઉપાયો આશા વર્કર બહેનો આંગણવાડી કાર્યકર બહેનો નર્સ બહેનો જેવા પાયાના કર્મીઓ દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં હાથ ધરવા પણ સૂચન કર્યું હતું. તો બીજી તરફ, રાજ્યમાં ચાંદીપુરા વાઈરસની સ્થિતીની લઈને સરકાર એલર્ટ મોડ પર આવી ગઈ છે. ગ્રામ્ય વિસ્તારો બાદ ગાંધીનગક-અમદાવાદમાં પણ શંકાસ્પદ કેસ નોંધાયા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશની હેલ્થ વિભાગની પોતાની હોસ્પિટલોને તાકીદ કરી છે. એલજી, શારદાબેન અને વીએસ હોસ્પિટલોને ખાસ તાકીદ કરાઈ છે. ચાંદીપુરા વાયરસના લક્ષણો ધરાવતા દર્દી આવે તો તુરંત ઉચ્ચ કક્ષાએ જાણ કરવા જણાવાયું છે. ચાંદીપુરા શંકાસ્પદ કેસની એએમસી દ્વારા સીધી રાજ્ય સરકારમાં જાણ કરાશે. હાલ મ્યુનિસિપિલ કોર્પોરેશન ચોપડે શહેરમાંથી એકપણ શંકાસ્પદ કેસ નથી. પરંતુ અમદાવાદ શહેરના બે શંકાસ્પદ કેસ અસારવા સિવિલ હોસ્પીટલમાં રિપોર્ટ થયા છે. હાલ શંકાસ્પદ કેસના સેમ્પલ લેબોરેટરી ટેસ્ટીંગ માટે પુણે મોકલાયા છે. રાજકોટમાં ચાંદીપુરા વાયરસને લઈને મોટા સમાચાર આવ્યા છે.

### રસ્તા પર રહેવાનો વારો આવ્યો

# સુરતમાં મકાન ખાલી કરાવતા ૧૦ હજાર લોકો બેઘર બન્યા

## મકાનો ખાલી કરવા માટે તંત્રએ પાણીની લાઈન, ગટરની લાઇન અને વીજળી કાપીને લોકોને ઘર ખાલી કરવા મજબૂર કર્યા હતા


। (એજન્સી) સુરત, તા.૧૮ ।

થોડા દિવસ પહેલા સુરતના સચિન વિસ્તારમાં છ માળનું મકાન ધરાશાયી થતા સાત લોકોના મોતને ભેટ્યા હતા. ઘટના બાદ મહાનગરપાલિકાએ જર્જરિત મકાનોને યુદ્ધના ધોરણે ખાલી કરાવવાનું કામ શરૂ કર્યું છે. ત્યારે સચિન ૨ હજારથી વધુ મકાનો ખાલી કરાવી દેતા રહેવાસીઓને ભર ચોમાસે બિસ્તરાં-પોટલા લઈને રસ્તા પર રહેવાનો વારો આવ્યો છે. જ્યારે કોઈપણ દુર્ઘટના સર્જાઈ ત્યારે તંત્ર હરકતમાં આવે છે અને કામગીરી શરૂ કરે છે. જોકે આવી ઘટનાઓમાં માત્ર મરો સામાન્ય લોકોનો થાય છે. સુરતના સચિન વિસ્તારમાં છેલ્લા ત્રણ વર્ષથી મકાન ખાલી કરવા માટે તંત્ર દ્વારા અનેક વખત નોટિસ ફટકારી હતી. જો કે, રહેવાસીઓએ ખાલી કરતા ન હતા અને તંત્ર ધ્યાન પણ આપતું ન હતું. પણ થોડા દિવસ પહેલા જ મકાન ધરાશાયી ઘટનામાં સાત લોકોના મોતના સમાચાર સામે આવતા તંત્ર હરકતમાં આવ્યું છે.

વિસ્તારમાં મકાન ખાલી કરવા યુદ્ધના ધોરણે તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. ૨૬૬૬ આવાસોમાં ૧૦ હજારથી વધુ લોકો રહેતા હતા આ મકાનો ખાલી કરવા માટે તંત્રએ પાણીની લાઈન, ગટરની લાઇન અને વીજળી કાપીને લોકોને ઘર ખાલી કરવા મજબૂર કર્યા હતા. તેમ છતાંય સ્થાનિકોએ ઘર ખાલી ન કરતા પોલીસ તંત્ર પહોંચ્યું હતું. ભરચોમાસે અમે ક્યાં રહીશું અને ભાડેથી મકાનો પણ મળતા નથી, તેમ કહીને સ્થાનિક લોકોએ આજીજી કરી હતી. સામાન સાથે રસ્તા પર બેસેલા અંજાત શેખે કહ્યું કે, અમે ૨૦ વર્ષથી અહીં રહેતા હતા પરંતુ તંત્રએ અચાનક મકાન ખાલી કરાવી દેતા અમારી હાલત ખરાબ થઈ છે. અમે રોજી કમાવીને રોજે ખાનારા છીએ, અમે મકાન ભાડે રાખવા માટે ડિપોઝિટના પૈસા ક્યાંથી લાવીશું. તેમણે કહ્યું કે, વરસાદમાં અમે બાળકો સાથે ક્યાં ભટકીશું. અંજાત શેખે કહ્યું કે, આસપાસના વિસ્તારમાં મકાનનું ભાડું ૫ હજારથી વધારીને ૧૦ હજાર કરી દીધું છે. ડિપોઝિટ પણ ૫૦ હજાર રૂપિયા સુધીની છે. જો કે, મકાન તોડી પાડતા પહેલા તંત્રએ વૈકલ્પિક જગ્યાની વાત કરી હતી, પરંતુ તાત્કાલિક મકાન ખાલી કરાવી આ પરિવાર બિસ્તરાં-પોટલા લઈને રસ્તા પર બેસવાનો વારો આવ્યો છે.

જોકે આ વિસ્તારમાં રહેતા તમામ લોકો પોતાનો સરસામાન ક્યાંક મૂકીને મકાન શોધવા નીકળી પડ્યા છે. તો કેટલાક લોકો અત્યારે પણ જૂના મકાનોમાંથી પોતાનો સામાન કાઢી રહ્યા છે. લોકોનું કહેવું એટલું જ છે કે તેઓએ મત આપી સરકારને ચૂંટણી જીતાડી પણ આ સરકાર તેમને રસ્તા પર લાવી દીધા છે. આખો દિવસ કમાવીએ ત્યારે જઈને સાંજે ચૂલો ચાલે છે.

# થરા મોદી નગર કોલેજ રોડ પર ગાંડા બાવળ ગંદકી દૂર કરવા રહીશોની માંગ

તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

। (પ્રતિનિધી) થરા, તા.૧૮ ।

કાંકરેજ તાલુકાના થરા નગર પાલિકા વિસ્તારમાં આવેલ મોદી નગર, તખતપુરા તેરવાડીયા વાસ ગોગા મહારાજ મંદિર પાસે ઈન્દિરા નગર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ રોડ પર છેલ્લા કેટલાક સમયથી ગાંડા બાવળના ઝૂંડ જેમાં કેટલાક અસામાજીક તત્વોએ જુગારના અડ્ડા તથા ભૂંડ ગટરના પાણી ગંદકી રખડતા આખલા ગાયોનો ત્રાસ એટલાં બધાં વધ્યા છે કે કોલેજ જતાં વિદ્યાર્થી ભાઈ બહેનો આ ગંદકી બાવળની ઝાડીને કારણે ભય અનુભવે છે તેને દૂર કરવા રહીશોની માંગ છે.થરા નગર પાલિકા સફાઈના નામે ડીઝલનો ધુમાડો ઉડાડતા વાહનોને મજૂરો તેમના મુકાદમને આ બદી કેમ દેખાતી નથી. વોર્ડના ચૂંટાયેલા સભ્યો કોર્પોરેટર શું કરે છે ? આ વિસ્તારના એક જાગૃત નાગરિકે લેખિત મૌખિક રજૂઆતો કરી હોવા છતાં તંત્ર મૌન બની તમાશો જુવે છે.ત્યારે હવે ફરિયાદ કરવી ક્યાં ?

## રાજ્યમાં આગામી સપ્તાહે પડશે સાર્વત્રિક ધોધમાર વરસાદ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

ગુજરાત માટે વરસાદને લઈને મોટા અને રાહતના સમાચાર એ છે કે, આગામી બે દિવસમાં બંગાળની ખાડીમાં લો પ્રેશર બની રહ્યું છે. જે ઓરિસ્સા, મધ્યપ્રદેશ થઈને ઉત્તર પશ્ચિમ દિશામાં ગુજરાત-રાજસ્થાન તરફ આગળ આવશે. આ વરસાદી સિસ્ટમ ગુજરાત અને રાજસ્થાનમાં ધોધમાર અને સાર્વત્રિક વરસાદ આપશે. ગુજરાત ઉપર વરસાદી સિસ્ટમ સર્જાઈ છે. જેમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાતથી લઈને કેરળના દરિયાકાંઠે ઓફશોર ટર્ફ બન્યું છે. શિયર ઝોન પણ નીચલા અને મધ્ય સ્તરે છે. જે ધીમી ધીમે દક્ષિણ તરફ સરકી રહ્યું છે. તો કચ્છથી લઈને ઉત્તર પૂર્વ અરબી સમુદ્ર સુધીમાં સાયક્લોનિક સરક્યુલેશન આકાર પામ્યું છે. જો કે ગુજરાત માટે મોટા અને રાહતના સમાચાર એ છે કે, આગામી બે દિવસમાં બંગાળની ખાડીમાં લો પ્રેશર બની રહ્યું છે.

## ૨૦ જુલાઇ ૨૦૨૪ ના રોજ સાણંદ-છારોડી સેકશનમાં સ્થિત રેલવે ક્રોસીંગ નં. ૨૨ A, ૨૩ અને ૨૫ બંધ રહેશે

। અમદાવાદ, તા.૧૮ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના સાણંદ સ્ટેશન પર નોન-ઈન્ટરલોકિંગ કામને કારણે સાણંદ-છારોડી સેકશન વચ્ચે સ્થિત રેલવે ક્રોસિંગ નંબર ૨૨છ ચેખલા ફાટક (km૫૨૪/૧૮-૨૦), રેલવે ક્રોસિંગ નંબર ૨૩ લાયપુરા ફાટક (km૫૨૫/૧૬-૧૮) અને રેલવે ક્રોસિંગ નંબર ૨૫ વાસણા ફાટક (Km૫૨૭/૨૮-૩૦) ૨૦ જુલાઈ ૨૦૨૪ ના રોજ સવારે ૦૬.૦૦ વાગ્યા થી ૨૧.૦૦ વાગ્યા સુધી બંધ રહેશે. સડક ઉપયોગકર્તા આ સમયગાળા દરમિયાન રેલવે ક્રોસિંગ નંબર ૨૯ (ખોડા રેલવે ફાટક), રેલવે ક્રોસિંગ નંબર ૩૭ (સચાણા ગામ રેલવે ફાટક), રેલવે ક્રોસિંગ નંબર ૨૪ (લાયપુરા રેલવે ફાટક) અને રેલવે ક્રોસીંગ નં. ૨૬ (વાસના રેલવે ફાટક) નો ઈસ્તેમાલ કરી શકે છે.

### તાવ શરદી ખાંસીને ઝાડા ઉલટીના કેસોમાં વધારો

# અંબાજી બન્યું ગંદકીનું હબ રોગચાળો ફાટે તેવી સ્થિતિ

## હાલ તબક્કે જે રીતનો વરસાદ પડ્યો હતો તેને લઇ અનેક જગ્યાએ ગંદા પાણીના ખાબોચિયા જોવા મળી રહ્યા છે

। (એજન્સી) બનાસકાંઠા, તા.૧૮ ।

હાલના તબક્કે જે રીતે ચાંદીપુરા નામના વાયરસે પ્રજામાં પગ પેસારો કર્યો છે જેને લઈ બાળકોના મોત પણ નીપજી રહ્યા છે. યાત્રાધામ અંબાજી પંથકમાં થોડાક જ વરસાદ બાદ ઠેક ઠેકાણે દુર્ગંધ મારતી ગંદકીનો ખડકલો જોવા મળી રહ્યો છે. રાહદારીઓ પણ આવી ગંદકીમાંથી પસાર થવા મજબુર બન્યા છે. પરિણામે કોઈને કોઈ રોગચાળાનો ભોગ પણ બનતા હોય છે. હાલ તબક્કે જે રીતનો વરસાદ પડ્યો હતો તેને લઈ અનેક જગ્યાઓએ ગંદા પાણીના ખાબોચિયા જોવા મળી રહ્યા છે. આ પાણીના ખાબોચિયામાં મચ્છરોનો ઉપદ્રવ સ્પષ્ટ પણે જોઈ શકાય છે. જે મચ્છરો અનેક રોગોને નિમંત્રિત કરી શકે છે. અંબાજીમાં વરસાદ બાદ જે રીતે અનેક સ્થળોએ ગંદકીના ઢગ જોવા મળે છે તેની સામે દવા છાટવાની કે પછી ગંદકી ઉપાડવાની કામગીરીમાં શૂન્યવકાશ જોવા મળી રહ્યો છે. જો આજ રીતે પરિસ્થિતિ રહેશે તો જે રીતે ગુજરાતમાં ચાંદીપુરા રોગે પગ પેસારો કર્યો છે તેવા અન્ય રોગચાળો પણ ફાટી નીકળવાની ભીતિ સેવાઈ રહી છે. અંબાજી તેમજ આસપાસની ગંદકી દૂર કરવા અંબાજી વિકાસ સતા મંડળને યાત્રાધામ વિકાસ બોર્ડ વર્ષે નવ કરોડ જેટલી માતબર રકમની ચુકવણી કરાતા હોવાનું ભારે ચર્ચાસ્પદ બન્યું છે. જે એક તરફ નવ કરોડ જેવી માતબર રકમને બીજી તરફ ઉડીને આંખે વળગે તેવી બે સુમાર ગંદકી જોતા નવકરોડનું સ્થાન ક્યાં હશે તે મોટો પ્રશ્ન છે. એટલું જ નહિ જે રીતે અંબાજીમાં ગંદકીની ભરમાળ જોવા મળી રહી છે. તેજ રીતે વિવિધ રોગોને લઈ દર્દીઓની ભારે ભીડ અંબાજીની આ હોસ્પિટલમાં જોવા મળી રહી છે. અંબાજીની આ હોસ્પિટલમાં રોજની હજાર જેટલી ઓ થઈ રહી છે, ત્યારે આ ૫૦ બેડની હોસ્પિટલમાં દર્દીઓથી તમામ ખાટલા ભરેલા જોવા મળી રહ્યા છે. એક તરફ ગંદકી ગુલબાંગ પુકારી રહી છે ત્યારે બીજી તરફ દર્દીઓ વહીવટીતંત્ર સામે નિસાસા નાખી રહ્યા છે, હાલમાં તાવ શરદી ખાંસીને ઝાડા

## મેફેડ્રોન બનાવતી સુરતની ફેક્ટરીમાં ATSની રેડ

। (એજન્સી) સુરત, તા.૧૮ ।

સુરત જીલ્લાના પલસાણા તાલુકાના કારેલી ગામમાં ગેરકાયદેસર મેફેડ્રોન બનાવતી ફેક્ટરીમાં અમદાવાદ એટીએસ દ્વારા રેડ કરી ૫૧.૪૦૯ કરોડનાં નશીલા માદક પદાર્થ મેફેડ્રોન સાથે ત્રણ ઈસમોની ધરપકડ કરી કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે. ગુજરાત એટીએસ ડીવાયએસપી એસ એલ ચોધરીએ પત્રકાર પરિષદને સંબોધન કરીને જણાવ્યું હતું કે ટેકનીકલ તથા હ્યુમન રીસોસીસ દ્વારા અમોને સુરત જીલ્લાના પલસાણા તાલુકાના કારેલી ગામમાં ગેરકાયદેસર નશીલા માદક પદાર્થ મેફેડ્રોનનું મેન્યુફેક્ચર થઈ રહ્યું હોવાની બાતમી મળી હતી. જે આધારે વોચ ગોઠવી સુરત તથા વલસાડ એસઓજીની મદદથી ફેક્ટરીની જગ્યાએ રેડ કરી ૪ કિલો મેફેડ્રોન તથા ૩૧.૪૦૯ કિલો લિક્વીડ મેફેડ્રોન જેની કિંમત રૂ. ૫૧.૪૦૯ કરોડનો મુદામાલ કબ્જે વાપીનાં સુનીલ રાજનારાયણ યાદવ અને વરાછા સુરતનાં વિજય જેઠાભાઈ ગજેરાની સહિત કુલ ત્રણની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### ૨૧ જુલાઈના રોજ વડોદરા મંડળના

# કનીજ સ્ટેશન પર ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગના કામને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

। અમદાવાદ, તા.૧૮ ।

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ પર વડોદરા-ગૈરતપુર સેક્શનના કનીજ સ્ટેશન પર ૨૧ જુલાઈ ૨૦૨૪ના રોજ નવા ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ કામ માટે પ્રસ્તાવિત બ્લોકને કારણે અમદાવાદ મંડળ થી દોડતી/પસારથતી કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. જેની વિગતો નીચે મુજબ છેઃ-

**૨૧ જુલાઈ ૨૦૨૪ની રોજ પૂર્ણતઃ નિરસ્ત ટ્રેનો**

૧. ટ્રેન નંબર ૧૯૦૩૬ અમદાવાદ-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ
૨. ટ્રેન નંબર ૧૯૦૩૫ વડોદરા-અમદાવાદ ઈન્ટરસિટી એક્સપ્રેસ
૩. ટ્રેન નંબર ૦૯૪૯૫ વડોદરા-અમદાવાદ મેમુ સ્પેશિયલ
૪. ટ્રેન નંબર ૦૯૪૯૬ અમદાવાદ-વડોદરા મેમુ સ્પેશિયલ
૫. ટ્રેન નંબર ૦૯૪૦૦ અમદાવાદ-આણંદ મેમુ સ્પેશિયલ
૬. ટ્રેન નંબર ૦૯૩૯૯ આણંદ-અમદાવાદ મેમુ સ્પેશિયલ
૭. ટ્રેન નંબર ૦૯૩૨૮ અમદાવાદ-વડોદરા મેમુ સ્પેશિયલ
૮. ટ્રેન નંબર ૦૯૨૭૩ વડોદરા-અમદાવાદ મેમુ સ્પેશિયલ
૯. ટ્રેન નંબર ૦૯૩૧૨ અમદાવાદ-વડોદરા મેમુ સ્પેશિયલ
૧૦. ટ્રેન નંબર ૨૨૯૬૦ જામનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ
૧૧. ટ્રેન નંબર ૨૨૯૫૯ વડોદરા-જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ

**૨૧ જુલાઈ ૨૦૨૪ ની રોજ આંશિક રીતે નિરસ્ત ટ્રેનો**

૧. ટ્રેન નંબર ૨૨૯૫૩ મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ એક્સપ્રેસને વડોદરા સ્ટેશન પર સૉર્ટ ટર્મિનેટ થશે અને આ ટ્રેન વડોદરા-અમદાવાદ વચ્ચે આંશિક રીતે નિરસ્ત રહેશે.
૨. ટ્રેન નંબર ૧૯૦૩૪ અમદાવાદ-વલસાડ ગુજરાત ક્વીન એક્સપ્રેસ વડોદરા સ્ટેશનથી સૉર્ટ ઓરિજિનેટ થશે અને આ ટ્રેન અમદાવાદ-વડોદરા વચ્ચે આંશિક રીતે નિરસ્ત રહેશે.
૩. ટ્રેન નંબર ૦૯૩૧૧ વડોદરા-અમદાવાદ મેમુ સ્પેશિયલ આણંદ સ્ટેશન પર સૉર્ટ ટર્મિનેટ થશે અને આ ટ્રેન આણંદ-અમદાવાદ વચ્ચે આંશિક રીતે નિરસ્ત રહેશે.

ટ્રેનોના સ્ટોપેજ નો સમય અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરી ને તમે www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકો છો.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨